RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 12, Year: 71, March 2025, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જાન્યુઆરી -૨૦૨૫) સુધીમાં ૨૮૫૨૧ - જીવો છોડાવેલ છે.** તથા ઘાસ - ૯૦૮૬૦ કિલો, ગોળ - ૧૧૨૨૯ કિલો, કેરીનો રસ - ૬૦૦૦ કિલો, લાપ્સી - ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ (૧૦ મહિના) માં ટોટલ ૩૦૨૨ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

Bank Name : AXIS BANK LTD.
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820
IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai

Bank Name : BANK OF INDIA
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219
IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.)

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**લી. ટ્રસ્ટીગણ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી** | **જતીનભાઈ ફકીરચંદ**
**પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી** | **શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા**
**વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી** | **ઉષાકાંત સાકેરચંદ ઝવેરી**
**નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી**


**દાન એજ સફળ જીવન**

Advt.

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશનના
## ટ્રસ્ટી શ્રી રમેશભાઈ વોરાને મુંબઈ સમાચાર અખબાર દ્વારા
# ગ્લોબલ ગુજરાતી આયકૉન ઍવોર્ડ ૨૦૨૫ પ્રાપ્ત થયેલ છે




# સબ કા સાથ, સબ કા વિકાસ : રમેશ વોરા



**ઝાલાવાડી સભાના ટ્રસ્ટીઓ/હોદ્દેદારો તથા કારોબારી સભ્યો તરફથી ખૂબ ખૂબ અભિનંદન**

ચાર દાયકા પહેલાં મુંબઈથી દુબઈની સફર ખેડીને અહીંના જ થઈને રહી ગયેલા બાફલેહ ગ્રુપના ચેરમેન અને એમડી રમેશ ભોગીલાલ વોરા દુબઈના ગુજરાતી સમાજનો માનવંતો ચહેરો છે. જ્વેલરી ઈન્ડસ્ટ્રીમાં તેમના અનન્ય યોગદાનને ધ્યાનમાં લઈને ૨૦૦૬માં જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના માનદ સભ્ય તરીકે તેમની વરણી કરવામાં આવી હતી અને તેઓ આજે પણ મિડલ ઈસ્ટ કો-ઓડિનેટરની પોઝિશન પર છે. ૧૯૯૨માં રમેશ વોરા અને કવૈદર અબુબકર બાફલેહએ બાફલેહ જ્વેલરીનો પાયો નખાયો. આજે કંપનીની ૧૮ કેરેટ, ૨૧ અને ૨૨ કેરેટની જ્વેલરી માં ડીલ કરે છે. બાફલેહ જ્વેલરીથી શરૂ થયેલી સફર આજે દુબઈની આઈક્રોનિક હોલસેલર બ્રાન્ડ સુધી પહોંચી ગઈ છે. દુબઈમાં કંપનીના ૬ રિટેઈલ શોપ છે. બાફલેહ જ્વેલરી દ્વારા તૈયાર કરવામાં આવેલી જ્વેલરી સિંગાપુર, મલયેશિયા, હોંગકોંગ, ઈન્ડિયા, ઈટલી, તૂર્કી, યુએઈ, બહેરીન અને કુવૈતમાં પોતાની યુનિક, ક્વોલિટી અને વેરાઈટીથી લોકોના મન મોહી રહી છે.

Advt.

# BIO-DATA

"Jai Jinendra"

## PERSONAL DETAILS



| | | |
|---|---|---|
| Name | : | KUSHAL ASHISHBHAI SHAH |
| Date of Birth | : | 9th October, 2001 |
| Birth Time | : | 12:12 PM |
| Height | : | 5'8" |
| Weight | : | 76kg |
| Place of Birth | : | Surendranagar |
| Blood Group | : | A+ |
| Religion | : | Dasha Shrimali Sthanakwasi Jain |
| Education | : | 1. Bachelor of Optometrist (Gujarat University First) from Nagri School of Optometry<br>2. Certified Internship from Sankara Nethralaya, CHENNAI<br>3. Persuing MBA from Amity University |
| Occupation | : | Family Business<br>1. Deep Optic Plus, Vastrapur, Ahmedabad<br>2. Deep Enterprise, Ahmedabad<br>3. Deep Chasma Ghar, Surendranagar |
| Hobbies | : | Music, Long Driving, Cricket, Movies |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father's Name | : | Ashish Rajendrabhai Shah |
| Occupation | : | Optical Showroom (Deep Optics Plus, Vastrapur, Ahmedabad) |
| Mother's Name | : | Minal Ashish Shah (House Wife) |
| Brother | : | Naman Ashish Shah (Studing In 3rd yr B. optometry from)<br>Nagri School Of Optometry-Ahmedabad) |
| Address | : | Prayag Residency, Flat No. A-103 &104<br>Opp. Nirma School, B/h.Grand Bhagwati Hotel, Bodakdev, Ahmedabad. |
| Native Place | : | Surendranagar |

## PATERNAL FAMILY

| | | |
|---|---|---|
| Grandfather | : | Rajendrabhai Shantilal Shah (RAJUBHAI) |
| Grandmother | : | Divyaben Rajendrabhai Shah |
| Fiya | : | 1. Param Pujya Viranshiji Mahasatiji<br>2. Param Pujya Asthaji Mahasatiji<br>(Diksha in GyangachhSamprday) |

## MATERNAL FAMILY

| | | |
|---|---|---|
| Grandfather | : | Jaysukhlal Chhotalal Shah |
| Grandmother | : | Rekhaben Jaysukhlal Shah |
| Mama | : | 1. Vishal Jaysukhlal Shah, Ahmedabad<br>2. Viral Jaysukhlal Shah, Ahmedabad |

## CONTACT DETAILS

| | | |
|---|---|---|
| Rajubhai Shah | : | 9879593123 |
| Ashish Shah | : | 9426903321 |
| E-mail Address | : | ashish.deepoptics@gmail.com |

Advt.

## BIO-DATA



# MAULIK JIGNESH SHAH

Chicago, Illinois, USA

Kandivali, Mumbai

+1-857-379-3524

maulik0221@gmail.com

F1 STEM OPT Visa

Looking for someone independent, ambitious, respectful, values religion, and has an ability for mutual understanding.

## PERSONAL DETAILS

**Date of Birth:** 21 February 1997, 09:40 AM
**Birth Place:** Joravarnagar
**Height:** 5'11"
**Weight:** 65 kg
**Native Place:** Rampura (Wadhwan)
**Caste:** Zalawadi Vishashrimali Sthankwasi Jain

## QUALIFICATION

**MS** in Data Analytics Engineering at Northeastern University, Boston, USA
**B.E.** in IT at Shah & Anchor Kutchhi Engineering College, Mumbai
**Diploma** in IT at Shri Bhagubhai Mafatlal Polytechnic, Mumbai

## PROFESSIONAL EXPERIENCE

Senior Associate Data Engineer at Discover Financial Services, Chicago, USA **(Current)**
Former Data Engineer at Bitwise Inc., Pune

## INTERESTS

Cricket, Badminton, Hiking, Cooking, Baking, Road trips, Stargazing, Watching Movies

## FAMILY DETAILS

**Father:** Jignesh Trambaklal Shah, 9820799255
Business: **Maulik Enterprises**
(Distributors of Paints and Chemical)
**Mother:** Alka Jignesh Shah (Housewife), - 9773999450
**Younger Brother:** Manak J Shah, (Working at TCS, Mumbai)
**Grandfather:** Late Shri Trambakal Manglajibhai Shah
**Grandmother:** Late Smt Induben Trambakal Shah
**Uncle:** Jashvantbhai Trambakal Shah - 9773999421
Founder: Shree Vardhman Jain Seva Kendra, Kandivali (East). (Business)
Kiritbhai Trambakal Shah - 9773999423 (Business)
**Aunt:** Rekhaben Jashvantbhai Shah-9773999422
Pinaben Kiritbhai Shah - 9773999424

## MATERNAL

**Nana:** Late Shri Dhirajlal Nagardas Shah (Kukdawala)
**Nani:** Smt. Manjulaben Dhirajlal Shah, Borivali
**Mama:** Kalpeshbhai Dhirajlal Shah - 9869035135
Bhaveshbhai Dhirajlal Shah - 9821539324
**Masi:** Jayshreeben Rajeshbhai Vasani - 7977254610

## RESIDENCE

**Address 1:** 21/B-3, Vyom Society, Damodarwadi, Ashok Nagar, Kandivali-East, Mumbai - 400 101.
**Address 2:** Palkhi Mrda, 1001, Near Ashok Gram Jain Temple, Kandivali-East, Mumbai - 400 101.

**COMING IN INDIA : April 13th - 10th May 2025**

Advt.

# Janvi Shah

**Washington DC USA**
**Sept. 1994**



I would like a partner who
is family-oriented,
educated, and positive-minded.

**Name**
**Janvi Shah : +1 315 708 3124**
**16.09.1994/8.13.pm/Mumbai/5'.6"**
**Visa : H-1B**

**Family Details**

**Father : Umesh M Shah.**
**+91 98205 55821 (BE Chem)**

**Mother : Late Purnima Umesh Shah**

**Uncle : Bharat M. Shah +91 9820698108**

**Elder Brother : Shekhar U. Shah +1 315 391 8220**
**MIS, Syracuse University,**
**Senior Manager,**
**Earnst & Young, USA.**

**Sister-in-law : Carolynne Shekhar Shah ( USA)**

**Residence : I-203 Niranjan Soc, Chikoowadi,**
**Borivali (w), Mumbai, 400092**

**Religion : Visha Srimali Sthanakvasi Jain**
**Native Place : Botad**

## JOURNEY TILL DATE

| | | |
|---|---|---|
| Johns Hopkings | 2020 - 2021 | MS in Info. Systems |
| Penn State Law School | 2016 - 2019 | Juris Doctor |
| D.J. Sangvi College Of Engineering | 2012 - 2016 | B.E. Computer Engineering |

## Work

| | | |
|---|---|---|
| Dority & Manning | 2019 - 2020 | Associate Attorney |
| Sughrue Mion Plic, Washington DC | 2021 - Till Date | Associate Attorney |

VISITING MUMBAI DURING MARCH - 2025

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

માર્ચ ૨૦૨૫
વર્ષ : ૭૧ : : અંક : ૧૨
: તંત્રી :
શ્રી શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
**મો.: ૭૨૦૮૪૭૨૮૮૪**
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા ઑફિસના કામકાજનો સમય સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦**

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# કર્મ

પ્રભુ તારા મંદિરના ખુલ્યા દ્વાર
માનવીએ પગરખા ઉતાર્યા બહાર
અંદર ઉતાર્યો દિલના અભરખાનો ભાર
હરિ, તો એ તું ઉદાર, સાંભળી લે, તું સૌની વાત

કર્મ તણી વાત વિસારી સાવ
માનવ કરે તારી પાસે સુખની માગ
ચડાવીશ શ્રીફળ, પ્રભુ તને પાંચ
ઘીના તે દિવા કરીશ સાત

આમ તો કર્મ બંધન થાય
વાયુ કાયની હિંસા થાય
માનવ કરે જો કોઈની સેવા સાચ
રાખે જો સર્વ જીવ પ્રત્યે દયા ભાવ

કર્મ બંધન તૂટતા જાય
ને શુભ કર્મના ખૂલે દ્વાર
સુખ દુ :ખ એ મનની વાત
હરિ મારો મોટા મનનો જાણ

– વિમળા ધીરજલાલ શાહ

# સહિયારું સુખ-દુઃખ

**ગુણવંત બરવાળિયા**

આવી આગ શાથી લાગી ? નહોતું કોઈ બીડીનું સળગતું ઠુઠું કે નહોતી કોઈએ જાણીબુઝીને ચિનગારી ચાંપી ! દેવીના વળને દિવસે નૈવેદ્ય હતાં. આજે એ કોળિયાઘરમાં માતાના પ્રતીક આગળ દીવો પ્રગટાવ્યો હતો, જ્યાંદીવો ઝગતો હતો ત્યાં પાસે જ ઘાસ પડ્યું હતું. જોઈએ તો દીવો ઊંધો પડી ગયો કે જોઈએ તો ઉંદરભાઈએ ઝગતી દિવેટ ખેંચી ઘાસ સાથે લગાડી દીધી. બેમાંથી એક બન્યું હોવાનું અનુમાન છે. ઘાસ અને આગ બન્નેનો સંયોગ ભેગો થાય પછી પૂછવું જ શું ? જોતજોતામાં લાય ધગી ઊઠી. અગ્નિ જ્યારે આ રીતે ભભૂકતો થાય છે, ત્યારે જોતાં વાર ભલભલા વીરનાં હૈયાં ધ્રૂજી જાય છે. કેવો એ ચિતાર ! હાય હાય અમારું ઘર બળી ચાલ્યું એમ કહી કોઈ હૈયાફાટ રુદન કરવા લાગે છે, કોઈ અરર કહેતાં કહેતાં ગભરાઈ જાય છે. આમથી તેમ દોડે છે, પણ શું કરવું, તે સૂઝતું નથી. તો વળી કોઈ દાંતીઓ, ધારિયાં લઈ ઉપર દોડી જાય છે. સાચવજે એ ભાઈ, એમ વડીલ નીચે ઊભા સૂર કાઢે છે. કોઈ પાણી લાવો પાણી કહી ઘાંટા પાડે છે. મિનિટો વીતતી જાય છે. હવે કામનું વાતાવરણ કંઈક જામતું જાય છે. પાણી લાવનારાઓની આછીપાતળી કતાર લાગી ગઈ છે. ઠેઠ હવાડામાંથી પાણી લાવવા માંડે છે. આમ પોણા કલાકે આગ ઉપર પૂરતો કાબૂ આવી ગયો.

હવે ઘણા માણસો કામમાંથી નિવૃત્ત થાય છે. તેમાંથી પાંચ આગેવાનો લાઈનબંધ મકાનોની તપાસ કરે છે. ૪૫ મિનિટની આગની ઝપેટ લપેટમાં શું શું થયું તેનું તારણ કાઢવા નીકળી પડ્યા છે. સહુથી પ્રથમ તો એ વાતનો સંતોષ થાય છે કે આ આકસ્મિક લાગેલી આગમાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ બે વ્યક્તિના બળદ અને ગાયનું સંગ્રહેલું ઘાસ બળી ગયું હતું. ત્રણ માનવીનાં ઘરનાં છાપરાના વાંસ-ઘાસ અને નળિયાથી માળેલો ભાગ બળી ગયો હતો અને એક માજીના નવા જ મકાનનો માળેલો ભાગ પૂરો ભસ્મીભુત થઈ ગયો હતો. આગેવાનો માજીને પૂછે છે, માજી, કોનું ઘર બળ્યું ? માજી કહે, મારું. આગેવાનો કહે, માજી, તમારું નથી બળ્યું, ગામનું બળ્યું છે.

થોડી જ વારમાં ગામલોકો ભેગા થયા. વાંસ, ઘાસ અને પરચુરણ ખર્ચનો હિસાબ માંડ્યો. ગ્રામસભામાં સરપંચે કહ્યું કે, આટલાં કુટુંબોનું આ આગમાં નુકસાન થયું છે. હમણાં જ આપણે મુનિશ્રી સંતબાલજીને સાંભળ્યા. તેમણે કહ્યું કે, 'પારકાનું દુઃખ એ મારું જ દુઃખ છે' એવો અનુભવ કરી તેનો ઉકેલ લાવવો તે જ ધરમ છે ને આપણે તો બધા એક ગામના ભાયું કહેવાઈએ; તો આપદાને સમયે એકબીજાને પડખે ઊભા રહેવું એવો મા'રાજનો ઉપદેશ સાંભળીએ છીએ તો આ જ જીવનમાં ઊતારવાની ઘડી છે. સાંતી દીઠ બળી ગયેલા ઘાસ અને વાંસનો વરાડ નક્કી થઈ ગયો. ગામવાળા બધા સંમત છે. કેટલાક દાડિયાઓ એ આપી શકે તેમ ન હતા એ લોકોએ માળવાનું અને રીપેર કરવાની મજૂરી કરવાનું સ્વેચ્છાએ સ્વીકાર્યું.

સંતોના શબ્દો શબદમાં સંજીવની પ્રગટાવે. ફાયરબ્રિગેડ કે વીમા કંપની વિના સમસ્યાનો ઉકેલ, કેવો ચમત્કાર ! ક્યાં સવા કલાક પહેલાં આખા ગામમાં ફેલાયેલો ગભરાટ ! કેવાં પરિશ્રમી અને આગ સામે લડવામાં લાગી ગયેલાં બહાદુર નર-નારીઓ અને ક્યાં આ સક્રિય સાંત્વનથી શાંત શીતળ થયેલું વાતાવરણ ! સુખ-દુઃખમાં સૌ ઠેર ઠેર, આવું સહિયારું થાય તો પછી રામરાજ્ય આવવામાં બાકી શું રહે ?

❖❖❖

**મા**ત્ર જીવદયાથી અટકી જવાનું નથી. આપણે આગળ અનુકંપા સુધી પહોંચવું છે. અહીં સમાનાભૂતિની વાત છે, સામેવાળા પાત્રની પીડા કે દુઃખ છે. તે પીડાનું વેદન અનુભૂતિ હું કરું અને પછી તે વેદના તેને ઓછી કેમ થાય, તેનું દુઃખ દૂર કેમ થાય, તેનો પુરુષાર્થ એ જ અહિંસાનું હાર્દ પાસું છે. વિશ્વવાત્સલ્યના સંવાહક મુનિ સંતબાલ ભાલ પ્રદેશના નાના ગામોમાં ફરી કુરૂઢી અને ચોરી ત્યાગ ઉપરાંત વ્યસનમુક્તિનું અભિયાન ચલાવી એક આદર્શ લોકશિક્ષકની ભૂમિકા નિભાવી રહ્યા હતા. ધર્મ અમારો એકમાત્ર એ સર્વ ધર્મ સેવા કરવી :

મુનિની ધર્મસભામાં પ્રાર્થનાના ગુંજારવથી વાયુમંડળ પવિત્ર બની રહ્યું હતું. તેવામાં જ અચાનક બૂમ : દોડો, દોડો, લાય લાગી છે. કાર્યકર ભાઈઓ આગના સ્થળે દોડી ગયા. ગામલોકોની મદદમાં લાગી ગયા. ગામના આ વિસ્તારમાં ગરીબ લોકો રહેતા હતા, માટીનાં કાચાં મકાન અને છાપરાં વાંસ અને નળિયાથી માળેલા એ વિસ્તારમાં આગ લાગી. ગામલોકોના અવાજ ચાલુ હતા : 'લાવો અલ્યા દાંતીઓ, લાવો'. થોડી જ વારમાં દાંતીઓ, ધારિયાં, કોદાળા, ટોપલા હજાર થયાં. સવાલ થશે કે કોદાળા, ટોપલા તો માટી ભરવાના કામમાં લાગે, પણ અહીં દાંતીઓ અને ધારિયાનું શું કામ ? અગત્યનું કામ તો એ સાધનોએ જ કર્યું. ઝપાટાબંધ વધે જતી અને બીજાં મકાનાને ભરખવા જતી આગને આ સાધનોએ જ છૂટી પાડી નાખી. કડડભૂસ કરતાં તૂટેલાં વળી વાંસડાઓ ધરતી પર ઢળી પડતા હતાં. એક બાજુથી વધતી આગ બંધ થઈ, તો બીજી વાજુ એ આગને શમાવવાનું કામ પણ સહેલું નહોતું. ધૂળના ટોપલેટોપલા અને પાણીનાં બેડેબેડાં ખાબક્યે જતાં હતાં.



# કરુણા સ્વર્ગનું દ્વાર છે, ક્રોધ નરકનું દ્વાર છે

**મોરારિબાપુ**

**સંકલન - નીતિન વડગામા**

**જા**પાનમાં બૌદ્ધ ધર્મની એક શાખા છે ઝેન. એ ઝેન પરંપરાનું એક દૃષ્ટાંત છે. ઝેન સાધુની પાસે એ વિસ્તારનો એક સરસેનાપતિ જાય છે. સેનાપતિ એના યુનિફોર્મમાં છે. એણે સાધુને પ્રણામ ન કર્યા. સાધુએ સ્વાગત કર્યું. સેનાપતિએ કહ્યું, 'મહારાજ, હું એક પ્રશ્ન પૂછવા આવ્યો છું કે નરકનું દ્વાર કયું છે અને સ્વર્ગનું દ્વાર કયું છે ? ?' 'શું કહ્યું તમે ?' 'મહારાજ, નરકનું અને સ્વર્ગનું દ્વાર કયું છે ?' 'માફ કરજો, શું કહ્યું તમે ?' 'અરે મહારાજ, સ્વર્ગ-નરકનું દ્વાર કયું છે, એ પૂછી રહ્યો છું!' 'તું એ પૂછનારો કોણ ?' 'તું ભલે આર્મી ચીફ હો. મને પૂછનારો તું કોણ ?' 'અરે બાબા, હું લશ્કરનો વડો છું!' 'અરે જા ! એક થપ્પડ મારીશ તો ઊડી જઈશ!' અને જેમ-જેમ એ સંત એને આવી રીતે ટ્રીટ કરતા જતા હતા એમ એના શરીરમાં ક્રોધનો અગ્નિ પ્રજ્વલિત થતો જતો હતો. એણે પોતાની રિવૉલ્વર કાઢી. સાધુએ કહ્યું, 'તારી ગોળી મને કંઈ નહીં કરી શકે.' છેલ્લે સેનાપતિએ તલવાર ખેંચી ત્યારે સાધુએ કહ્યું, 'નરકનું દ્વાર ખૂલી ગયું!' ત્યારે એ માણસને ભાન થયું કે અરે, એ તો જવાબ આપતા હતા અને હું ખોટું વિચારતો હતો ! આંખો ઝળહળી, ચરણ પકડ્યા, 'બાબા, મને ક્ષમા કરો.' પછી એણે તલવાર મૂકી દીધી. સાધુએ કહ્યું, 'નરકનું દ્વાર બંધ થઈ ગયું, અને સ્વર્ગનું દ્વાર ખુલી ગયું.' હું તમને આ વાર્તાના માધ્યમથી એ કહેવા માગું છું કે ક્રોધ નરકનું દ્વાર છે, કરુણા સ્વર્ગનું દ્વાર છે. કરુણા જ એકમાત્ર એવું દ્વાર છે, જ્યાં જીવ પોતાને પૂર્ણ રૂપમાં પામી શકે છે.

તુલસીદાસે 'રામચરિતમાનસ'માં સાતેય સોપાનમાં 'કરુણા' શબ્દનો પ્રયોગ કર્યો છે. 'માનસ'માં અઢાર વાર 'કરુણા' શબ્દનો પ્રયોગ થયો છે. 'કરુણા' શબ્દ બહુ જ મહિમાવંત છે. 'બાલકાંડ'ની એક ચોપાઈ છે -

*જેહિ જન પર મમતા અતિ છોહૂ.*
*જેહિ કરુના કરિ કીન્હ ન કોહૂ.*

આપણા જેવા સંસારી લોકો કોઈ વસ્તુ યા વ્યક્તિમાં મમતા કરે તો દોષ છે, મમતા બંધન છે; પરંતુ એ જ મમતા પરમાત્મા જો જીવ પર કરે તો 'અતિ છોહ' બની જાય છે. 'અતિ છોહ' એટલે અતિ પ્રેમ. અને જે જન પર ઠાકુરની મમતા અત્યંત પ્રેમમાં પરિણમે છે ત્યારે ઠાકુર એક વાર કરુણા કર્યા પછી ક્યારેય ક્રોધ નથી કરતા. સાહેબ, કેટલી કરુણા છે પરમાત્માની ! કેટલી કરુણા ! પરમાત્માની કરુણા તો આસમાન છે, સૌની ઉપર છે. હા, આપણે આપણા પોતાના કારણે એને અનુભવી નથી શકતા, કેમ કે આપણામાં 'જન' થવાની પાત્રતા નથી ! અપવિત્ર પાત્ર શુદ્ધ વસ્તુને અશુદ્ધ કરી દે છે. જે ઘડો મલિન હોય એમાં બિલકુલ અમૃત જેવું દૂધ નાખો તો દૂધ ફાટી જાય છે. દૂધનો દોષ નથી. મલિન પાત્રનો દોષ છે. પરમાત્માની કૃપા અને કરુણા આપણા સૌ પર છે, પરંતુ મનની મલિનતાને કારણે આપણને અનુભવાતી નથી.

મને લાગે છે, કરુણાથી આખું જગત પ્રગટ થયું છે. હું તો સત્ય-પ્રેમ-કરુણા ત્રણ જ લઈને ઘૂમી રહ્યો છું ત્યારે કહું છું, સત્ય હિમાલય છે, પ્રેમ ગંગા છે, કરુણા સાગર છે. બધાંના મૂળમાં કરુણા છે. પુનિત મહારાજની પરંપરામાં ગવાય છે-

***ઓ કરુણાના કરનારા,***
***તારી કરુણાનો કોઈ પાર નથી;***
***મારી ભૂલોના ભૂલનારા,***
***તારી કરુણાનો કોઈ પાર નથી.***

સત્સંગ એટલા માટે છે કે આપણા બધા પર અનંત કરુણાની વર્ષા થાય. સત્સંગથી વિવેક પ્રાપ્ત કરીને આ કરુણાનો અનુભવ કરીએ.

હું કથાઓમાં કહેતો રહું છું કે કરુણઆની પુત્રીનું નામ અહિંસા છે. સત્યનો એક પુત્ર, જેનું નામ અભય છે. પ્રેમનો એક પુત્ર, જેનું

નામ ત્યાગ છે. સત્યથી અભય આવે છે. પ્રેમમાંથી ત્યાગ અવતરે છે અને કરુણાથી અહિંસા ઉત્પન્ન થાય છે. મને કોઈ પૂછી રહ્યું હતું કે 'રામચરિતમાનસ'માં 'અહિંસા' શબ્દ એક જ વાર કેમ છે ? અહિંસા જેવી એક બહુ મોટી વિચારધારા. એનો કેવળ એક વાર જ પ્રયોગ ? મેં કહ્યું કે, તુલસી કદાચ એક કહી રહ્યા છે કે વ્યક્તિના જીવનમાં, પરિવારના જીવનમાં, સમાજના જીવનમાં, પ્રાંતના જીવનમાં, રાષ્ટ્રના જીવનમાં, વિશ્વના જીવનમાં માત્ર એક વાર અહિંસાની પ્રતિષ્ઠા થઈ જાય, તોપણ બેડો પાર થઈ જાય ! અને આ અહિંસા કરુણાની પુત્રી છે. ભગવાન બુદ્ધનો સંદેશ પણ આ દેશ સુધી આવ્યો. બુદ્ધની કરુણાએ અહિંસા આપી. ભગવાન મહાવીરસ્વામી તો અહિંસાનું જ વ્રત લઈને બેઠા હતા. પછી આ પરંપરામાં અનેક લોકો આવ્યા. અને વિશ્વવંદ્ય ગાંધીબાપુએ પણ અહિંસાની વાતો કરી. કરુણા વિના અહિંસા અસંભવ છે.

કરુણા ક્યાંથી પ્રગટ થા છે ? એનું જન્મસ્થાન કયું છે ? ગાયનું દૂધ ક્યાંથી મળે ? ગાય પાસેથી જ. કરુણા ક્યાંથી મળે ? કરુણા મળશે કરુણાનિધાન પાસેથી. ઈશ્વરનું નામ કરુણાનિધાન છે. રામ કરુણાનિધાન છે, પરમાત્મા કરુણાનિધાન છે. અને એ કરુણા મળશે કરુણાનિધાન પાસેથી. કરુણા મળી જશે તો અહિંસા મળી જશે; અહિંસા મળી જશે તો શાંતિ મળે જશે, શાંતિ મળી જશે તો આરામ મળી જશે અને આરામથી વિશ્રામની પ્રાપ્તિ થશે.

'મહાભારત' કરુણાનો ગ્રંથ છે. કૃષ્ણની કરુણા દરેક પાત્રો પર વહી છે. 'મહાભારત'માં સ્યમંતકમણિ વિશે કૃષ્ણ પર વહેમ કરનારા કેટલા છે ! પરંતુ જેમ-જેમ કૃષ્ણ ખુલાસા કરતા ગયા અને જેમ-જેમ એ પાત્રો શરમિંદાં થઈને એમની પાસે આવતાં ગયાં, ત્યારે કૃષ્ણ કોઈનો હાથ પકડીને, ક્યારેક કોઈનો ખભો પકડીને કરુણાનો એવો વરસાદ વરસાવે છે કે સૌનો અપરાધભાવ ગાયબ થાય છે ! કરુણા સિવાય સમસ્યાનો કોઈ વિકલ્પ નથી. કૃષ્ણ જેવા કૃપાલુ કોઈ નથી. એ લીલા અવશ્ય કરે છે, પરંતુ એની પાછળ દ્વેષ નથી. કૃષ્ણે ઉદ્ધવ સમક્ષ 'પ્રેમ' અને 'કરુણા' બે શબ્દોનો પ્રયોગ કર્યો હતો, 'ઉદ્ધવ, પ્રેમ અને કરુણાથી ઊંચો કોઈ ધર્મ નથી.' કૃષ્ણે આગળ કહ્યું કે, 'આસક્તિમુક્ત પ્રેમ કરુણાથી પરિવર્તિત થઈ જાય છે.' આવી કરુણા કૃષ્ણ સમગ્ર ભારતમાં કરતા રહ્યા છે. ડગલે ને પગલે આ માણસની કરુણા છે ! એમના રાસમાં પણ કરુણા છે અને એમના હ્રાસમાં પણ કરુણા છે.

કરુણા મા છે, સ્ત્રી છે, એટલે ધૂળિયાં બાળકને પણ કરુણા ખોળામાં લઈ લે છે. કરુણા બચશે તો પછી સત્ય સાફ-સૂથરું થઈ જશે. પ્રેમનાં ફાટેલાં કપડાંને કરુણા સિલાઈ કરી દેશે, કેમ કે કરુણા માનું પ્રતીક છે. બુદ્ધ વિશ્વની મા છે, બાપ નથી. તુલસી શું માગે છે ? 'કારુણ્યરૂપં કરુણા કરંતં.' કરુણા મા છે, સદ્‌ગુરુ મા છે, લિંગભેદને છોડો. જેમની પાસે જાગ્રત સદ્‌ગુરુ છે એમની મા ક્યારેય નથી મરતી. બુદ્ધમાં કરુણા બહુ જ છે અને આજના જગતને જરૂર છે કરુણાની મારાં ભાઈ-બહેનો, ખાસ કરીને કોઈ વ્રત લેવું હોય તો કરુણાનું વ્રત લેજો. આપણે આપણા જીવનમાં કરુણાને અવતરિત થવા દઈએ. પ્રેમનું સ્થાન હૃદય છે, સત્યનું સ્થાન મોટા ભાગે જીભ છે, પરંતુ કરુણાનું સ્થાન ઈન્સાનની આંખ છે. કરુણા નેત્રોમાં નિવાસ કરે છે. આપણી આંખોમાં કરુણાની કૂંપળો ફૂટે.

❖❖❖



## જીંદગીને જીવી જાણો

લાંબી આ સફરમાં  
જીંદગીના ઘણા રૂપ જોયા છે  
તમે એકલા શાને રડો છો,  
સાથી તો અમેય ખોયા છે  
આપ કહો છો આમને શું દુ:ખ છે,  
આ તો સદા હસે છે  
અરે ! આપ શું જાણો  
આ સ્મિતમાં કેટલા દુ:ખ વસે છે  
મંઝીલ સુધી ના પહોંચ્યા તમે  
એ વાતથી દુ:ખી છો  
અરે ! ચાલવા મળ્યો રસ્તો તમને,  
એટલા તો સુખી છો  
આપને ફરિયાદ છે કે  
કોઈને તમારા વિશે સુઝ્યું નથી  
અરે ! અમને તો ''કેમ છો ?'' એટલુંય  
કોઈએ પુછ્યું નથી  
જે થયું નથી  
એનો અફસોસ શાને કરો છો,  
આ જિંદગી જીવવા માટે છે,  
આમ રોજ રોજ શાને મરો છો ?  
આ દુનિયામાં  
સંપુર્ણ સુખી તો કોઈ નથી  
એક આંખ તો બતાવો મને  
જે ક્યારેય રોઈ નથી.  
બસ એટલું જ કહેવું છે કે  
જીંદગીની દરેક ક્ષણ દિલથી માણો  
નસીબથી મળી છે જીંદગી  
તો એને જીવી જાણો.

# પ્રભુની જરૂર ત્યાં જ છે, જ્યાં તમે અસહાય છો-ઓશો

**સ્વામી વિટ્ઠલ**

જો તમે શૂન્યનું સર્જન કરશો તો પરમાત્મા તેને ભરી દેશે. જો તમને શૂન્યની સાથે રહેવા રાજી થશો તો તમે અનુભવશો કે શૂન્ય ધીમેધીમે પોતાની મેળે ભરી દેવામાં આવશે, કેમકે પ્રકૃતિ શૂન્યને સહન નહીં કરે. તમે શૂન્ય જન્માવો, પ્રકૃતિ તેને ભરી દેશે. શૂન્ય સર્જાય તો પૂર્ણ તેમાં ઉતરી આવે જેમ ક્યાંક ખાડી બને તો વરસાદનું પાણી બધેથી આવીને તેને ભરી દેશે. તમે ખાડો ખોદી લીધો. હવે ભરવાનું કામ પ્રભુનું છે. અડધું કામ તમે કરો, અડધું પરમાત્મા કરશે. તમારું કૃત્ય અસલી નથી. અસલી હોય તો એનું છે. તમે ખાલી થવા, રિક્ત થવા રાજી થઈ જાવ. તેથી બધા જ બુદ્ધ પુરુષો કહે છે કે ભેગું કરવાની તૃષ્ણાથી બચો. સંગ્રહ કરવાની વિક્ષિપ્ત દોડથી બચો, કેમ કે જો તમે તમને વસ્તુઓથી ભરી દેશો તો પ્રભુને મોકોજ નહીં મલે કે તે તમારામાં પ્રવેશે.

મેં એક મીઠી વાર્તા સાંભળી છે કે કૃષ્ણ જમવા બેઠા છે. રુક્મિણિએ થાળી પીરસી છે. એક કોળિયો માંડ ભર્યો હશે ને કૃષ્ણ ઉતાવળા થઈને ભાગ્યા. રુક્મિણિ કાંઈ સમજી નહીં. વળી દરવાજા સુધી જઈને કૃષ્ણ પાછા આવી ગયા. પાછા થાળી પર બેઠાય રુક્મિણિએ પૂછ્યું કે - 'ભાગ્યા કેમ ? વળી દ્વારથી પાછા ફર્યા કેમ ?' કૃષ્ણે પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે - 'મારો એક ભક્ત રસ્તા પરથી જતો હતો. લોકો તેને પથરા માતા હતા. તેના માથામાંથી લોહી વહેતું હતું અને તે મારા નામનું સ્મરણ કરતો હતો. તે કોઈ પ્રતિકાર નહોતો કરતો. તેણે પૂર્ણરૂપેણ પોતાને મારા હવાલે સોંપી દીધો હતો. તેથી મારે ભાગવું જરૂરી હતું. પણ જેવો હું દરવાજે પહોંચ્યો કે તેણે પોતાનો અભિગમ બદલી નાખ્યો. તેણે હાથમાં પથરો ઉપાડી લીધો. હવે તે પોતે જ જવાબ દેવા માંડ્યો પછી મારી કોઈ જરૂર ન રહી.'

પ્રભુની જરૂર ત્યાં જ છે, જ્યાં તમે અસહાય છો. તમારી અસહાય અવસ્થામાંથી પ્રભુસ્મરણ પ્રગટે તો સમજો ભજન થઈ ગયું મહમદ પયગમ્બર કહેતા હતા કે 'તમે એક પગલું એની તરફ ચાલો તો તે હજાર પગલાં તમારી તરફ ચાલશે.' પણ તમે એક પગલું પણ નથી ચાલતા. તે એક પગલું અત્યંત જરૂરી છે. તે નિર્દેશ કરે છે કે તમારા તરફથી આમંત્રણ છે. જેને તમે નિમંત્રણ જ ન પાઠવ્યું હોય, તે તમારા દ્વારા આવી પણ જાય તોય તમારા દ્વાર બંધ હોવાના. તે ટકોરા પણ મારે તો તમને લાગશે કે હવાની થપાટી છે. તે તમને પોકારે તોય તમારા કોલાહલસભર ચિત્તને કારણે તમને તે સંભળાશે નહીં. બુદ્ધિ તમારી ચાલાકીનું નામ છે. સદ્‌બુદ્ધિ તમારી સમજદારીનું નામ છે. તેથી દુનિયા જેટલી બુદ્ધિમાન થતી જાય છે, તેટલી જ ચાલાક થતી જાય છે. લોકો જેટલા શિક્ષિત થતાં જાય છે, તેટલા ચાલાક થતાં જાય છે, બેઈમાન થતાં જાય છે, પાખંડી થતાં જાય છે. બીજાનું શોષણ કેમ કરવું એની કળામાં પારંગત થતાં જાય છે. બુદ્ધિ એટલે સંસારમાં કુશળતા.

સદ્‌બુદ્ધિ એટલે પરમાત્મા કુશળતા સદ્‌બુદ્ધિવાળી વ્યક્તિ, સંસારીને બુદ્ધ લાગશે.

બુદ્ધે ઘર છોડ્યું તે સદ્‌બુદ્ધિના અવતરણની ઘટના હતી. બધા જ રાજમહેલ અને સામ્રાજ્ય ઈચ્છે છે. બુદ્ધને એ બધું વારસામાં મળ્યું હતું છતાંય તેઓ તેને છોડીને ચાલી નીકળ્યા. સુંદર પત્નીને પણ છોડી. જે ધન, સુખ-સુવિધા, રાજમહેલ, માનસન્માન, યશ માટે લોકો જીવન ભર સંઘર્ષ કરે છે. તેને બુદ્ધ સાપ કાંચળી ઉતારે એમ છોડીને નીકળી પડે છે. સંસારીને એમાં સમજદારી ક્યાંથી દેખાશે ? પણ બુદ્ધ કહે છે 'જ્યાં તમને પહેલ દેખાય છે ત્યાં મને તો ફક્ત આગની જ્વાળાઓ જ દેખાય છે. તમને જ્યાં સૌંદર્ય દેખાય છે, ત્યાં મને છુપાયેલું મૃત્યુ દેખાય છે. સાંભળો, હું અસલી ઘરની શોધમાં નીકળું છું, કેમ કે આ ઘરને મૃત્યુ છીનવી લેશે. તેથી એને દાવ પર લગાડવામાં કાંઈ નુકસાન નથી. જે કાલે છિનવી જશે, તેને જો દાવ પર લગાડવાથી શાશ્વતની પ્રાપ્તિ થતી હોય તો સોદો કરવા જેવો છે.

૧૨ વર્ષ પછી બુદ્ધનો દીવો સદ્‌બુદ્ધિથી રોશન થઈ ચૂક્યો હતો. તેઓ ઘેર આવ્યા. તેમના પિતા તેમનાથી ખૂબ જ નારાજ હતા. તેમણે બુદ્ધને ઠપકો આપતાં કહ્યું, 'છોડ નાસમજી હવે ઘર સંભાળ. તેં મને, તારી પત્ની યશોધરાને અને તારા બાળક રાહુલને ધોખો આપ્યો છે, છતાંય હું તમને માફ કરી દઉં છું. કેમ કે મારું હૃદય પિતાનું છે. આ રસ્તા પર ભીખ માગવી શોભાસ્પદ નથી. તું મારો પુત્ર છે. તને ભીખ માગવાની જરૂર શું છે ? તું તો રોજ હજારો લોકોને ભીખ આપી શકવા સમર્થ છે.'

બુદ્ધના પિતાને હજીય બુદ્ધ બુદ્ધુ લાગે છે. સાંસારિક બુદ્ધિને ધાર્મિક સદ્‌બુદ્ધિ નાસમજી લાગે છે. જેની સદ્‌બુદ્ધિ જાગી ગઈ એને બુદ્ધિ નાસમજી લાગશે જ.

હવે નિર્ણય તમારે કરવાનો છે. એ નિર્ણય વિના ધર્મના જગતમાં પ્રવેશ નથી. જ્યાં સુધી સાંસારિક બુદ્ધિ મૂઢતા ન જણાય ત્યાં સુધી તમારામાં સદ્‌બુદ્ધિનું અંકુર વિકસિત નહીં થાય. સાંસારિક બુદ્ધિ જ્યારે મૂઢતા જણાય ત્યારે સદ્‌બુદ્ધિનું કિરણ અવતરે છે. તેથી સદ્‌બુદ્ધિ જગાડો અને મનને તૃષ્ણાશૂન્ય કરો. એનાથી જ સંતુષ્ટ રહો, પ્રસન્ન રહો. જે પોતાના શ્રમથી મળે તેમાં સંતોષ માનો, તૃપ્તિ અનુભવો. એથી જીવનમાં સહજ નૈતિકતા આવશે. તમે જ્યારે શાસ્ત્રને કંઠસ્થ કરી લો છો, ત્યારે એક પ્રકારની ચોરી કરો છો. શાસ્ત્રમાં છુપાયેલ જ્ઞાન તમારા શ્રમથી તમને નથી મળતું. તે ઉધાર છે, વાસી છે. તમે કોઈક અન્યની વાત પકડીને તેના પર ભવન બાંધો છો, પણ તેનો પાયો રેતીનો છે.હવાની લહેરખી પણ તેને પાડી દેવા સક્ષમ છે.

શાસ્ત્ર ખતરનાક સાબિત થઈ શકે છે, કેમ કે શાસ્ત્રમાં ઉત્તરો લખેલા છે. ગણિતના પુસ્તકના અંતે જવાબો લખેલા હોય છે. તમે તે જવાબો છેલ્લા પાને જોઈ શકો છો. તે જોઈને તમે જવાબ તો સાચો આપશો, પણ તે વ્યર્થ છે કેમકે પ્રશ્નથી ઉત્તર સુધી જવાનો જે માર્ગ છે, જે વિધિ છે, તે તમે જાણતા નથી. જવાબ સાચો હોવા છતાં તમે ખોટા જ રહેશો, કેમ કે તમે વિધિમાંથી પસાર થાત તો જ નિખારને પામત. બીજાના ઉત્તરો કોઈ કામ નહીં આવે. ઉત્તર તો પોતાનો જ જોઈએ. પોતાની અનુભૂતિમાંથી પ્રગટેલો જોઈએ. વળી પ્રભુ તમારી શાસ્ત્રીય પરીક્ષા નહીં લે, અસ્તિત્વગત પરીક્ષા લેશે. તમે શું સાંભળ્યું ? શું વાંચ્યું ? તે નહીં પૂછે તમે શું જીવ્યા ? એમ પૂછશે.

જો બાહ્ય ધનને તમે શ્રમથી કમાવશો, તો તમારા જીવનમાં નૈતિકતા હશે અને ભીતરના ધનને તમે શ્રમથી કમાવશો તો તમારા જીવનમાં ધાર્મિકતા હશે, પ્રામાણિક ધર્મ હશે. આને જ સ્વામી રામ રોકડો ધર્મ કહે છે.

લોકો પાસે હજી પોતાનો પ્રશ્ન પણ નથી, તો ઉત્તરોત્તર તો બહુ દૂરની વાત છે. તેમને એ પણ જાણ નથી કે અમારા અસ્તિત્વનો પ્રશ્ન શું છે ? અમે શેની શોધ કરી રહ્યા છીએ ?

આપણા મન પર પડેલા સંસ્કાર ખૂબ મજબૂત હોય છે, પણ વિચારની જળધારા ટીપું ટીપું સતત ટપકતી રહે તો એક દિવસ પથ્થર પણ તૂટે છે અને રેતીની જેમ કણ કણ બનીને વહી જાય છે. જે દિવસે તમે સંસ્કારના પથરાને વટાવી શકશો તે દિવસે તમે મુક્ત બનશો.

પ્રભુને ભજવાનો અર્થ છે – દશ્યમાં તમે ખોવાઈ નથી જતા. તમને અદશ્યની યાદ સતત રહ્યા કરે છે. પછી દુશ્મનને જોઈને પણ એની યાદ આવે. મૃત્યુને દ્વાર પર ઊભું જોઈને પણ એની યાદ આવે. હમણાં તો હાલત એવી છે કે પ્રેમીમાં પણ તે દેખાતો નથી, શત્રુની તો વાત જ શું કરવી ? પોતાનામાં નથી અનુભવાતો તો પારકામાં શું અનુભવાશે ?

પ્રભુને પહાડમાં પણ જોતાં શીખો માન્યું કે ત્યાં તે ગહન નિદ્રામાં છે. વૃક્ષમાં પણ જુઓ - માન્યું કે ત્યાં મૂગો છે. પાગલમાં પણ દેખાય-માન્યું કેત્યાં વિક્ષિપ્ત છે, પરંતુ છે તો તે જ તો. તે કોઈ પણ રૂપમાં આવે, તમે તેને ઓળખવામાં થાપ નહીં ખાવ. જ્યાંથી પણ ખબર મળે, એની જ ખબર મળે. હાથ વહે તો, પાણી ખળખળ વહે તો પક્ષી ગીત ગાય, તો સન્નાટો પણ એનો, શોરબકોર પણ એનો. બજાર પણ એની, હિમાલય પણ એનો.

પાંદડાં-ફૂલ-પથરા બધેથી એની યાદ આવતી રહે. વળી આ કોઈ કોરી કલ્પના નથી, કાવ્ય નથી. આ તથ્ય છે, ચચચ છે, કેમ કે દરેક આંખથી તેજ ઝાંકી રહ્યું છે. તમે ન જોયું એ તમારી ભૂલ છે. આ પ્રયોગ કરી જોજો તમારી પત્ની અથવા તો તમારાં બાળકોને પાસે બેસાડીને એની આંખોમાં ઝાંકીને ગહેરાઈથી જોજો. જલદી તમે અનુભવશો કે તે વ્યક્તિ ખોવાઈ ગઈ અને નિરાકાર હાજરાહજૂર થયું. જ્યાં જ્યાં દૃષ્ટિ ગહન કરી કે તે જ જણાશે, જ્યાં દૃષ્ટિ છીછરી બની કે તમે તેનાથી ચૂકી જશો. કમળનાં પાંદડાં પર જેમ પાણી તરલ અને અસ્થિર હોય છે, તેવું જ આ જીવન છે. સંસાર અહંકારના રોગથી ગ્રસિત છે અને દુ:ખથી વ્યાપ્ત છે.

અહીં કશું જ સ્થિર નથી. બધું જ ભાગી રહ્યું છે. પ્રતિપલ સમય વહી રહ્યો છે. અહીં મહેલ બનાવશો તો પસ્તાશો. એને શોધો જે બધા વહેણની વચ્ચે સ્થિર છે. ગાડી ચાલે છે ત્યારે પણ કેન્દ્ર સ્થિર છે. કેન્દ્ર પર નજર રાખો, પૈડાં પર નહીં. પૈડાંમાં સંસાર છે. સંસારનો અર્થ જ છે - પૈડાં. તેથી જ કહેવાય છે ને સંસારચક્ર ? તે ઘૂમી રહ્યો છે, પણ જેને આધારે ઘૂમે છે તે સ્થિર છે. અસ્થિર ના હોવા માટે પણ સ્થિર સહારો જોઈએ. જુઠ્ઠાણાને પણ જીવવા માટે સત્યનો સહારો જોઈએ. સ્વપ્નના અસ્તિત્વ માટે પણ દૃષ્ટા સત્ય જોઈએ. અન્યથા સ્વપ્ન પણ ન સંભવે. ખોટાની સાથે જોડાણ કરવાથી દુ:ખ જન્મે છે. સત્‌નો સંગ આનંદદાયી છે.

❖❖❖


# સંયુક્ત કુટુંબનું લૂણ

**બે** પરિવારની વાત અત્રે કરું છું. આવા ઘણા પરિવારો અસ્તિત્વમાં હશે જ. આજની તારીખની બુમરાણ એ છે કે સંયુક્ત કુટુંબની જૂની આર્ય પદ્ધતિ બુરી રીતે તુટતી જાય છે. પશ્ચિમિકરણનું આંધળું અનુકરણ ભારતીય સંસ્કૃતિના મૂળભૂત મૂલ્યોને ખતમ કરી રહી છે. પશ્ચિમનાં લોકો જ્યારે એમની સંસ્કૃતિના માઠા મૂલ્યો ભોગવીને મૂળભૂત ભારતીય મૂલ્યો તરફ વળી રહ્યા છે ત્યારે આપણે એ વસ્તુ છોડીને એમના એંઠવાડ તરફ વધી રહ્યા છીએ.

એક પરિવાર એવો છે કે જ્યાં પુત્ર અને પુત્રવધૂ મા બાપને ઠોકરે ચડાવે છે. પુત્રી મા બાપને જાળવવા પ્રયત્નશીલ છે પરંતુ મા બાપ પુત્ર અને પુત્રવધૂની મમતા છોડી શકતા નથી. તેમને પોતાની વૃદ્ધાવસ્થાની બધી સંપત્તિ સોંપી દેતા અચકાતા નથી આ કથની છે તે કથાના પુત્ર અને પુત્રવધૂ દોષિત છે. પુત્રી લાગણીથી જ્યારે મા બાપને સાચવવાનો પ્રયત્ન કરે છે ત્યારે એમને એમ કહેવાય છે કે દીકરીને તો વળાવી એટલે સાસરીની ત્યાં તમારું જે થવાનું હોય તે થાય અમારે મન તો છોકરી પારકું ધન... અત્યાર સુધી જાળવી... હવે ક્યાં સુધી જાળવીએ... લાગણીથી દીકરી એમ કહે કે ''આ પુત્ર અને પુત્રવધૂ કેવી કઠોર રીતે તમને રાખે છે... તમારું હૈયું નથી વલોવાતું ?''... તો જવાબ મળે ''ના, અમારી તો એ ઘડપણની લાકડી છે. એમની કઠોર રીતથી અમને જે વીતે છે તે વીતવા દો. પણ તમારું તમે સાચવો.'

આ જ પરિવારની એક દીકરી સાસરેથી સંતાપાઈને આવે છે તો એને હડધૂત કરાય છે. કૂવો પૂરવાની વાત આવે તોય એ વડીલોના કાળજા નથી કંપતા. પુત્રઘેલછાનો ઉત્તમ નમૂનો જ કહેવાય ને ?

હવે બીજા પરિવારની ચર્ચા કરું. જે બિલકુલ રીવર્સ છે. જ્યાં ઘરમાં પુત્રીનું જ



ચલણ છે. સારે ગયેલ પુત્રીને શીખવાડાય જુદું અને ઘરમાં આવેલી વહુને કહેવાય તે જુદું. પુત્ર અને પુત્રવધૂની લાગણીઓ દુભાય તેનો વાંધો નહીં. પુત્રીઓને સુખ મળે તેવું કરવાનું. પુત્રીઓના લગ્ન બાદ જમાઈઓને દીકરા કરતા કરતા વધુ સાચવવાના. સામ, દામ, દંડ, ભેદની નીતિથી છોકરીનું તેના સાસરે ચલણ વધે તેવું બધું શીખવવાનું અને પુત્ર અને પુત્રવધૂને ઘરમાંથી નીકળી જશો તો અમે અમારું કુટી લઈશુ. પુત્રીઓને અને જમાઈને ઘરે તેડીશું વાળી નીતિ અને જો જમાઈ નહીં આવે તો અમે અમારી રીતે એમના ઘરે જતા રહીશું... પુત્રી ઘેલછાનો બીજો ઉત્કૃષ્ટ દાખલો....

આ બંને કુટુંબોના અંજામ પણ જાહેર છે. પુત્રછઘેલછા પહેલા કુટુંબના વાલીઓએ પુત્રી અને જમાઈને દુભવ્યા એમના ઘર બંધ થઈ ગયા. અને પુત્ર અને પુત્રવધુઓએ વૃધ્ધ સંપત્તિને હાથવગી કરીને પોતાનું શરૂ કર્યું. પરિણામે સંયુક્ત કુટુંબને બદલે એ વડીલ હાથે પગે થયા. માન ખોયું અધિકાર ખોયા... અને જો પુત્ર કે પુત્રવધુને ત્યાં રહ્યા તો નોકરોની જેમ રહેવું પડયું. અને ન રહ્યા તો નોકરોની જેમ રહેવું પડયું. અને ન રહ્યા તો હાથે ખાવાનું થયું. બીજા પરિવારમાં પુત્રીઓને સાચવવી છે. પણ જમાઈને ઘરજમાઈ નથી થવું. પુત્ર અને પુત્રવધુ છૂટા પડી ગયા. ઘડપણ આવ્યું. રોગો થયા તો એ જ પુત્ર અને પુત્રવધૂ પાસે જવાનું થયું. જે લોક લાજે કરશે તો પણ માન નહીં રહે અધિકાર નહીં રહે.

ઉપરોક્ત બંને ઉદાહરણોમાં તમે જોયું હશે કે એક તરફી નીતિને કારણે તકલીપો પડી હતી. આ તકલીફોનું નિરાકરણ જાહેર છે તટસ્થ વલણ રાખવું તે. ઉપરોક્ત બંને ઉદાહરણોમાં ભુતકાળના કોઈ કટુ અનુભવો તેમને વાસ્તવિક રીતે તટસ્થ રહેતા રોકતા હોય છે. પહેલા પરિવારનો બાપ એના દીકરા તરીકેના જમાનામાં બહુ ઉપેક્ષિત થયેલ હતો. કોઈક કારણસર અને તેથી પોતાના દીકરાને ઉપેક્ષિત ન કરી એમને આડે રસ્તે વળવાની તક આપે છે. જ્યારે બીજા કુટુંબમાં શક્ય છે દીકરીની વાત સાંભળી નહીં હોય અને એણે કૂવો પૂર્યો હોય કે જિંદગી બરબાદ કરી હોય એટલે તેઓ બીજા અંતિમ છેડે એટલે કે બધી બીજી દીકરીઓનું એવું ન થાય તેની તકેદારી રાખતી હોય.

એ તો સનાતન સત્ય છે કે દરેકની કહાણી એક જેવી હોતી નથી. દરેકની જિંદગી તેમના વડીલો કે તેઓ ધારે તેવી નથી થઈ શકતી નથી. દીકરી અને વહુ બંનેને એક જ સલાહ અપાતી હોય. દીકરા અને જમાઈ બંનેને એક જ ત્રાજવે જોખાતા હોય. અને જ્યાં સંતાનોનું સુખ તે આપણું સુખની ભાવના હોય ત્યાં સંયુક્ત કુટુંબ ટકી શકે. સંતાનોમાં રખાતા ભાવભેદો એકને સુખ અને બીજાને દુ:ખ આપી શકે છે. બેવડી નીતિનો ન્યાય રાજકારણમાં - બિઝનેસમાં ચાલે. સંયુક્ત કુટુંબમાં સ્વસ્થ અને તટસ્થ નીતિ હોય તો જ ચાલે. નહીંતર તેનું વિભક્તીકરણ વરસે બે વરસે કે પાંચ વરસે નક્કી જ હોય છે.

આર્ય સંસ્કૃતિના ચાર આશ્રમોની જિંદગી એ રીતે ખૂબ સારી હતી. વાનપ્રસ્થાશ્રમ અને

સંન્યસ્તાશ્રમ એ બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમની જેમ જ ખૂબ અગત્યનું છે. બ્રહ્મચર્ય એ દેહ અને આત્માની ઉન્નતિનો કાળ છે. કે જે ભણતર, તાલીમ અને આદર્શો શીખવાની ઉત્તમઅવસ્થા છે. જ્યારે પ્રજોત્પતિ અને તેમના વંશ ઉછેર માટે ગૃહસ્થાશ્રમ પણ એટલો જ જરૂરી છે. આ ગૃહસ્થાશ્રમ દરમ્યાન તેમના વંશજો બ્રહ્મચર્યાશ્રમમાં છે અને તેમના વાલી વાનપ્રસ્થાશ્રમમાં છે. જેઓ ગૃહસ્થાશ્રમમાં રહેલ પોતાના સંતાનોને ગૃહસ્થાશ્રમ ચલાવવાના અને શ્રેષ્ઠ રીતે તે સમય પસાર કરવાની સલાહ આપી તેમને દુનિયા સમક્ષ ઊભા રહેવાની કાબેલિયત પ્રદાન કરે છે. એમના સંન્યસ્તાશ્રમના તબક્કામાં તેમના સંતાનો વાનપ્રસ્થાશ્રમમાં છે અને એ પછીની પેઢીના સંતાનો ગૃહસ્થાશ્રમમાં છે એ બંધનો, એ નિયમો આજે જ્યાં જ્યાં જે પણ કુટુંબોમાં અમલીકરણમાં છે ત્યાં ત્યાં સંસાર અસાર નથી. સંસાર સારી રીતે ચાલે છે.

આ બધા આશ્રમોમાં દરેક પોતાનું કાર્ય કરે છે. અને પોતાના કાર્યોમાં તટસ્થતાને અપનાવે છે. જ્યાં વડીલોનું કહ્યું યુવા પેઢી માને છે અને એ જ યુવા પેઢીની વડીલ અવસ્થામાં ગરના વડીલો નિવૃત્તિ સ્વીકારે છે. આ દરેક વાતોમાં, આ વ્યવસ્થામાં કે હકીકતોમાં જ્યાં જે સભ્ય પોતાની ફરજ ચૂક્યા ત્યાં કંઈક ને કંઈક તકલીફ અચૂક થઈ છે. અને એ તકલીફનું નિવારણ એટલે ફરજ પાલન અને પછી તેના અનુસંધાનમાં હક્ક પ્રાપ્તિ.

જનરેશન ગેપ એ સુંદર બહાનું છે. જ્યાં કુટુંબના વડીલ સભ્યો પોતાનું રૂઢિવાદી વલણ છોડવા માંગતા નથી. જ્યારે યુવા પેઢી નવી નીતિ અપનાવવા માગે છે. તટસ્થ વલણ તરીકે બંને પેઢીના પ્રતિનિધિ એકમેકને ખુલ્લા મનના તટસ્થ સૂચનો વડે સમજાવી શકે છે. અને જે વસ્તુ સમજવા યોગ્ય હોય તે સ્વીકારાય.

વડીલોનો અનુભવ અમુક વખતે યુવા પેઢીને બચાવી જાય અને અમુક વખતે ડુબાડી પણ જાય કારણ કે એમનો એ અનુભવ ૧૯૬૫-૧૯૫૬ના વર્ષ માટેનો યોગ્ય અનુભવ હતો ૧૯૮૩-૧૯૮૫ના વર્ષ માટે તે યોગ્ય ન પણ હોઈ શકે. એ વરસોમાં જીવતી યુવા પેઢીનો જો પરસ્પર સમજૂતી પછી સ્વીકારવા તૈયાર ન હોય તો આવનારા પરિણામો માટે તે દોષિત હોય છે. જે વડીલોના રૂઢિવાદી વલણો માટે પણ એટલું સાચું હોય છે.

તટસ્થનીતિ એટલે એકમેકના મનમાં જઈ તેમની સ્થિતિમાં હું હોત તો મારું આ વલણ એને દુઃખ આપતે કે સુખ એ વિચારી શકવાની ક્ષમતા જ્યાં અંતિમ હેતુ એ હોય કે આખા પરિવારને બાંધેલા રાખી શકાય - એક સૂરથી જિંદગી જીવી શકાય.

❖❖❖


**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–માસિક પત્રિકા**

**(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)**

**રજિસ્ટ્રેશન ઓફ ન્યુસ પેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'માસિક પત્રિકા' માલિકી અને તે અંગેની માહિતી.**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | : ૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : માસિક |
| ૩-૪. મુદ્રક–પ્રકાશક | : શ્રી પ્રવીણ જી. શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : ૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨. |
| ૫. તંત્રી | : શ્રી શરદ એમ. ગાંધી |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : ૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨. |
| મુદ્રક | : રાજેશ પ્રિન્ટરી ૧૧૫, પ્રગતિ ઈન્ડ. એસ્ટેટ, ૩૧૬ એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ (ઈ), મુંબઈ-૧૧. |
| ૬. માલિકનું નામ અને સરનામું | : શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા ૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨. |

હું પ્રવીણ જી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૦-૩-૨૦૨૫ પ્રવીણ જી. શાહ –પ્રકાશક


## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.




# પાપ-પુણ્ય

**ડૉ. નીરુબહેન અમીન**

### પાપ-પુણ્યની ન મળે ક્યાંય આવી વ્યાખ્યા !

**પ્રશ્નકર્તા :** પાપ અને પુણ્ય એ વળી શું છે ?

**દાદાશ્રી :** પાપ અને પુણ્યનો અર્થ શો ? શું કરીએ તો પુણ્ય થાય ? પુણ્ય-પાપનું ઉત્પાદન ક્યાંથી છે ? ત્યારે કહે, 'આ જગત જેમ છે તેમ જાણ્યું નથી લોકોએ, એટલે પોતાને ફાવે એમ વર્તે છે. એટલે કોઈ જીવને મારે છે, કોઈને દુઃખે દે છે, કોઈને ત્રાસ આપે છે.'

કોઈ પણ જીવમાત્રને કંઈ પણ ત્રાસ આપવો કે દુઃખ આપવું એનાથી પાપ બંધાય. કારણ કે ગોડ ઈઝ ઈન એવરી ક્રિએચર વેધર વિઝિબલ ઓર ઈન્વિઝિબલ. (આંખે દેખાય એવા કે ના દેખાય એવા, દરેક જીવ માત્રમાં ભગવાન છે.) આ જગતના લોકો, દરેક જીવમાત્ર એ ભગવાન સ્વરૂપ જ છે. આ ઝાડ છે, એમાંય જીવ છે. હવે આમ લોકો મોઢે બોલે ખરા કે બધામાં ભગવાન છે, પણ ખરેખર એની શ્રદ્ધામાં નથી. એટલે ઝાડને કાપે, એમ ને એમ અમથા તોડ તોડ કરે, એટલે બધું નુકસાન કરે છે. જીવમાત્રને કંઈ પણ નુકસાન દેવું, એનાથી પાપ બંધાય છે અને કોઈ પણ જીવને કંઈ પણ સુખ આપવું, એનાથી પુણ્ય બંધાય છે. તમે બગીચામાં પાણી છાંટો છો તો જીવોને સુખ પડે કે દુઃખ ? એ સુખ આપો એનાથી પુણ્ય બંધાય છે. બસ, આટલું જ સમજવાનું છે.

આખા જગતના જે ધર્મો છે, એને સરવૈયારૂપે કહેવું હોય તો એક જ વાત સમજાવી દઈએ બધાને, કે જો તમારે સુખ જોઈતું હોય તો આ બીજા જીવોને સુખ આપો અને દુઃખ જોઈતું હોય તો દુઃખ આપો. જે અનુકૂળ આવે તે કરો, આનું નામ પુણ્ય અને પાપ. સુખ જોઈતું હોય તો સુખ આપો, તેથી ક્રેડિટ બંધાશે અને દુઃખ જોઈતું હોય તો દુઃખ આપો તો ડેબિટ બંધાશે. એનું ફળ તમારે ચાખવું પડશે.

### સારું-ખોટું, પાપ-પુણ્યના આધારે !

કોઈ ફેરા સંજોગો સારા આવે છે ખરા કે ?

**પ્રશ્નકર્તા :** સારા ય આવે છે.

**દાદાશ્રી :** એ ખરાબ ને સારા સંજોગોને કોણ મોકલતું હશે ? આપણાં જ પુણ્ય ને પાપના આધારે સંજોગો ભેગા થાય છે. એવું છે, આ દુનિયાને કોઈ ચલાવનારો નથી. જે કોઈ ચલાવનાર હોત તો પાપ પુણ્યની જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** આ જગતને ચલાવનારા કોણ ?

**દાદાશ્રી :** પુણ્ય ને પાપનું પરિણામ. પુણ્ય ને પાપનાં પરિણામથી આ જગત ચાલી રહ્યું છે. કોઈ ભગવાન ચલાવતા નથી. કોઈ આમાં હાથ ઘાલતો નથી.

### પુણ્ય પ્રાપ્તિનાં પગથિયાં !

**પ્રશ્નકર્તા :** હવે પુણ્યો અનેક જાતનાં છે તો કઈ કઈ જાતનાં કાર્યો કરીએ તો પુણ્ય કહેવાય અને પાપ કહેવાય ?

**દાદાશ્રી :** જીવમાત્રને સુખ આપવું તેમાં ફર્સ્ટ પ્રેફરન્સ (પ્રથમ મહત્ત્વતા) મનુષ્યો. એ મનુષ્યનું પરવારી ગયા એટલે પછી બીજા પ્રેફરન્સમાં પાંચ ઈન્દ્રિય જીવો. ત્રીજા પ્રેફરન્સમાં ચાર ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, બે ઈન્દ્રિય, એક ઈન્દ્રિય એવી રીતે એમને સુખ આપવું. એનાથી જ પુણ્ય થાય છે અને એને દુઃખ આપવું, એનાથી પાપ થાય છે.

**પ્રશ્નકર્તા :** ભૌતિક સુખો મળે છે, તેમણે કઈ જાતનાં કર્મો કર્યા હોય તો તે મળે ?

**દાદાશ્રી :** આ કોઈ દુઃખી થતું હોય એમને સુખ આપે, તેનાથી પુણ્યે બંધાય અને પરિણામે એવું સુખ આપણને મળે. કોઈને દુઃખ આપો તો તમને દુઃખ મળે. તમને પસંદ આવે તે આપજો.

બે જાતની પુણ્યૈ. એક પુણ્યૈથી ભૌતિક સુખ મળે અને બીજી એક એવા પ્રકારની પુણ્યૈ છે કે જે આપણને 'સચ્ચી આઝાદી' પ્રાપ્ત કરાવે.

### એ બન્ને ગણાય કર્મ જ !

**પ્રશ્નકર્તા :** પાપ અને કર્મ એક જ કે જુદા ?

**દાદાશ્રી :** પુણ્ય અને પાપ બન્નેય કર્મ કહેવાય. પણ પુણ્યનું કર્મ કૈડે નહીં ને પાપનું કર્મ આપણા ધાર્યા પ્રમાણે થવા નો દે ને કૈડે.

જ્યાં સુધી એવી માન્યતા છે કે 'હું ચંદુલાલ છું', ત્યાં સુધી કર્મ બંધાયા જ કરે. કર્મ બે પ્રકારના બંધાય. પુણ્ય કરે તો સદ્‌ભાવના કર્મ બાંધે અને પાપ કરે તો દુર્ભાવનાં કર્મ બાંધે. જ્યાં સુધી હકનું અને અણહકનું વિભાજન થયું નથી ત્યાં સુધી લોકોનું જુએ એવું એ ય ઊંધું શીખી જાય છે. મનમાં હોય જુદું, વાણીમાં કંઈ તૃતીયમ્ જ બોલે અને વર્તનમાં તો ઓર જ જાતનું હોય. એટલે નર્યા પાપ બંધાય. એટલે અત્યારે લોકોને પાપની જ કમાણી છે.

### પુણ્ય-પાપ, એ વ્યવહાર ધર્મ !

**પ્રશ્નકર્તા :** તો પુણ્ય અને ધર્મમાં શું ફેર છે ?

**દાદાશ્રી :** પુણ્ય એ વ્યવહાર ધર્મ છે, સાચો ધર્મ નથી. વ્યવહાર ધર્મ એટલે પોતાને સુખી થવા માટે. પુણ્ય એટલે ક્રેડિટ.

આપણે સુખી થવાય, ક્રેડિટ હોય તો આપણે નિરાંતે રહીએ અને તો સારી રીતે ધર્મ થાય. અને પાપ એટલે ડેબીટ. પુણ્ય ના હોય, ક્રેડિટ ના હોય તો આપણે ધર્મ કરીએ શી રીતે ? ક્રેડિટ હોય તો એક બાજુ શાંતિ રહે, તો આપણે ધર્મ કરી શકીએ.

**પ્રશ્નકર્તા :** ક્યાં કર્મ કરવાથી પુણ્ય થાય અને કયાં કર્મ કરવાથી ધર્મ થાય ?

**દાદાશ્રી :** આપણે આ તમામ જીવો, મનુષ્યો, ઝાડ-પાન, ગાયો ભેંસો પછી ખેચર, ભૂચર, જલચર એ બધા જ જીવો સુખ ખોળે છે. અને દુઃખ કોઈને ગમતું નથી. માટે તમારી પાસે જે કંઈ સુખ હોય, તે બીજા લોકોને તમે આપો તો તમારે ખાતે ક્રેડિટ થાય, પુણ્ય બંધાય અને બીજાને દુઃખ આપો, તો પાપ બંધાય.

**પ્રશ્નકર્તા :** તો ધર્મ કોને કહેવાય ?

**દાદાશ્રી :** ધર્મ એટલે આત્મધર્મ. આત્માનો પોતાનો ધર્મ. પાપ અને પુણ્ય બેઉ અહંકારનો ધર્મ છે. અહંકાર હોય ત્યાં સુધી પાપ અને પુણ્ય હોય. અહંકાર જાય એટલે પાપ અને પુણ્ય જાય, તો આત્મધર્મ થાય. આત્માને જાણવો પડે તો જ આત્મધર્મ થાય.

**પુણ્ય-પાપથી પર, રિયલ ધર્મ !**

રિલેટિવ ધર્મો શું કહે છે ? સારું કરો અને ખોટું ના કરશો. સારું કરવાથી પુણ્ય બંધાય અને ખોટું કરવાથી પાપ બંધાય.

આખી જીંદગીનો ચોપડો એકલા પુણ્યથી કંઈ ના ભરાય. કોઈને ગાળ આપી તો પાંચ રૂપિયા ઉધારે અને ધર્મ કર્યો તો સો રૂપિયા જમે થાય. પાપ-પુણ્યની બાદબાકી થતી નથી. જો તેમ થતી હોય તો તો આ કરોડાધિપતિઓ પાપ જમે થવા જ ના દે. પૈસા ખર્ચીને ઉધારી ઉડાવી દે. પણ આ તો અસલ ન્યાય છે. તેમાં તો જે વખતે જેનો ઉદય આવે ત્યારે તે વેઠવું પડે. પુણ્યથી સુખ મળે અને પાપનાં ફળનો ઉદય આવે ત્યારે કડવું લાગે. ફળ તો બંનેય ચાખવાં જ પડે.

ભગવાન શું કહે છે કે, તને જે ફળ ચાખવાનું પોષાતું હોય, તેનું બીજ બાવજે. સુખ પોષાતું હોય તો પુણ્યનું ને દુઃખ પોષાતું હોય તો પાપનું બી વાવજે.

❖❖❖

# કલિયુગનું નિવાસસ્થાન



કલિયુગના કલિએ રાજા પરીક્ષિતના કાળમાં પ્રવેશ કર્યો એમ માનવામાં આવે છે. એ વિશે એક કથા છે. કલિ રાજા પરીક્ષિતના રાજ્યમાં આવે છે. તેની પાસે રહેવા માટે કોઈ જગ્યા નહોતી એટલે તે ફરિયાદ લઈને રાજા પરીક્ષિત પાસે ગયો. તેણે રાજાને વિનંતી કરી, 'મહારાજ તમારા રાજમાં રહેવા માટે મને કોઈ જગ્યા આપો.'

પરીક્ષિતે તરત જ કહ્યું, 'જા ભાઈ જા. તારા માટે મારા રાજ્યમાં કોઈ જગ્યા નથી.'

કલિએ ઘૂંટણિયે પડીને બહુ કાકલૂદી કરી. પરીક્ષિતને દયા આવી અને તેમણે કલિને કહ્યું, 'જા કલિ, હું ને જુગરખાનાં, કસાઈખાનાં, વેશ્યાવાડા અને દારૂના પીઠામાં આશ્રયસ્થાન આપું છું. તારા માટે તો એ જગ્યાઓ જ યોગ્ય છે. જા, ત્યાં જઈને રહેજે.' કલિએ રાજાનો આભાર માન્યો અને કહ્યું, 'મહારાજ, એકસાથે હું ચાર સ્થળોએ કેવી રીતે રહી શકું ? મને કોઈ એક આશ્રય સ્થાન આપો.'

પરીક્ષિતે બહુ વિચાર કર્યો પછી તેમણે સોનાની એક લગડી બતાવી કરિને કહ્યું, 'કલિ, આ સોનાની લગડી ધનવાનોની વધારાની લક્ષ્મી છે, ધનવાનો પોતાના ધનને ખાવાપીવા-રહેવા અને જરૂરી કામોમાં વાપરે છે. એ પછી તેમની પાસે જે વધારાનું ધન રહે એ ધનને તેઓ સોનાની લગડી બનાવી કે બીજા રૂપે પોતાની તિજોરીઓમાં રાખે છે. એ વધારાના ધનમાં તુ સુખેથી રહેજે.'

કલિ રાજી થઈને ગયો. હવે તે ધનવાનોની વધારાની લક્ષ્મીમાં રહેવા લાગ્યો. તેના પ્રતાપે ધનવાનો એ વધારાનું ધન જુગાર રમવામાં, માંસ-મટન ખાવામાં અને વેશ્યાગમન કરવામાં તથા દારૂ પીવામાં વાપરવા લાગ્યા.

માણસે પોતાના ઉપયોગ પૂરતી લક્ષ્મી રાખવી જોઈએ. વધારાનું દન તેણે સમાજ, દીન-દુખિયા અને ભૂખ્યા લોકો માટે તથા સારાં કામો માટે વાપરી નાખવું જોઈએ. જો તે વધારાનું ધન પોતાની પાસે રાખે તો એ ધન જુગાર, માંસ-મચ્છી, વેશ્યાગૃહ અને દારૂ પીવામાં વેડફાય છે, કારણ કે એમાં કલિ વાસ કરે છે અને માણસને કુબુદ્ધિ સુઝાડે છે. એને કારણે માણસનું અધઃપતન થાય છે. વધારાની લક્ષ્મી કે પછી સંઘરેલી લક્ષ્મી કલિનું નિવાસસ્થાન બને છે એટલે એને તિજોરીમાં સંઘરી ન રાખતાં સત્કાર્યોમાં વાપરી, દાન-ધર્મ કરવા જોઈએ જેથી એ લક્ષ્મી કલિનું ઘર ન બનતાં સમાજકલ્યાણનું કારણ બને.

**– હેતા ભૂષણ**

# અશ્રુ તો ઈશ્વરનું વરદાન છે

**નીલા સંઘવી**



**મ**નની મૂક અભિવ્યક્તિ માટે માણસને કુદરતે આંખની અણમોલ બક્ષિસ આપી છે. શબ્દોની આપ લે દ્વારા જે વાતો કલાકોમાં પણ ન થઈ શકે તે વાત આંખના ઈશારે ક્ષણમાં થઈ જાય છે. એ જ આંખ અંતરની વેદનાને ઉલેચવા અશ્રુબિંદુઓ ટપકાવી મનને હળવું ફૂલ બનાવી દે છે. હિટલરથી માંડીને હીર રાંઝા સુધીના સૌએ ક્યારેક ને ક્યારેક આંસુ નો સહારો લીધો જ હોય છે. પછી એ આંસુ ગમ ના હોય કે ખુશીના. મનોવૈજ્ઞાનિકો માને છે કે હિમાલય જેવો આઘાત પણ અશ્રુઓનાં બે પાંચ બુંદમાં ઓગળી જાય છે. ને માણસ પતંગિયા જેવો હળવોફૂલ થઈ જાય છે. ખુશીના હેલારે પણ માનવીની આંખના ખૂણા ભીના થઈ જતા હોય છે. કવિ-ગઝલકારોએ આંસુ પર અનેક ઉમદા કવિતા-ગઝલ શેરો શાયરી લખ્યા છે.

વૈજ્ઞાનિકોએ પ્રયોગશાળામાં માનવીના અશ્રુઓના સ્વાદ તેમજ અન્ય પૃથક્કરણ કર્યા છે. પણ આપણાં અલગારી શાયર અમૃત ઘાયલ તો એમની અનુભૂતિની પ્રયોગશાળાને સહારે પ્રિયતમાને કહે છે, ''મારા અરમાનોનાં આ આંસુઓને લૂછી તો જુઓ. એના સંપર્કમાં આવતાં તમારા પાલવનો રંગ આસમાની ન થઈ જાય તો કહેજો :

*''કદી લૂછી જુઓ,*
*આ તો છે અરમાનનાં આંસુ,*
*તમારી ઓઢણીનો આસમાની*
*રંગ થઈ જશે.''*

આંસુ, રુદન આમ જુઓ તો આશીર્વાદ સમાન છે. દુઃખમાં રડી નહીં શકનાર વ્યક્તિની છાતીમાં ડૂમો ભરાઈ જાય છે, અને હાર્ટ એટેક આવવાની શક્યતા ઊભી થાય છે. તેથી જ કોઈ દુઃખના સમયે રડી ન શકનાર વ્યક્તિને બધાં એક જ સલાહ આપે છે કે, ''મન મૂકીને રડી લે. મન હળવું થઈ જશે.'' તો ઘણીવાર કોઈના મૃત્યુ સમયે કેટલાંક લોકો ખોટું ખોટું રડીને ગ્લીસરીનના અશ્રુ વહાવે છે. તેવા લોકો માટે શાયર લખે છે,

*''ઉઠાવી લ્યો હવે મૃતદેહ પરથી*
*ફુલોનો ઢગલો*
*મને તો અશ્રુ કેરા બિંદુઓનું*
*પણ વજન લાગે.''*

તો ખરેખર સાચાં દિલથી જેને દુઃખ થયું છે અને ખરા દિલથી જેમણે અશ્રુ વહાવ્યા છે તેમના માટે શાયર કરે છે,

*''ખરા દિલથી વહ્યા હો*
*જેમાં આંસુ મારા મૃત્યુ પર*
*બને તો એ રૂમાલો લાવજો*
*મારા કફન માટે.''*

મૃત્યુની જ વાત કરીએ છીએ તો જેની માતાનું મૃત્યુ થાય છે તેના પર તો આભ તૂટી પડે છે. સમયાંતરે મા ની યાદ સતાવે છે ને રડવું આવે છે ત્યારે માનવીને યાદ આવે છે કે નાના હતા ત્યારે કાંઈક જોઈતું હોય, કોઈ મારે, તબિયત સારી ન હોય અને રડવું આવે ત્યારે મા યાદ આવતી હવે મા ની યાદ આવે છે ને રડવું આવે છે. કવિ સરસ પંક્તિ લખે છે,

*''જિંદગી પણ કેવી કમાલ છે*
*પહેલા આંસુ આવતા ત્યારે*
*બા યાદ આવતી*
*ને આજે*
*બા યાદ આવે*
ને આંસુ આવી જાય છે.''

માણસ માટે રડવું અનિવાર્ય છે. આંખના અશ્રુ વહેવા જોઈએ. વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ આંખ ભીની રહેવી જરૂરી છે. આંખના આંસુ સુકાઈ જાય તો મુશ્કેલી ઊભી થાય છે. તેથી જ તો જેમની આંખ સૂકી થઈ ગઈ હોય તેમને આઈ ડ્રોપ્સ નાખીને આંખ ભીની રાખવાની સલાહ આપવામાં આવે છે. પણ કુદરતની એ કૃપા છે કે માણસને ક્યારેક ને ક્યારેક રડવું તો આવે જ છે. ક્યારેય ન રડી શકનાર માણસ પુત્રી વિદાયના સમયે તો અચૂક રડે છે. જ્યારે દીકરીને પારકે ઘેર વિદાય કરવાની ઘડી આવે છે ત્યારે પાષાણ હૈયાન પુરુષો પણ પીગળી જતા હોય છે. આવા સમયે તો દેવની આંખ પણ સજળ બની જાય છે. આપણી ધર્મકથાઓમાં શિવ-પાર્વતીના વિવાહનો અનોખો પ્રસંગ છે. પિતા હિમાલય અને મૈના માતાની પુત્રી પાર્વતીનો હાથ શિવજીને સોંપવામાં આવે છે તે પ્રસંગનું અદ્‌ભુત વર્ણ મહાકવિ તુલસીદાસે 'રામ ચરિત માનસ'માં કર્યું છે. કન્યાદાન આપવા બેઠેલાં માતાપિતા વ્યથિત છે. હિમાલયની આંખમાં આંસુ આવે છે. નિત્ય શીતળતા ધારણ કરીને સતત પીગળતો નાગાધિરાજ હિમાલય ઊનાં ઊનાં આંસુઓ સારે તે દૃશ્ય જ કેવું અદ્‌ભુત છે! કન્યા વિદાયની વાત થાય ત્યારે મહાકવિ કાલિદાસના 'શાકુંતલમ્' નું સ્મરણ ન થાય તો જ નવાઈ! શકુંતલાનું વિદાયનું દૃશ્ય મહર્ષિ કણ્વ જેવા પાલકપિતાને પણ કેવું

પીડાકારી બને છે તેનું વર્ણન કરતાં કવિ લખે છે,

*''વૈકલવ્યં મમ ત્વીદશમહં*
*સ્નેહાદરણ્યૌકસઃ*
*પીડયન્તે ગૃહિણઃ કથંનું તનયા*
*વિશ્લેષદુઃખૈનવૈઃ''*

એકવીસમી સદીના ઉંબરે પહોંચતાં તો માણસ માણસથી વિખૂટો પડી ગયો છે. એવી પરિસ્થિતિમાં એના મનને કોઈ હાથવગો સધિયારો હોય તો તે 'દો બુંદ અશ્રુ' નો જ છે. દિલ અને દર્દનો સંબધ વર્ષો જૂનો છે. એ જ્યાં જ્યાં દર્દ-વેદના હોય ત્યાં અશ્રુઓનું સામ્રાજ્ય હોવાનું જ છે. ઘણીવાર માણસને પોતાના આંસુ છુપાવવા પડે છે. તે અંદરથી રડતો હોય છે. પણ ઉપરથી તમાચો મારીને ગાલ લાલ રાખે છે અને ખોટું ખોટું દંભી હસે છે. ત્યારે કવિ કહે છે,

*''હસુ છું એટલે માની ન લેશો કે*
*સુખી છું હું*
*રડી શકતો નથી એનું મને દુઃખ છે,*
*દુઃખી છું હું,*
*દબાવીને હું બેઠો છું કારમા જખમો*
*ગમે ત્યારે ફાટી જાઉં*
*એ જ્વાળામુખી છું હું''*

રુદન આશીર્વાદ છે એ વાત સાચી પણ આખો વખત રડયા કરતી વ્યક્તિ કોઈને પસંદ પડતી નથી. કોઈકવાર દુઃખ પડે અને રડે તો ઠીક છે, પણ ઘણાં લોકોને જ્યારે પણ મળો તેઓ સતત રોદણાં જ રડતા હોય છે. આવાં લોકો પોતાના મિત્રો,

સ્નેહીઓમાં અપ્રિય બની જાય છે. તેથી જ તો કવિ કહે છે,

''તુજ સુખની મહેફિલમાં તું સહુને નોતરજે
પણ જમજે અશ્રુનો થાળ એકલો
હોંશીલા જગને હસવા તેડું કરજે
સંઘરજે ઉરની વરાળ એકલો.''

પોતાની માટે પોતાના દુઃખમાં તો બધાં રડે, બધાંની આંખમાંથી આંસુની ધાર વહે. પણ બીજાના દુઃખે દુઃખી થનાર, બીજાની મુશ્કેલીઓમાં મદદ કરનાર વ્યક્તિ સાચા અર્થમાં માનવી હોય છે. મધર ટેરેસા બીજાના દુઃખે દુઃખી થતા. આજે પણ સમાજમાં એવાં લોકો છે જેઓ પારકાના દુઃખે દુઃખી થાય છે ને પારકાના દુઃખ જોઈને તેમની આંખમાંથી આંસુ સરી પડે છે. આવા આંસુ સાચા અર્થમાં આંસુ નીહં મોતી હોય છે. આવાં પરદુઃખભંજન લોકોને નામે આ પંક્તિઓ-

*''હર આંખ યહાં યૂં તો બહુત રોતી હૈ*
*હર બૂંદ મગર અશ્ક નહીં હોતી હૈ,*
*દેખ કર રો દે જો જમાને કા ગમ,*
*ઉસ આંખ સે આંસુ જો ગિરે મોતી હૈ.''*

❖❖❖


# આત્માની શોધ

**સંક્ષેપ સંકલન : નીલેશ મહેતા**

**બા**ર પ્રવાસી હતા. એક શહેરથી બીજા શહેરમાં જતા હતા. રસ્તામાં નદી આવી. હવે તે બધા ગભરાયા કે નદીને કેવી રીતે પાર કરીએ ? નદી ઉપર પુલ હતો નહિ. સામે પાર જવાનું જરૂરી હતું. કેવી રીતે જઈએ ? એમાં એક હોશિયાર હતો. તેણે કહ્યું : 'જુઓ ગભરાશો નહિ, નદીને પાર કરવી જ છે, બધા એક બીજાનો હાથ પકડી લો, આપણે બધા સામે પાર જતાં રહીશું.' બધાએ એ પ્રમાણે કર્યું ને નદી પાર કરી. હોશિયાર વ્યક્તિએ કહ્યું 'હવે આપણી ગણી લઈએ કે કોઈ નદીમાં તણાઈ ગયો તો નથી.' બીજાએ કહ્યું : 'તું જ વધારે હોશિયાર છે તું જ ગણી લે.' તે ગણવા લાગ્યો. 'એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, અગિયાર.'પોતાને ગણ્યો જ નહિ. ચમકીને બોલ્યો : 'આ તો અગિયાર છે, બારમો કયાં ગયો ? બીજાએ કહ્યું : 'થોભો હું ગણું છું.' તેણે પણ પોતાને ગણ્યો નહિ. આવી રીતે બધાંયે ભૂલ કરી અને પછી રડવા લાગ્યા. એક યાત્રી ત્યાંથી પસાર થયો. તેણે રડવાનું કારણ પૂછ્યું અને બારેયએ પ્રવાસી, પોતાની વાત કરી. પછી પેલા યાત્રીએ કહ્યું, હું તમારી બારમી વ્યક્તિને શોધી કાઢું તો ? બધાય પ્રવાસી બોલી ઊઠ્યા, 'તો અમે તમને ભગવાન માનીશું' તેણે કહ્યું સારું બધા બેસી જાઓ. હું દરેક વ્યક્તિના ગાલ ઉપર લાફો મારીશ અને તમારે ગણતરી કરતા જવાનું. તેણે બધાંને લાફો માર્યો અને બાર વ્યક્તિની ગણતરી થઈ ગઈ. બધા જ ખુશ થઈ ગયા કહ્યું, તમે તો ખરેખર ભગવાન છો.'

તમને આ બાર યાત્રીઓની મૂર્ખતા ઉપર હસવું આવે છે, પરંતુ વિચાર કરીને જુઓ : 'આપણે પોતે પણ શું કરી રહ્યા છીએ ?' આપણે બાર યાત્રીઓ જેમ જીવનની યાત્રા માટે ઊપડ્યા હતા. પાંચ કર્મ ઈન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, અગિયારમું મન અને બારમો આત્મા. આપણે આત્માને ભુલાવી દીધો. અગિયારને અગિયાર જ દેખાય છે. બારમો આત્મા દેખાતો જ નથી. આ અગિયાર માટે જ આપણે બધું કરીએ છીએ પણ આત્મા માટે કંઈ પણ કરતા નથી. આ અગિયારને આપણે દરેક જાતનું ભોજન આપીએ છીએ. આત્માને આપણે ભૂખ્યો રાખીએ છીએ. તેથી આજે આત્મા ડૂબી ગયો છે. તેથી મનુષ્ય દુઃખી છે. અશાંત છે તેને કોઈ જગ્યાએ શાંતિ મળતી નથી.

❖❖❖



# અશ્વિનીકુમાર અને ઇન્દ્ર

**દર્શાલી સોની**

દરેક વ્યક્તિએ હંમેશા તેણે આપેલ વચનનું પાલન કરવું જોઈએ. મૃત્યુનો ડર હોય તો પણ વચનબદ્ધ જ રહેવું જોઈએ. જે મનુષ્ય વચનનું પાલન કરે છે કે બ્રહ્મજ્ઞાની બની શકે છે.

અશ્વિનીકુમાર સ્વર્ગના ચિકિત્સક હતા. તેની પાસે સંજીવની વિદ્યા હતી. તે તેની સંજીવની વિદ્યા થકી મૃત વ્યક્તિને પણ જીવિત કરી શકતા. આથી બધા જ દેવો તેને ખૂબ માન-સમ્માન આપતા.

અશ્વિનીકુમારોએ દૃધ્યાડ ઋષિ પાસેથી વેદોની શિક્ષા મેળવી હતી. દૃધ્યાડ ઋષિ વેદોમાં પારંગત હતા. તે બ્રહ્મજ્ઞાની હતા. તેમજ તેમના જ્ઞાનની જગત આખામાં બોલબાલા હતી.

એકવાર દૃધ્યાડ ઋષિ પાસેથી જ્ઞાન ગ્રહણ કરીને અશ્વિનીકુમારો બોલ્યા, ''મહર્ષિ દૃધ્યાડ! કૃપા કરીને અમને બ્રહ્મજ્ઞાન આપો.''

પરંતુ દૃધ્યાડ ઋષિએ અશ્વિનીકુમારોને બ્રહ્મજ્ઞાન આપવાની ના પાડી. તેણે કહ્યું, ''તમે બધા સ્વર્ગલોકના ભોગોમાં ખોવાયેલા રહો છો. જે વ્યક્તિ સુખ-સુવિધા અને ભોગોમાં ખોવાયેલ રહે તે ક્યારેય બ્રહ્મજ્ઞાન ન મેળવી શકે. આથી તમે બ્રહ્મજ્ઞાન મેળવવાના અધિકારી નથીય મેં તમને વેદનું જ્ઞાન તો આપી દીધું છે પરંતુ હું તમને બ્રહ્મજ્ઞાન નહીં આપી શકું.''

અશ્વિનીકુમારો તેના ગુરુની વાત સાંભળીને હતાશ થઈ ગયા. માત્ર વેદનું જ્ઞાન ગ્રહણ કરીને તેઓ સ્વર્ગમાં પાછા ફર્યા. પરંતુ અશ્વિનીકુમારોને પોતાના જ્ઞાનનું ખૂબ જ અભિમાન હતું. તેઓ પોતાની જાતને જ સર્વોત્તમ માનતા. તેઓ ખૂબ જ અભિમાની બની ગયા હતા. આથી તે કોઈ ઋષિમુનિઓને પ્રણામ પણ ન કરતા.

એકવાર દેવલોકમાં દેવોની સભા ભરવામાં આવી. બધા દેવો પોત પોતાના સિંહાસન પર બેઠા હતા. અશ્વિનીકુમારો પણ તે સભામાં બેઠા હતા. પરંતુ ઈન્દ્રાસન ખાલી હતું.

દેવરાજ ઈન્દ્રએ જ્યારે સભામાં પ્રવેશ કર્યો ત્યારે બધા દેવો તેને સમ્માન આપવા માટે ઉભા થઈ ગયા. તેમજ બધાએ ઈન્દ્રને પ્રણામ કર્યા. ઈન્દ્રે તેનું આસન ગ્રહણ કર્યું પછી બધા દેવો પણ પોતાના સ્થાન પર બેસી ગયા. પરંતુ અશ્વિનીકુમારો તેના સ્થાન પરથી ઉભા જ ન થયા.

અશ્વિનીકુમારના આ વલણની જાણ ઈન્દ્રને થઈ. ઈન્દ્રને ખબર પડી કે અશ્વિનીકુમારોને તેના જ્ઞાનનું અભિમાન છે. તેના જ્ઞાનના અભિમાનને કારણે જ અશ્વિનીકુમાર બધાનો અનાદર કરી રહ્યા છે. આ વાતથી ઈન્દ્ર ખૂબ જ ગુસ્સે થઈ ગયા. તેણે અશ્વિનીકુમારોને દેવોની સભામાંથી બહાર કાઢી મુક્યા. ઈન્દ્રે કહ્યું, ''હે અશ્વિનીકુમાર! તમે બધા દેવો તો કહેવાશો પરંતુ એક પણ યજ્ઞમાં તમે ભાગ નહીં મેળવી શકો.''

આ ઘટનાને કારણે ઈન્દ્ર અને અશ્વિનીકુમારો વચ્ચે વેર થઇ ગયું. યજ્ઞમાં ભાગ ન મળવાને કારણે અશ્વિનીકુમારોનું જીવન નકામું થઈ ગયું. તેને ઈન્દ્ર તરફ ખૂબ જ ઈર્ષા થવા લાગી. તેઓએ ઈન્દ્ર સામે બદલો લેવાનો નિર્ણય કર્યો.

અશ્વિનીકુમારોએ નક્કી કર્યું કે, ''જો બદલો લેવો હશે તો બ્રહ્મજ્ઞાન મેળવવું પડશે. જ્યાં સુધી બ્રહ્મજ્ઞાન મેળવી ન શકાય ત્યાં સુધી બદલો પણ ન મેળવી શકાય.''

આથી અશ્વિનીકુમારો તેના ગુરુ મહર્ષિ દૃધ્યાક પાસે બ્રહ્મજ્ઞાન મેળવવા ગયા. તેઓએ ઋષિ દૃધ્યાકને ઈન્દ્રની સભાની આખી વાત કહી સંભળાવી. અંતમાં અશ્વિનીકુમારએ ગુરુ દૃધ્યાકને કહ્યું, ''હે મુનિવર! તમે અમારા ગુરુ છો. આથી મુશ્કેલીના સમયમાં અમારી મદદ કરો. ઈન્દ્ર ઓછા જ્ઞાની છે - એવું અમે સાબિત કરવા માંગીએ છીએ. બ્રહ્મજ્ઞાન થકી જ ઈન્દ્રને હરાવી શકાશે. કૃપા કરીને અમને બ્રહ્મજ્ઞાન આપો અને અમારું જીવન સાર્થક કરો.''

ઋષિ દૃધ્યાડએ જવાબ આપ્યો, ''હે અશ્વિનીકુમારો! હું તમારું કલ્યાણ જ ઈચ્છું છું. પરંતુ હું તમને બ્રહ્મજ્ઞાનની શિક્ષા નહીં આપી શકું. કારણ કે તમારા મનમાં ઈર્ષા, ગુસ્સો અને નફરત છે. જે વ્યક્તિના મનમાં ઈર્ષા અને ગુસ્સો હોય તે ક્યારેય બ્રહ્મજ્ઞાન ન મેળવી શકે. હવે તમે અહીંથી જાવ. ઈન્દ્ર ઈન્દ્ર સામે બદલો લેવા માટે કોઈ બીજો ઉપાય શોધો.''

અશ્વિનીકુમાર તો ખૂબ જ જીદ કરવા લાગ્યા. તે ગુરુને મનાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. અંતમાં ઋષિ દૃધ્યાડ પીગળી ગયા. તેણે અશ્વિનીકુમારોને કહ્યું, ''જ્યારે તમારા મનમાંથી ગુસ્સો અને નફરત નીકળી જાય ત્યારે મારી પાસે આવજો. હું જરૂરથી તમને

બ્રહ્મજ્ઞાન આપીશ.''

અશ્વિનીકુમાર ગુરુને પ્રણામ કરીને નીકળી ગયા. બીજી બાજુ ઈન્દ્રને પણ બ્રહ્મજ્ઞાન મેળવવાની તાલાવેલી લાગી. આથી ઈન્દ્ર પણ મહર્ષિ દ્ધ્યાડ પાસે જઈ પહોંચ્યા. તેણે ઋષિ દ્ધ્યાડને વિનંતી કરતા કહ્યું, ''હે મહર્ષિ ! તમે મને બ્રહ્મજ્ઞાન આપીને મારું જીવન સફળ કરો.''

ઋષિ દ્ધ્યાડએ જવાબ આપ્યો, ''હે દેવરાજ ઈન્દ્ર ! તમે તો સ્વર્ગના રાજા છો. બધા જ દેવો તમારું સમ્માન કરે છે. હું પણ તમારો ખૂબ જ આદર કરું છું. પરંતુ હું તમને બ્રહ્મજ્ઞાન નહીં આપી શકું. કારણ કે તમે સ્વર્ગના ભોગવિલાસમાં ખોવાયેલા રહો છો. જે વ્યક્તિ ભોગવિલાસમાં ડૂબેલા હોય તે બ્રહ્મજ્ઞાન મેળવવાને લાયક નથી.''

દેવરાજ ઈન્દ્રએ ઋષિ દ્ધ્યાડને અનેક ઈનામો આપવાનો પ્રયત્ન કર્યો. તેણે ઋષિને મનાવવા અનેક લાલચો આપી. આમ છતાં ઋષિ દ્ધ્યાડ બ્રહ્મજ્ઞાન આપવા તૈયાર થયા નહીં. થોડીવાર પછી ઈન્દ્ર ખૂબ જ ગુસ્સે થઈ ગયા. તેણે ગુસ્સામાં ઋષિ દ્ધ્યાડને કહ્યું, ''મે આટલી આજીજી કરી તો પણ તમે મને બ્રહ્મજ્ઞાન ન આપ્યું. જો હવે તમે મારા સિવાય કોઈને બ્રહ્મજ્ઞાન આપશો તો મારા વજ્રથી હું તમારું મસ્તક ઉડાવી દઈશ.''

આવા સંજોગોમાં ઋષિ દ્ધ્યાડ શું કરી શકે ? આથી તે ચૂપ થઇ ગયા. ઈન્દ્ર આદેશ આપીને તેના દેવલોકમાં પાછા ફર્યા.

અશ્વિનીકુમીરો પણ સ્વર્ગમાંથી બહાર નીકળીને આમતેમ આંટા મારી રહ્યા હતા. તેઓને યજ્ઞમાં ભાગ મળતો ન હોવાથી તેઓ ખૂબ જ દુ:ખી હતા. એકવાર ચ્યવન ઋષિની આંખોમાં ઈજા થઈ. અશ્વિનીકુમારએ તેની આંખો ઠીક કરી આપી. તેથી ચ્યવન ઋષિએ અશ્વિની-



કુમારોને અનેક આશીર્વાદ આપ્યા. આમ છતાં તેઓનું મન શાંત ન થયું.

અશ્વિનીકુમારોએ વિચાર્યું, ''જ્યાં સુધી બ્રહ્મજ્ઞાન નહીં મળે ત્યાં સુધી અમારું દુ:ખ દૂર નહીં થાય.'' આથી તે ફરીથી ઋષિ દ્ધ્યાડ પાસે ગયા.

અશ્વિનીકુમારોએ ખૂબ જ નમ્રતાથી ઋષિ દ્ધ્યાડને કહ્યું, ''હે ગુરૂજી ! તમે અમને વચન આપ્યું હતું કે અમારા મનમાંથી નફરત, ઈર્ષા અને ગુસ્સાની ભાવના દૂર થશે ત્યારે તમે અમને બ્રહ્મજ્ઞાન આપશો. અમારા મનમાં હવે કોઈપણ પ્રકારની ખરાબ ભાવનાઓ રહી નથી. હવે કૃપા કરીને અમને બ્રહ્મજ્ઞાન આપો.''

ઋષિ દ્ધ્યાડએ જવાબ આપ્યો, ''મને તો મારું વચન યાદ જ છે પરંતુ મુશ્કેલી એ છે કે દેવરાજ ઈન્દ્ર પણ બ્રહ્મજ્ઞાન મેળવવા માટે આવ્યા હતા. પરંતુ તેને પણ મે બ્રહ્મજ્ઞાન આપવાની ના પાડી. તેથી તે ખૂબ જ ગુસ્સે થઈ ગયા. તેણે મને કહ્યું છે કે જો હું કોઈને બ્રહ્મજ્ઞાન આપીશ તો તે મારું મસ્તક ઉડાડી દેશે. હવે તમે જ મને જણાવો. હું શું કરું ?''

અશ્વિનીકુમારો બોલ્યા, ''તમારું મસ્તક કપાવાના ડરથી તમે વચનનું પાલન નહીં કરો ? વચનનું પાલન ન કરવું એ તો અધર્મ કહેવાય.''

ઋષિ દ્ધ્યાડ ઊંડા વિચારોમાં ડૂબી ગયા. થોડીવાર પછી તે બોલ્યા, ''હે અશ્વિનીકુમાર ! હું આ નાશવંત શરીર માટે થઈને મારું વચન નહીં તોડું. ભલે દેવરાજ ઈન્દ્ર મારું મસ્તક કાપી નાખે તોપણ હું તમને બ્રહ્મજ્ઞાન આપીશ.''

અશ્વિનીકુમારો ખૂબ જ ખુશ થઇ ગયા. તેઓ બોલ્યા, ''ગુરુદેવ ! તમે ચિંતા ન કરો. અમારી પાસે સંજીવની વિદ્યા છે. અમે આ સંજીવની થકી મૃત વ્યક્તિને પણ જીવંત કરી શકીએ છીએ. અમે તમારું મસ્તક ફરીથી ઠીક કરી આપીશું. પહેલાં તો અમે તમારા આ મસ્તકની બદલે ઘોડાનું મસ્તક લગાવી આપીશું, આથી તમે અમને ઘોડાના મુખ દ્વારા અમને બ્રહ્મજ્ઞાન આપી શકશો. ઈન્દ્ર તમારું ઘોડાવાળું મસ્તક કાપીને લઇ જશે અને અમે તમારું મૂળ મસ્તક ફરીથી લગાવી આપીશું. આ રીતે તમે અમને બ્રહ્મજ્ઞાન પણ આપી શકશો અને તમારું પોતાનું મસ્તક બચી જશે.''

ઋષિ દ્ધ્યાડએ અશ્વિનીકુમારની વાત માની લીધી. અશ્વિનીકુમારએ ઋષિએ મસ્તક કાપીને ઘોડાનું મસ્તક લગાવી દીધું. આ રીતે ઘોડાના મુખેથી અશ્વિનીકુમારોએ બ્રહ્મજ્ઞાન ગ્રહણ કર્યું. ઈન્દ્રને આ વાતની જાણ થતા જ તે આશ્રમ પહોંચ્યા. તેણે ઋષિનું મસ્તક કાપી નાખ્યું.

ત્યારબાદ ઈન્દ્ર આશ્રમમાંથી ચાલ્યા ગયા. તેના જતા જ અશ્વિનીકુમારએ ઋષિ દ્ધ્યાડનું મસ્તક ફરીથી લગાવી આપ્યું.

આથી ઋષિ દ્ધ્યાડ જીવંત થઈ ગયા. વચનનું પાલન કરવાને કારણે ઋષિનું તેજ પણ વધી ગયું. ઈન્દ્ર પણ તેમનું સમ્માન કરવા લાગ્યા. કારણ કે જે વ્યક્તિ વચનનું પાલન કરે છે તેમનું દેવરાજ ઈન્દ્ર પણ સમ્માન કરે છે.

મનુષ્યે પોતે આપેલ વચનનું હંમેશા પાલન કરવું જોઈએ. વચન પાલનથી મોટો ધર્મ બીજો કોઈ નથી. ગમે તેવી મુશ્કેલી આવે તો પણ વચનબદ્ધ રહેવું જોઈએ. વચનનું પાલન કરવાથી વ્યક્તિનું તેજ પણ વધે છે.

❖❖❖

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય એવી આપણી માતબર સંસ્થાએ ૧ ૨ ૩ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક એકતા અને ઉત્કર્ષનાં ઉત્તમોત્તમ કાર્યો સંપન્ન કર્યા છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાશ્રીઓએ ઉદાર હૃદયે, હસતાં ચહેરે, દિલની ખુશીથી અને દિલેરી યુવકે હંમેશા સાથ આપ્યો છે... પણ છતાંય સહુને કહેવાનું મન થાય છે કે, આ સમાજ આપણો છે, તો તેમાં રહેતાં સાધર્મિકો પણ આપણાં જ છે, તો ચાલ ને હું પણ,

ફૂલ નહીં તો ફૂલની પાંખડી બની જાઉં,<br>
સમાજનાં આ દાનયજ્ઞમાં માટીની કોયડી બની જવું,<br>
કોઈકનાં જીવનને ઠારતી આંતરડી બની જાઉં,<br>
કોઈકનાં હરખનાં આંસુથી છલકાતી આંખડી બની જાઉં...<br>
ફૂલ નહીં તો ફૂલની પાંખડી બની જાઉં..

આપના ઘરે આવતાં શુભપ્રસંગે શ્રી સભાને યાદ કરી આપનાં હરખમાં સામિલ કરશોજી

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- સ્વ. ઝબકબેન દેવચંદ ટોલીયા ના આત્મશ્રેયાર્થે
- સ્વ. નાગરદાસ દેવચંદ ટોલીયા ના આત્મશ્રેયાર્થે
- સ્વ. રતિલાલ દેવચંદ ટોલીયા ના આત્મશ્રેયાર્થે
- સ્વ. ચંપાબેન રતિલાલ ટોલિયા ના આત્મશ્રેયાર્થે<br>હસ્તે પુત્રી સુશીલા ચંપકલાલ શાહ, પુના
- સ્વ. ચંપકલાલ દેવચંદ શાહ ના આત્મશ્રેયાર્થે
- સુશીલાબેન ચંપકલાલ શાહ<br>હસ્તે પત્ની સુશીલા ચંપકલાલ શાહ, પુના
- સ્વ. ચેતન ચંપકલાલ શાહના આત્મશ્રેયાર્થે
- સ્વ. અનિતા હેમંત શાહના આત્મશ્રેયાર્થે
- સ્વ. વિક્રમ ચંપકલાલ શાહ<br>હસ્તે માતુશ્રી સુશીલા ચંપકલાલ શાહ, પુના
- શ્રી નિલેશભાઈ નવનીતલાલ વોરા તરફથી (હાલ - કાંજુર માર્ગ) મુંબઈ
- રક્ષાબેન નિલેશભાઈ વોરા તરફથી (હાલ - કાંજુર માર્ગ) મુંબઈ
- રાજ નિલેશભાઈ વોરા તરફથી (હાલ - કાંજુર માર્ગ) મુંબઈ
- સ્વ. હસુમતિ જીતેન્દ્રભાઈ શાહ (દોઢીવાળા) સ્મરણાર્થે (હાલ - સાંતાક્રુઝ)

## સાભાર સ્વીકાર

સુશીલાબેન ચંપકલાલ શાહ - પુના તરફથી તેમના પરિવારજનોના આત્મશ્રેયાર્થે આધારસ્તંભ યોજનામાં રૂા. ૯૯,૯૯૯/- નું અનુદાન મળેલ છે.

વઢવાણ નિવાસી (હાલ મલાડ) માતુશ્રી ઉર્મિલાબેન સુરેશભાઈ શાહના સ્મરણાર્થે (S. K. પરિવાર મલાડ)

| | |
|---|---|
| શ્રી સી.યુ.શાહ તબીબી રાહત ફંડ<br>હસ્તે માહી ચિંતન શાહ | રૂા. ૫૦૦૦/- |
| શ્રી મેડીક્લેમ યોજના ફંડ પ્રિમીયમ<br>હસ્તે સાન્વી ચિંતન શાહ | રૂા. ૫૦૦૦/- |
| શ્રી સી.યુ. શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ<br>હસ્તે ભવ્ય અમીતભાઈ શાહ | રૂા. ૫૦૦૦/- |
| શ્રી રાહત ફંડ સ્વધર્મી સન્માન યોજના<br>હસ્તે તન્વી કિરણભાઈ શાહ | રૂા. ૫૦૦૦/- |
| (આધારસ્તંભ યોજના) વઢવાણ નિવાસી<br>(હાલ-મલાડ) માતુશ્રી ઉર્મિલાબેન સુરેશભાઈ શાહના સ્મરણાર્થે<br>(S.K. પરીવાર) હસ્તે ઉર્વી ચિંતન શાહ | રૂા. ૧૧૦૦૦/- |
| **કુલ** | **રૂા. ૩૧૦૦૦/-** |

વઢવાણ નિવાસી, હાલ બોરીવલી, સ્વ. અ.સૌ. દક્ષાબેન ભરતકુમાર ધોળકિયાની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે શ્રી ભરત ધોળકિયા પરિવાર તરફથી હસ્તે : હાર્દિક ધોળકિયા

શ્રી મેડીકલ પ્રિમિયમ યોજના ફંડ — રૂા. ૨૫૦૦૦/-

બોટાદ નિવાસી પૂ. પિતાશ્રી ધીરજલાલ છોટાલાલ દોશી તથા પૂ. માતુશ્રી કમળાબેન ધીરજલાલ દોશીના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી

| | |
|---|---|
| શ્રી સી.યુ. શાહ તબીબી રાહત ફંડ | રૂા. ૩૦૦૦/- |
| શ્રી પાણી પરબ ફંડ | રૂા. ૨૦૦૦/- |
| શ્રીમતી કંચનબેન વૃજલાલ શેઠ નોટબુક યોજના ફંડ | રૂા. ૩૦૦૦/- |
| શ્રી રાહત ફંડ સ્વધર્મી યોજના ફંડ | રૂા. ૩૦૦૦/- |
| **કુલ** | **રૂા. ૧૧૦૦૦/-** |

સ્વ. શ્રી હર્ષદરાય ધીરજલાલ દોશી તથા સ્વ. શ્રીમતી નીરૂપમા રશ્મિકાંત દોશીના આત્મશ્રેયાર્થે તેમના સ્વજનો તરફથી હસ્તે શ્રી રશ્મિકાંત ધીરજલાલ દોશી, ગં.સ્વ. સરોજ હર્ષદરાય દોશી, શ્રીમતી પ્રજ્ઞાબેન બીપીનભાઈ સંઘવી, શ્રીમતી દક્ષાબેન સંઘવી

| | |
|---|---|
| શ્રી સી.યુ.શાહ તબીબી રાહત ફંડ | રૂા. ૩૦૦૦/- |
| શ્રી પાણી પરબ ફંડ | રૂા. ૨૦૦૦/- |
| શ્રીમતી કંચનબેન વૃજલાલ શેઠ નોટબુક યોજના ફંડ | રૂા. ૩૦૦૦/- |
| શ્રી રાહત ફંડ સ્વધર્મી યોજના ફંડ | રૂા. ૩૦૦૦/- |
| **કુલ** | **રૂા. ૧૧૦૦૦/-** |

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

મીત ઉરેશભાઈ તુરખીયા તરફથી ધાંધલપુર નિવાસી (હાલ - મીરારોડ)

**શ્રી સી.યુ. શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ** — **રૂા. ૧૦,૦૦૦/-**

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **સંકેત — બંસરી**<br>શ્રી હિતેશભાઈ રસીકલાલ મીયાણીના સુપુત્ર ઢસા જંક્શન નિવાસી (હાલ કાંદિવલી)<br>શ્રી રાકેશભાઈ મુલચંદભાઈ ગોસલીયાની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ કાંદિવલી) | ૨૬૦૦ | ૨૬૦૦ |
| **સુશીલ — યશ્વી**<br>શ્રી જીલેશકુમાર પ્રવિણચંદ્ર સંઘવીના સુપુત્ર સુરેન્દ્રનગર નિવાસી (હાલ - સાયન-મુંબઈ)<br>શ્રી સમીર ચંપકલાલ સંઘવીની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ - બોરીવલી-મુંબઈ) | ૨૧૦૧ | ૨૧૦૧ |
| **પ્રિયાંક — પંક્તિ**<br>શ્રીમતી તૃપ્તીબેન હિતેશભાઈ ગુણવંતભાઈ ગાંધીના સુપુત્ર દામનગર નિવાસી (હાલ - દહિસર)<br>શ્રીમતી કિંજલબેન દીપકભાઈ નગીનદાસ મહેતાની સુપુત્રી પંક્તિ સુરેન્દ્રનગર નિવાસી (હાલ - થાણા) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **પૂજન — રીયા**<br>શ્રી ઉલ્લાસભાઈ ચંપકલાલ તુરખીયાના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - ઘાટકોપર) મુંબઈ<br>શ્રી કુલદીપભાઈ હર્ષદરાય ભાયાણીની સુપુત્રી લાઠી નિવાસી (હાલ - ઘાટકોપર) મુંબઈ | ૬૦૧ | ૬૦૧ |
| **જીમિત - C.A. — પલક -Dr.**<br>શ્રી સુધીરભાઈ રજનીકાંત સંઘવીના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - કાંદીવલી)<br>શ્રી જીતેશભાઈ રસિકલાલ ગાંધીની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ - દહિસર) | ૬૦૧ | ૬૦૧ |
| **વંદન — પ્રિયાંશી**<br>શ્રી નિતિનભાઈ ચમનલાલ જસવાણીના સુપુત્ર પાટી (બોટાદ) નિવાસી (હાલ - વસઈ, મુંબઈ)<br>શ્રી રૂપલ હેમલ શાહની સુપુત્રી શીપોર નિવાસી (હાલ - વિલેપાર્લા) | ૫૧૦ | ૫૧૦ |

## પ્રભુતામાં પગલાં

**ચિરાગ - તેજલ**

શ્રી નયનભાઈ વિનયચંદ્ર શાહના સુપુત્ર ચોટીલા નિવાસી (હાલ - અંધેરી)

શ્રી ભરતભાઈ હરખલાલ શાહની સુપુત્રી જુનાગઢ નિવાસી (હાલ - ઘાટકોપર) — ૧૧૦૧ ૧૧૦૧

# આંધળી પૂજા?

વજુભાઈ શાહ

સવારમાં હું બેઠો બેઠો રેંટિયો ચલાવતો હતો. એવામાં ૨૫-૨૭ વરસની ઉંમરના એક નવજવાન આવી ચડ્યા. રાષ્ટ્રપ્રેમની ભાવનાવાળા હતા. કેટલાંક વરસથી ખાદી પરણ પહેરતા હતા. સમાજશાસ્ત્રનો વિષય લઈને એમ. એ. થયા હતા. અભ્યાસની, દેશની રાજકારણની, વહીવટી શિથિલતાની, કાળાં બજારની, દુષ્કાળની વાતો ચાલી. એ દરમિયાન મારો રેંટિયો ધીમેધીમે ચાલ્યા કરતો હતો. એમણે મને પૂછ્યું :

‘‘રોજ કાંતો છો ?’’

‘‘ક્યારેક ન કંતાય; બાકી બનતાં સુધી તો રોજ કાંતું છું.’’

‘‘કેટલું કાંતો છો ?’’

‘‘સામાન્ય રીતે ૧૬૦ તાર તો ખરા જ. વધારે જે થાય તેટલું.’’

‘‘રોજનું નવટાંક સૂતર થતું હશે કે ?’’

‘‘નવટાંક તો અઠવાડિયે થાય. રોજનું તો અર્ધો તોલો, બહુ કરીએ તો ક્યારેક એકાદ તોલો. વધુ તો ક્યાંથી થાય ?’’

મારો જવાબ સાંભળીને એ જરા નિરાશ થઈ ગયા. થોડી વાર શાંત રહીને બોલ્યા, ‘‘તમારા જેવા બુદ્ધિશાળી માણસ હજુ આવું પકડીને બેઠા છે, એ ખરેખર નવાઈ જેવું લાગે છે. અંગત રીતે આમાંથી કોઈને શાંતિ મળતી હોય તે જુદી વાત છે. પરંતુ તમારા જેવાનો સમય આમ રેંટિયો ચલાવવામાં વેડફાય એ બરાબર છે ? દેશમાં આજે કોઈનોય સમય યંત્રયુગ પહેલાંના પુરાણા ઓજાર પાછળ જાય એનો કંઈ અર્થ છે ? આજના યુગમાં રેંટિયો બંધ બેસી શકવાનો છે ? એક જમાનામાં ગાંધીજીએ ખાદીની વાત ચલાવી, રાષ્ટ્રીય જાગૃતિ લાવવામાં એણે ઠીકઠીક ફાળો પણ નોંધાવ્યો. પરંતુ હવે દેશ સ્વતંત્ર થયો ત્યારે પણ એ જૂની વાતને પકડી રાખવામાં કંઈ ડહાપણ છે કે ? આધુનિક વિજ્ઞાન નવાં નવાં ક્ષેત્રો ખોલતું જાય છે, આજનું અર્થશાસ્ત્ર પણ કેટલું વિકાસ પામતું જાય છે ! એ બધાંનો ખ્યાલ કરીને તેનો પૂરો લાભ ઉઠાવવાને બદલે કેવળ ઊર્મિવશ બનીને રેંટિયાને પકડી રાખવો, એ એક પ્રકારની અંધશ્રદ્ધા નહિ તો બીજું શું ?



‘‘આપણા દેશમાં ઉત્પાદનની આજે કેટલી બધી જરૂર છે ? કરોડો માણસોને અન્નવસ્ત્રની આટલી કારમી તંગી હોય તે નિવારવા માટે રેંટિયો શું કામ આવી શકવાનો હતો ? સાંજ પડ્યે કાપડના ઢગલે ઢગલા ઉતારી શકે એવા યંત્રયુગમાં રોજનું અર્ધો તોલો કે તોલો સૂતર કાઢવા રેંટિયો પકડીએ, એમાં બુદ્ધિને વિસારીને કેવળ ઊર્મિવશતા પાછળ જ ખેંચાઈએ છીએ.’’

‘‘ચાલો, આપણે બુદ્ધિવાદની દૃષ્ટિએ, આધુનિક વિજ્ઞાન અને અર્થશાસ્ત્રના નિયમો અનુસાર આજના પ્રશ્નનોવિચારીએ. બીજા બધા ઉદ્યોગમાં અત્યારે નહિ ઊતરીએ, પણ કાપડનો જ પ્રશ્ન વિચારીએ. હવે તમે સમજાવો અને હિસાબ ગણાવો એ રીતે વ્યવસ્થા વિચારીએ. દેશને માટે જરૂરી કાપડ તો ઉત્પન્ન કરવું છે ને ?’’

‘‘હાસ્તો.’’

‘‘સારું ત્યારે, દેશ એટલે દેશનાં ગરીબ-તવંગર તમામ લોકો એ તો ખરું ને ?’’

‘‘એમાં પૂછવા જેવું શું છે ? આ દેશના ૩૫ કરોડ માણસોને અન્ન, વસ્ત્ર, આશરો, કેળવણી અને આરોગ્ય જેવી પ્રાથમિક જરૂરિયાતો મળવી જ જોઈએ અને એ રીતે આયોજન થવું જોઈએ.’’

‘‘ત્યારે આ ૩૫ કરોડ જેટલાં માણસોને કેટલું કાપડ જોઈએ ?’’

‘‘એ હિસાબ તો નથી ગણ્યો, પણ દરેક માણસને પહેરવાઓઢવા માટે ઠીકઠીક કપડાં તો જોઈએ જ ને !’’

‘‘કેટલાંકને ૨૫-૩૦ વારમાં થઈ રહે છે. મારા જેવાને ૩૦-૪૦ વાર જોઈએ છે. તમને જો ૩ વારનું પ્રમાણ ઠીક લાગતું હોય તો એ પ્રમાણે હિસાબ કરીએ.’’

‘‘ભલે એમ કરો.’’

‘‘અત્યારે હિન્દુસ્તાનની તમામ મિલો કેટલું કાપડ ઉત્પન્ન કરે છે ?’’

‘‘તમે જ કહો ને ?’’

‘‘મારી માહિતી મુજબ તો આપણા દેશની લગભગ ૪૦૦-૪૫૦ મિલમાં કુલ મળીને માથા દીઠ માંડ ૧૨ વાર મળી શકે એટલું કાપડ ઉત્પન્ન થાય છે. એમાં વસતી વધતી જાય છે, પણ નવું ઉત્પન્ન ખાસ વધી શકતું નથી. ઊલટું હડતાલો પડે ત્યારે ઉત્પન્નમાં ઘટાડો થાય તે જુદું. એટલે એકલી મિલો રાતદિવસ કામ કરે તોયે કાપડનો સવાલ તો ઊકલતો નથી. ૧૨ વારમાં કોને પુરું થાય ? મારા જેવા ૩૦-૪૦ વાર વાપરે, તમારા જેવા ૬૦-૭૫ વાર વાપરે અને

બીજાં કેટલાંક ૧૦૦-૨૦૦ વાર વાપરનારાં પણ હશે. એ બધાંનો હિસાબ ગણીએ તો કેટલાંકને ભાગે માંડ બે-પાંચ વાર કાપડ આવતું હશે અને કેટલાંકને તો નાગાંપૂગાં પણ રહેવું પડતું હશે. આમાંથી હવે વિજ્ઞાન અને આધુનિક અર્થશાસ્ત્રની દૃષ્ટિએ તમે જ માર્ગ બતાવો.''

''તો તો ઉત્પન્ન વધાર્યા સિવાસ બીજો માર્ગ શો હોઈ શકે ?''

''પણ ઉત્પન્ન વધારવું શી રીતે ?''

''મિલોની શક્તિ જો મર્યાદિત જ હોય તો તો પછી અન્ય સાધનોનો જ ઉપયોગ કરવો જોઈએ.''

''અન્ય સાધનમાં નજરે ચડે એવો તો આ રેંટિયો છે, અને એનું તો કંઈ ગજું નથી એમ તમને લાગે છે !''

''ત્યારે તમને એમ લાગે છે કે આજે મિલમાં જે કાપડનો જથ્થો ઉત્પન્ન થાય છે એમાં રેંટિયા દ્વારા કંઈ ગણનાપાત્ર ઉમેરો થઈ શકે તેમ છે ?''

''મારા જેવાને તો ખાતરી છે કે માત્ર મિલકાપડનો તૂટો જ પૂરવાની નહિ, પરંતુ સમગ્ર દેશની કાપડની તમામ જરૂરિયાતોને પહોંચી વળવાની એનામાં શક્તિ પડેલી છે. તમે જેને આધુનિક વિજ્ઞાનના ધોરણે ઝપાટાબંધ ચાલતી મિલો તરીકે ઓળખો છો તેના કરતાંય આ ધીમાં રેંટિયાની ગતિ વધારે છે.''

''એ કેવી રીતે ?''

''એવી રીતે કે બધી જ મિલો થઈને આજે માથા દીઠ ૧૨-૧૫ વાર જેટલું કાપડ ઉત્પન્ન કરે છે. જો દરેક ઘરમાં માત્ર નવરાશના વખતમાં રોજ રેંટિયો ચાલવા માંડે તો એના કરતાં વિશેષ કાપડ ઉત્પન્ન થાય.''

''જરા વિગતથી સમજાવશો ?''

''એક કુટુંબ પાંચ માણસનું ગણીએ. તેના ઘરમાં રોજ માત્ર બે-ત્રણ કલાક જ એક રેંટિયો ચાલે તો તેમાંથી બે તોલા સૂતર થાય. મહિને દિવસે દોઢ રતલ સૂતર થાય. એમાંથી લગભગ સાડાસાત વાર કાપડ બને. વરસ દિવસે ૯૦ વાર કાપડ થાય, એટલે માથા દીઠ ૧૮ વાર કાપડ આવે. પ્રત્યેક ઘરમાં રોજ માત્ર બે કલાક રેંટિયો ચલાવવો એ શું અઘરી વાત છે ?''

''ના, બે કલાક તો સાધારણ વાત ગણાય.''

''આ તો મેં દરેક કુટુંબની વાત કરી. હિંદુસ્તાનમાં આજે પાંચ લાખ ગામડાં છે, સાત કરોડ જેટલાં કુટુંબ હશે. એ બધાં કુટુંબના એકેએક માણસ પાસે આજે શું એટલું બધું કામ છે કે તેમાંથી એક જ માણસ માત્ર બે કલાક પણ ન બચાવી શકે ? ખરી હકીકત તો એ છે કે કરોડો માણસો પાસે કંઈ કામ જ નથી. વરસમાં ઘણો સમય ફરજિયાત બેકારીમાં ગાળવો પડે છે. દરેકે દરેક ઘરમાં માત્ર બે કલાક જ નહિ પરંતુ સહેજે રોજના ૧૦ કલાક રેંટિયો ચલાવી શકાય એવો અવકાશ છે. કામને અભાવે માનવશક્તિ વેડફાય છે. આળસ પોષાય છે. નવરાશમાંથી અનેક જાતની વિકૃતિ અને સમસ્યાઓ ઊભી થાય છે. દરેક કુટુંબમાં રોજના ૧૦ કલાક જેટલો રેંટિયો ચાલે તો ઓછામાં ઓછું રોજનું એક વાર કપડું થાય. વરસ દિવસે ૩૦૦-૪૦૦ વાર કાપડ પ્રત્યેક કુટુંબમાં થાય. આજે મિલો જેટલું કાપડ ઉત્પન્ન કરે છે તેટલું કાપડ તો માત્ર આવાં એક કરોડ કુટુંબમાં જ પેદા થઈ રહે. સાતેય કરોડ કુટુંબમાં આમ રેંટિયો ચાલે તો આજના કરતાં માથાદીઠ સાતગણું કાપડ પેદા થાય. એટલું બધું કપડું તો આ દેશના સાદા મહેનતુ લોકો પહેરવાનાય કયાં હતા ? આજે જેલટી મિલ છે એની સંખ્યા સાતગણી વધે ત્યારે એ રેંટિયાની બરાબરી કરી શકે ને ? હવે કહો કે રેંટિયાની શક્તિ કે ગતિને મિલ કદી પણ પહોંચી શકવાની ખરી કે ?''

''પણ પ્રશ્ન એ થાય છે કે જો આવી શક્તિ રેંટિયામાં ભરી પડી છે તો પછી લોકો એને અપનાવતા કેમ નહિ હોય ?''

''એનો જવાબ તો તમારી પાસે જ પડ્યો છે. તમે તમારો પોતાનો જ વિચાર કરોને ! તમે ભણેલાગણેલા છો. સમજુ છો. વિચારવંત છો. અર્થશાસ્ત્રના અભ્યાસી છો. ગાંધીજી જેવા મહાન પુરુષ અને દેશના બીજા ડાહ્યા માણસો આજ ત્રીસ વરસથી જે પોકારી પોકારીને કહી રહ્યા છે, અને વૈજ્ઞાનિક ઢબે પ્રયોગો ચલાવીને સુંદર પરિણામો બતાવી રહ્યા છે, તે છતાં તમે પોતે જ આજ સુધી રેંટિયો કેમ અપનાવ્યો નથી ? કેમ કે આપણે મોટા ભાગના માણસો રૂઢિજડ છીએ અને પરંપરા તેમજ પૂર્વગ્રહને વશ થઈને ચાલનારા છીએ. પરદેશીઓએ પોતાના સ્વાર્થને ખાતર, દગાથી, ક્રૂરતાથી, ચાલાકી ને ચતુરાઈથી આપણાં સાળ-રેંટિયાને ભાંગી નાખ્યાં. આપણા ભણેલા લોકો નવાં નવાં યંત્રોથી અંજાઈ ગયા અને આધુનિક વિજ્ઞાનને નામે ચાલતી અંધશ્રદ્ધાનો ભોગ બન્યા. રેંટિયો તો આપણને એ આંધળી પૂજામાંથી ઉગારીને સાચી વિજ્ઞાનદષ્ટિ આપવા મથે છે, સાચું અર્થશાસ્ત્ર શીખવવા માગે છે.

''આખી પ્રજા કાપડનો પ્રશ્ન આમ ઉકેલી શકે, તો એક ભારે સિદ્ધિ થઈ ગણાય. બાળકથી માંડીને બુઢ્ઢાં સુધી સૌ કોઈ પોતાને ઘેર બેઠાં આ કામ ઉપાડી શકે તેમ છે. વસ્ત્ર એ જીવનની પાયાની જરૂરિયાત છે અને એ બાબતમાં પ્રજાને સ્વાવલંબી બનાવવાનું સૌથી સહેલું છે. એ પ્રયોગ જો સાંગોપાંગ પાર ઊતરે તો આખી પ્રજામાં આત્મશ્રદ્ધા વધે અને એના દ્વારા સ્વાવલંબનનું જે તેજ પ્રગટે તે બીજી અનેક રીતે લાભદાયી થાય.''

❖❖❖


FLAMINGO
transworld pvt. ltd.
You Travel We Care
Successfully Planned Holidays for more than 2,10,000 Families
WHY FLAMINGO?
Tours to more than 75 Countries around the globe
Flamingo has a specific NRI Division to serve you better
In-house team of 70 Tour Managers
More than 50 Locations all over India
A Team of more than 200+ Committed Individuals
14 N | 15 D
Scandinavia With Chef
22,28 MAY, 5,12,29 JUNE, 17,31 JULY, 12 AUG 2025
13 N | 14 D
Whole of South Africa
1,9,15,19,20,21,23,29 MAY, 3,6,13,20 JUN, 4 JULY, 8,14 AUG, 11,19 SEP 2025
11 N | 12 D
Tasteful Turkey With Chef
4,18 MAY, 1 JUN, 9 SEP, 17,18,19,20,21 OCT 2025
14 N | 15 D
Spain Portugal With Chef
10,24 MAY, 14,28 JUN, 12 JUL, 16 AUG, 6,13,20,27 SEP, 4, 18 OCT 2025
9 N | 10 D
Canadian Rockies
23 MAY, 4 JULY 2025
13 N | 14 D
UK Scotland & Ireland
9 May, 23 May, 13 Jun, 18 Jul, 15 Aug, 19 Sep 2025
Opera House | Kandivali | Ghatkopar | Juhu | Andheri | Kharghar | Thane | Mulund | Mira Road | Virar
+91 98199 30022
www.flamingotravels.co.in
Advt.




PAWANDHAM (KANDIVALI)



ZALAWADI SANATORIUM (DEOLALI)

## Why Rising Sun Electric?

| | | |
|---|---|---|
| LATEST TECHNOLOGY PANELS | MAXIMUM GENERATION EFFICIENCY | REC CERTIFIED |
| EXPERIENCED PROFESSIONALS (7+ YRS) | SUPPLY, INSTALLATION, TESTING, COMMISSIONING IN ONE ROOF | NO SUB-CONTRACTORS |




# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future-----

Shop No. 8, Somaiya Chambers, Arvind Khatri Showroom, S. V. Road, Malad (W), Mumbai - 400 064.

**Contact us : 7021213467**

Email : risingsunelect@gmail.com | Website : www.risingsunelect.com

Advt.


WE DELIVER WHAT IS PROMISE !
WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !
ammpalholidays@gmail.com
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
DISCOVER THE WORLD, THE AMMPAL WAY!
Embark on unforgettable journeys with Ammpal Holidays!
We specialize in crafting unique travel experiences, offering pure vegetarian & Jain tours to breathtaking international destinations.
JAPAN CHERRY BLOSSOM WITH ALPINE ROUTE 11D
9th April 2025 (Full) 11th April 2025
ICELAND 10D
6th Mar & 1st Apr (Full) 4th & 24th Oct
CENTRAL EUROPE 9D
MAY - 13th | 23rd JUN - 3rd
SOUTH KOREA CHERRY BLOSSOM 10D
26th March 2025
SWISS + PARIS 10D
23rd April 2025
BAKU + GABALA WITH SHADAG & AZERBAIJAN + GEORGIA 7D
MAR - 10th | 21st | 24th APR - 16th | 23rd MAY - 7th | 21st | 28th
VIETNAM WITH SAPA 10D
FEB - 19th | MAR - 11th | 21st APR - 1st | 13th | 25th MAY - 6th | 17th | 27th
SOUTH AFRICA 12D
DEPARTURE STARTS MAY 2025
WE ALSO HELP, PLAN & EXECUTE
EXCLUSIVE WOMEN TOURS
CUSTOMISE TOUR FOR SOCIAL GROUPS
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare* & Visa Assistance
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
HOTEL
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100

Advt.

# થાનગઢ નિવાસી દોઢીવાળા પરિવાર મુંબઈ



અંબામાનુ સ્થાપના



ઇંદુબેન બી. શાહ – પિંકીબેન સ્વાતિબેન હેતલબેન



જિતેંદ્રભાઈ પી. શાહ – પંકજભાઈ



ભરતભાઈ એસ શાહ – રાજેંદ્રભાઈ



પ્રવિણભાઈ એચ. શાહ – દિપકભાઈ



લતાબેન એ. શાહ – મિનાબેન



જયેશભાઈ પી. શાહ – ભાવેશભાઈ



કિશોરભાઈ – પિયુષભાઈ



સુરેખાબેન જે. શાહ – મોનિકાબેન અમીબેન પ્રિતીબેન



ભરતભાઈ એસ શાહ – અનિષભાઈ



હંસાબેન એસ. શાહ – કુસુમબેન



કિર્તીભાઈ એસ. શાહ – ધર્મેશભાઈ

Advt.

# લોપામુદ્રા

હરિશ્ચંદ્ર

**ના**મ તો છે એનું શીલા, લાડમાં શીલુ; પણ એની વાત નીકળે છે ને મારા ઈ કહે છે, એને તો લોપામુદ્રા નામ જ શોભે. એની પોતાની કોઈ આગવી મુદ્રા જ કયાં રહી છે ?

શીલુ મારી મસિયાઈ બહેન. સરસ છોકરી છે – અથવા કહેવું જોઈએ કે, હતી. દેખાવમાં સુંદર, ભણવામાં હોશિયાર, સંગીત-નૃત્યમાં પણ આગળ. એમ.એ.માં ફર્સ્ટ ક્લાસ લાવી અને કૉલેજમાં ભણાવતી થઈ.

પણ મને પહેલી ઠેસ લાગી એના લગ્નના નિર્ણયથી. એને પરણવું તો હતું કૉલેજમાં સાથે કામ કરતા એક યુવાન પ્રાધ્યાપક સાથે. પરંતુ માતાપિતાના આગ્રહથી પરણી એક ભારે મોટા પૈસાદાર કુટુંબમાં. અને જે ભપકાથી એનો લગ્ન-સમારંભ થયો, મને તો જોઈને ચીતરી ચઢી ! મને સમજાયું જ નહીં કે શીલુ જેવી સંસ્કારી છોકરી આવો અભદ્ર દેખાડો ને ઠાઠ-માઠ શી રીતે સહન કરી શકી ? આમ તો એ કદી ઘરેણાં નહોતી પહેરતી. પણ સાસુએ કહ્યું, 'અમારા વિક્રમને બહુ ગમે છે.' એટલે ખાસ નાક-કાન ટોચાવી હીરાની ચૂ'ક-લવિંગિયાં વગેરે પહેર્યાં ! અને પછી તો મોટા ઘરની વહુ કહેવાય એટલે એવું પહેરવાનું ચાલુ રાખ્યું !

આવું મોટું ઘર પોતાની વહુ માસ્તરનું કામ કરે તે કેમ સાંખી લે ? શીલુએ કૉલેજ છોડી દીધી. એનો તેને ઝાઝો રંજ થયો હોય એમેય ન લાગ્યું. જાણે એનો નવો અવતાર જ થઈ ગયો. સાસરામાં એનું નામેય બદલાઈ ગયું. વિક્રમને શીલુ નહીં, સંગીતા નામ પસંદ હતું.

પરંતુ સંગીત હવે માત્ર નામમાં જ રહ્યું હતું. મોટા ઘરમાં સંગીત-નૃત્ય પોતાના સ્ટેટસને શોભે એવું નહોતું લાગતું. એટલે શીલુની એ બધી કળા ઉપર કાટ ચઢતો ગયો. અગાઉ શીલુ શાસ્ત્રીય સંગીત સાંભળતા અને ગાતાં એવી તો તેમાં લીન થઈ જતી ! પણ વિક્રમને શાસ્ત્રીય સંગીત પ્રત્યે ભારે સૂગ. એ જીવ સિલોન રેડિયોનો. પછી શીલુએ તો પતિના જીવમાં પોતાનો જીવ પરોવી જ દેવો પડે ને ! અને નૃત્યની તો વાત જ કેમ થાય ? આવા-મોટા ઘરાણાની વહુ તે કદી નાચતી હશે ?

અરે, જાતે ગાવા-નાચવાનું તો બાજુએ રહ્યું, પણ લગ્ન પછી સંગીત-નૃત્યના એક પણ કાર્યક્રમમાં શીલુ નહોતી ગઈ. વિક્રમને હિંદી ફિલ્મો જોવાનો બહુ શોખ. અઠવાડિયે બે પિક્ચર તો ખરાં જ. અને સહધર્મિણી થઈને શીલુએ પતિને સાથ આપવો જ રહ્યો. અગાઉ શીલુએ વરસે માંડ એકાદ-બે ન્યૂ વેવ ફિલ્મ જોઈ હશે.

અને પતિ સાથે બની-ઠનીને ક્લબમાં ને પાર્ટીમાંયે જવાનું. શીલુ ભારે સંયમી છોકરી હતી. કોકાકૉલાનેય કદી ન અડતી. પણ પાર્ટીમાં હવે મૉડર્ન પતિ સાથે પ્યાલી પીતીયે થઈ ગઈ હતી.

અમે સાંભળતાં કે શીલુ એના પતિની બહુ જ સંભાળ રાખતી. સવારે એ ઊઠે કે ટૂથબ્રશ હાજર. હાથ-મોં ધોઈ પરવારે કે શીલુ ચાનો કપ લઈ ને ઊભી જ છે. ગીઝર ચાલુ કરી પાણી કાઢી રાખે. ટુવાલ-કપડાં કાંઈ જ પતિએ જાતે લેવું ન પડે.....આવું બધું સાંભળી મારા ઈ કહે, 'શું શીલુનો પતિ અપંગ છે ?'

મને યાદ છે, શીલુને અંગ્રેજી માધ્યમનો કેટલો વિરોધ હતો ! અમે અમારાં બાળકોને જ્યારે અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં મૂક્યાં, ત્યારે એણે એટલો તો કકળાટ કરી મૂકેલો ! બાળકોને પરભાષામાં શિક્ષણ આપવું બિલકુલ અવૈજ્ઞાનિક છે, બાળકો ઉપરનો એ નર્યો અત્યાચાર છે, બાળકો પોતાના માદરે વતનની સંસ્કૃતિથી વંચિત થઈ જાય છે, વગેરે વગેરે. તે એટલે સુધી કે મારી બેબીને તો એના આગ્રહથી અમારે ઉઠાડી લેવી પડી ! પરંતુ આજે શીલુનાં પોતાનાં છોકરાં ઠેઠ બાલમંદિરથી જ અંગ્રેજી માધ્યમથી ભણે છે. મેં પૂછ્યું, આમ કેમ ? તો શીલુ કહે, 'છોકરાંવ ને તો બાપના ઘરના સંસ્કાર મુજબ જ ઉછેરવાં જોઈએ ને ?' હું અવાક્ થઈ ગઈ !

શીલુને એની મા સાથે બહુ જ પ્રેમ. પણ હવે એક જ શહેરમાં હોવા છતાં મા-દીકરી માંડ ચાર-છ મહિને મળી શકતાં હશે. મા આંખમાં આંસુ લાવી કહેતાં, 'હવે આપણો એના ઉપર થોડો જ હક્ક છે ?' અને મને નવાઈ તો ત્યારે લાગી જ્યારે ખુદ શીલુ બોલી, 'વારે વારે પિયર આવું એ મારા સાસુને નથી ગમતું. અને સાસુની રજા વિના થોડું જ બહાર નીકળાય છે ?'

મારું તો મગજ કામ નથી કરતું. શીલુની પોતાની કોઈ ઈચ્છા જ નહીં ? એનું પોતાનું કોઈ વ્યક્તિત્વ જ નહીં ? એની પોતાની કોઈ મુદ્રા જ નહીં ? એના પોતાના ગમા-અણગમા, રુચિ-અરુચિ, આશા-આકાંક્ષા કરું જ નહીં ? બસ, એણે માત્ર પોતાના પતિના ઘરસંસારમાં બંધબેસતા થઈ જવાનું ? મારા ઈ કહેતા હોય છે કે શીલુ શું કોઈ સ્પેરપાર્ટ છે, જેને મોટા યંત્રમાં ફીટ કરી દેવાનો ? અને સૌથી વધારે મને ખૂંચે છે તે એ કે આનો કશો રંજ, કશો વસવસો, કશો ઉદ્વેગ શીલુને પોતાને જણાતો નથી ! એણે આ બધું ચૂં ચાં કર્યા વિના જેમનું તેમ સ્વીકારી લીધું છે. આનાથી કાંઈક જુદું હોઈ શકે તેની જાણે એને કલ્પના સુધ્ધાં નથી.

(શ્રી પદ્મજા ફાટકની મરાઠી વાર્તાને આધારે)

# દીકરો નજીક હોવા છતાં દૂર

સંકલન તથા આલેખન
**સુબોધભાઈ બી. શાહ**

પિતા-પુત્રનો ઝઘડો થયો. નાનકડી વાતે બહુ મોટું સ્વરૂપ લીધું. પિતાનું મગજ ફાટફાટ થતું હતું. ગુસ્સો કંટ્રોલ બહાર પહોંચ્યો. પિતાએ પુત્રને ઘર બહાર કાઢ્યો, દીકરો અને દીકરાની વહુ બંને ઘરમાંથી નીકળી ગયાં. પહેરેલાં જ કપડાં, ખિસ્સામાં રૂપિયોય નહીં. ભોજન કેવી રીતે કરવું એ પણ એક પ્રશ્ન હતો. દીકરાની તો કોઈ ભૂલ પણ નો'તી પણ વહુને વારંવાર કંઈ ને કંઈ ખટપટ થયા કરતી.

વહુનો સ્વભાવ સહેજ આકરો. સાસુ તો સાવ ભોળાં અને અત્યંત સંવેદનશીલ. ઘર દીકરાએ છોડ્યું અને વેદના માના હૃદયમાં થાય છે. ઘરમાં પિતાનો એવો તો કડપ હતો કે માનું તો કશું ચાલે જ નહીં. દીકરાને જતો જોઈ માનું કાળજું કંપી ઊઠ્યું. દીકરો શું કરશે ? જુવાન દીકરો-વહુ આ નાનકડા ગામમાં ક્યાં જશે ? કોણ આશરો આપશે ? એ રાત તો માએ જાગતાં જ વીતાવી.

વહેલી સવારે નાનકો સમાચાર લાવ્યો 'બાઈ ! મોટા ભાઈ સીમાડેથી જ પાછા વળ્યા હતા અને આપણી બાજુના 'કાકા'નું ઘર ભાડે રાખી લીધું છે.'

માને હાશ થઈ. અનેરી શાતા વળી, દીકરો ગામમાં છે એટલે વાંધો નહીં. પિતાનો સ્પષ્ટ આદેશ હતો. 'ઘરના કોઈએ એની જોડે વ્યવહાર કરવો નહીં. એ કાળમુખાનું મોઢું જોયું છે તો તમારી ખેર નથી.' પિતાનો લાલઘૂમ ચહેરો અને તેમના કડક શબ્દોથી ઘરનાં સભ્યો ફફડતા રહ્યા. માતાના હૃદયમાં ધ્રાસકો પડ્યો. સગા દીકરા સાથેય વ્યવહાર નહીં ? દીકરો નજીક હોવા છતાંય દૂર રહેવાનું ? મા હોય છે કે જેનું હૃદય દીકરાના દુઃખને સહન નથી કરી શકતું. દીકરા માટે મા ગમે તે કરવા તૈયાર હોય છે. એક તરફ પતિનો આદેશ છે અને બીજી તરફ દીકરાનો પ્રેમ છે. માનું હૃદય



દીકરાના પ્રેમ તરફ ખેંચાયું. પતિની વાતને એકતરફ કરી – સમજો કે સ્વીકારી જ નહીં. અને દીકરા પ્રત્યે વ્યવહાર ચાલુ કર્યો.

પિતાને ખબર ન પડે એ રીતે મા પોતાના નાના દીકરા સાથે ઘરમાંથી એક એક વસ્તુ મોટા દીકરાને પહોંચાડે. ક્યારેક કપ-રકાબી તો ક્યારેક સીધું-સામાન. ક્યારેક તૈયાર રસોઈ - ધીરે ધીરે કરતાં કરતાં એ માએ મોટા દીકરાનું ઘર સામાનથી ભરી દીધું. એક એક ચીજ પહોંચાડી. પોતાની હાથખર્ચી બચાવીને માએ દીકરાનું ભલું કર્યું. ઘર હર્યુંભર્યું કર્યું.

ક્યારેક તો આ મા પતિની પાસેથી શાકના પૈસા લે અને ઘરમાં શાક સૂકું બનાવે. શાક માટે લીધેલા પૈસા જે વધે એમાંથી ઘરવખરી લાવે અને મોટા દીકરાને પહોંચાડે. આવો પ્રેમ આ માનો હતો. પણ પોતાના પતિને જરાય ગંધ ન આવવા દે કે દીકરા સાથે વ્યવહાર ચાલુ છે.

સમય ખાસ્સો વહી ગયો. બધા લોકો ભૂલી ગયા હતા. પણ એક બાપ આ પ્રસંગને ભૂલી ન શક્યો. દીકરા પ્રત્યેનો અણગમો વર્ષો સુધી છે.

હવે તો દીકરાએ એ ગામ છોડી દીધું અને શહેરમાં ઘર વસાવ્યું. પોતાના ગામથી ૨૦૦ કિ.મી. દૂર પહેલાં દીકરો ગામમાં હતો એટલે અવારનવાર પિતાની ગેરહાજરીમાં મમ્મી મળી જતી પણ હવે મમ્મીને દીકરાને મળવાની કોઈ શક્યતા ન હતી. પણ તે છતાંય મા છેક ગામડેથી વારે-તહેવારે દીકરાને કંઈક ને કંઈક મોકલી આપતી.

બરાબર ચૌદ વરસ સુધી પિતા-પુત્રના અબોલા ચાલ્યા. ચૌદ વરસના અંતે પિતાનું હૃદય પીગળ્યું. પિતા-પુત્ર વચ્ચે સમાધાન થયું. પિતા-પુત્ર પાછા એક થયા. અબોલા હતા ત્યારેય પુત્રને પિતા પ્રત્યે ખૂબ લાગણી હતી. અને પછીયે છેક સુધી લાગણી રહી. પિતાના નામે આ પુત્રે સેંકડો સુકૃત કરાવ્યાં. લોકો આજેય એ પુત્રની પિતૃ-ભક્તિ બિરદાવે છે.

આજે તો એ પિતા કે પુત્ર બેમાંથી એકેય હયાત નથી પણ પુત્રે કરેલ સુકૃતો, પુત્રની માતૃ-પિતૃભક્તિ સૌના હૈયે અહોભાવ જગાડે છે.

પુત્રની માતા આજે ૮૫ વર્ષની ઉંમરનાં છે. દીકરાને યાદ કરી કરીને આજેય આ માતા રડે છે. દરેક માતામાં માતૃત્વ તો છલકતું જ હોય છે. પણ આ માતામાં જે માતૃત્વ જોવા મળે છે તે બધાંથી કંઈક નોખું પડતું હોય એવું લાગે છે. કારણ કે આવા આદર્શ પુત્રને જન્મ આપનારી મા તો કોઈક જ હોય છે.

એ માને શત શત વંદના કે જેણે આવા આદર્શપુત્રને જન્મ આપ્યા અને તે પુત્રને પણ વંદના કે જેમે અંત ઘડી સુધી પણ પિતા પ્રત્યે દ્વેષ ન કર્યો અને સતત માતૃ-પિતૃભક્તિ કરતો રહ્યો.

**સૌજન્ય : સ્નેહ ભીનું સંભારણું**

# વીલમાં રાઈટ ઑફ રેસિડન્સ કોને કહેવાય ?

કિશોર એમ. શાહ - સોલિસીટર

વસિયતનામા અંગે હજી પણ અનેક ગેરસમજણ પાવર્તે છે, જેમ કે વીલ તો ખૂબ જ ધનિક માણસે જ કરવું પડે, તે માટે મોટો વકીલ રોકવો પડે, કોર્ટમાં જઈ અને ચોક્કસ દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન કરાવવું પડે, મોટો ખર્ચ કરવો પડે વગેરે. પરંતુ હકીકતમાં તેવું નથી.

વીલ (વસિયતનામું) સ્ટેમ્પ પેપર ઉપર કરવું જરૂરી નથી, એ સાદા કાગળ ઉપર પણ કરી શકાય છે. વીલનું રજિસ્ટ્રેશન પણ ફરજિયાત નથી. જરૂર હોય ત્યાં તેનું રજિસ્ટ્રેશન કરાવી શકાય છે.

વસિયતનામામાં સૌથી મહત્ત્વની વસ્તુ બે સાક્ષીઓની સહી છે. જો એમ ન હોય તો વીલ ગેરકાયદેસર ગણાય છે. વસિયત કરનાર વ્યક્તિએ આ બે સાક્ષીની હાજરીમાં જ વીલ તૈયાર કરવું જોઈએ અને આ સાક્ષીઓએ વીલ કરનારની હાજરીમાં જ વીલમાં સહી કરવી જોઈએ અને પૂરું નામ, સરનામું અને તારીખ લખવી જોઈએ.

વીલમાં દરેક સહીની નીચે તારીખ લખવી બહુ જરૂરી છે. વીલમાં સાક્ષીની જવાબદારી એટલી જ છે કે વસિયતનામું તેઓના સામે થયું છે અને વસિયતનામું કરનાર અને પોતે (સાક્ષીઓ) પરસ્પરની હાજરીમાં સહી કરી છે. વીલ કરનારના સાક્ષીઓને વીલની કોપી માગવાનો કાયદેસર હક નથી કે નથી વીલની વિગતો વાચવાનો હક. આ બે સાક્ષીઓમાં એક ડૉક્ટર અને એક સોલિસીટર હોય તો ઘણું જ સારું પડે. ડૉક્ટરને લીધે એ સાબિત થાય છે કે વીલ કરનાર વ્યક્તિએ સંપૂર્ણ સભાનતા અને સમજી વિચારીને વસિયતનામું કર્યું છે. એ વખતે તેની માનસિક, શારીરિક સુસજ્જતા બરાબર હતી.

કોઈ પણ પતિ જ્યારે વસિયતનામું બનાવે ત્યારે તેની પત્નીનો લાઈફ ઈન્ટરેસ્ટ ખાસ જોવો જોઈએ. રજિસ્ટર્ડ કૉ-ઑપરેટિવ સોસાયટીમાં પોતાનો ફ્લેટ ધરાવતી વ્યક્તિએ ફ્લેટ ખરીદતી વખતે જ એગ્રીમેન્ટ ફોર સેલમાં બીજું નામ પત્નીનું લખવું જોઈએ. સેકન્ડ નામ હોવાથી જરૂરી નથી કે પત્નીના ખાતામાંથી જ પેમેન્ટ થવું જોઈએ.



પત્નીને ફ્લેટમાં લાઈફ ઈન્ટરેસ્ટ આપવાથી તેની હયાતિ દરમિયાન તેને ઘરમાંથી કોઈ કાઢી શકતું નથી. લાઈફ ઈન્ટરેસ્ટ મળવાથી તે ફ્લેટ ઉપર પત્નીને કોઈ જાતનો કાયદેસર હક મળતો નથી, પણ એટલું છે કે એને જીવતા સુધી કોઈ ઘરવિહોણી કરી શકતું નથી.

સંજોગો અને સમયના પરિવર્તન સાથે પત્નીના લાઈફ ઈન્ટરેસ્ટમાં ફેરફાર કરી શકાય છે. વીલમાં પણ ફેરફાર કરી શકાય છે. પત્નીને લાઈફ ઈન્ટરેસ્ટ આપવાથી વીલ કરનારની ગેરહાજરીમાં રક્ષણ મળી રહે છે, એને સલામતી મળે છે.

વીલમાં લાઈફ ઈન્ટરેસ્ટ અને રાઈટ ઑફ રેસિડન્સ સું છે ?

વીલ કરનાર વ્યક્તિ જ્યાં રહેલી હોય તે રહેણાંકની જગ્યા કોઈ કારણસર તેના છોકરાને આપવી પડે તેમ હોય ત્યારે તેણે તેની પત્નીના રક્ષણ માટે અને તેણીના હિત માટે વીલમાં ખાસ લખવું કે જ્યાં સુધી પત્ની હયાત હોય ત્યાં સુધી તેને તે ઘરમાં રહેવાનો રાઈટ ઑફ રેસિડન્સ છે. વીલમાં એ પણ લખી નાખવું જોઈએ કે પત્નીને રહેવાના હક ઉપરાંત લાઈફ ઈન્ટરેસ્ટ પણ છે. એનો મતલબ એ હયાત હોય ત્યાં સુધી તેને કોઈ ઘરમાંથી બહાર કાઢી શકતું નથી.

આ જ વસ્તુ જ્યારે પ્રોપર્ટી પત્નીના નામે હોય ત્યારે પત્ની પોતાના પતિના હિતમાં લખી શકે છે. જે વ્યક્તિને રાઈટ ઑફ રેસિડન્સ કે લાઈફ ઈન્ટરેસ્ટનો લાભ ફ્લેટ/પ્રોપર્ટીમાં મળ્યો હોય તો તે હક્ક એ વ્યક્તિ જીવિત હોય ત્યાં સુધી જ મળે છે. એ વ્યક્તિ પોતાના વીલમાં આ રાઈટ ઑફ રેસિડન્સ કે લાઈફ ઈન્ટરેસ્ટ બીજાને નથી આપી શકતો.

એનઆરઆઈ ભારત ખાતેની મિલકત માટે વીલ કરી શકે છે

વિદેશમાં વસતા હજારો બિનનિવાસી ભારતીયો ભારતમાં ફ્લેટ, રહેઠાણની વ્યવસ્થા કે ખુલ્લો જમીનનો ટુકડો કે પ્લૉટ ધરાવે છે. શેરબજાર કે અન્ય ઘણી મુવેબલ પ્રોપર્ટીમાં રોકાણ ધરાવે છે. એનઆરઆઈ ભારત ઉપરાંત જ્યાં વસતા હોય એ દેશમાં પણ મુવેબલ કે ઈમુવેબલ પ્રોપર્ટી ધરાવતા હોય છે. આ કારણસર એનઆરઆઈએ

ભારતમાં જે કોઈ પ્રકારની મિલકત હોય, પ્રોપર્ટી હોય તેનું જુદું વીલ કરી નાખવું જોઈએ, એ જરૂરી છે કારણ કે ઈમુવેબલ પ્રોપર્ટી જો ભારતમાં હોય તો પ્રોબેટ અહીંથી જ લેવું પડે છે અને જો વ્યક્તિ વીલ કર્યા વગર ગુજરી જાય તો લેટર ઑફ એડમિનિસ્ટ્રેશન લેવું પડે છે.

લંડનમાં રહેતા અને ભારતમાં મિલકત ધરાવતી વ્યક્તિ તે પ્રોપર્ટી માટે વસિયતનામુ કરી શકે છે.

હિન્દુ એડોપ્શન અને મેઈન્ટેનન્સ એક્ટ-૧૯૫૬ પ્રમાણે કાયદા કેવા છે.

સામાન્ય રીતે કોઈ પણ હિન્દુ વ્યક્તિ તેની બધી પ્રોપર્ટી તેના કુટુંબીજનો સિવાય બીજા કોઈને પણ આપી શકે છે, પણ હિન્દુ એડોપ્શન એન્ડ મેઈન્ટેનન્સ એક્ટ, ૧૯૫૬ પ્રમાણે જો એ વ્યક્તિના કુટુંબીજનો તેની ઉપર આધાર રાખતા હોય તો તેમને માટે જુદી મિલકત તેઓની રક્ષા કાજે, સાચવણી ખાતર રાખવી જરૂરી છે, ફરજિયાત છે એટલે કે કોઈ પણ પતિએ વીલમાં પત્નીની જીવનની જરૂરિયાત મુજબની અમુક રકમ આપવી ફરજિયાત છે, પણ પત્ની જ્યારે વીલ બનાવે ત્યારે પતિ માટે તેણે મેઈન્ટેનન્સ માટે જુદી રકમ રાખવી ફરજિયાત નથી. આવી જ રીતે પતિ-પત્નીના વીલમાં તેમના દીકરાઓ અગર માયનર હોય કે અવિવાહિત દીકરીઓ હોય ત્યારે તેમને માટે અમુક રકમ રાખી મૂકવી ફરજિયાત છે. અવિવાહિત માયનર દીકરીઓ માટે તો તેના જીવનધોરણ પ્રમાણે તેના લગ્ન માટે જુદી રકમ રાખવી ફરજિયાત છે.

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>**નિરવભાઈ**<br>**9819012468** | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>**9867748120** | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>લોનાવલા<br>મિલનભાઈ<br>**9860125136** | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ<br>**9099350644 / 9426756100**<br>મુંબઈ – મિલનભાઈ તુરખિયા<br>**9860125136** |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

# ઈશ્વરનો ઈશારો

મહેશ દવે

ઘનશ્યામ અને ભરત સારા મિત્રો હતા. અવારનવાર મળતા. એકબીજાને ઘરે જતા. ઘનશ્યામને બે પુત્રીઓ હતી. ભરતને ત્યાં બાળક નહોતું. તેથી હોય કે તેના પ્રેમાળ સ્વભાવને કારણે ભરત ઘનશ્યામની નાની ૮ અને ૧૦ વર્ષની દીકરીઓ સાથે મીઠી મજાકો કરતો, વાતો કરતો અને દીકરીઆએ માટે સોગાદો લઈ આવતો. થોડા સમયમાં ભરતને બીજા શહેરમાં મોટી તક મળી. એ સારા પગારે ત્યાં ગયો. થોડો સમય પત્રવ્યવહાર અને ફોન પર વાતો ચાલી. ધીમે ધીમે સંબંધ આછો થતો ગયો અને અંતે પત્રવ્યવહાર ને ફોન બંધ થયા.

દરમિયાન ઘનશ્યામનું અવસાન થયું. સારી એવી દોલત મૂકી ગયો હતો. દીકરીઓ પણ મોટી થઈ ગઈ હતી. ભણીગણીને તૈયાર થઈ ગઈ હતી. નોકરી કરતી હતી. સારું કમાતી હતી. બંને સાથે જ રહેતી હતી. બંનેને એકબીજાની હૂંફ હતી. મોટી દીકરી રંજનને કૉલેજના મિત્ર રાકેશ સાથે સારો મેળ હતો. બંને સાથે હરતાં-ફરતાં, સિનેમા જોતાં, સાથે જમવા જતાં. નાની દીકરી ક્રિના પણ ઘણી વાર સાથે જોડાતી. બહાર ક્યાંય ટૂર પર જાય તો ત્રણે સાથે જ જાય.

રંજન શરમાળ અને સંકોચશીલ હતી. રાકેશ સાથે લગ્ન કરવાની વાત જીભ પર લાવી શકતી નહોતી. રાકેશ પણ એવો જ મૂંજા હતો. એ પણ કંઈ આગળ વધતો નહોતો. બધું એમ ને એમ ચાલ્યે જતું હતું. મજા હતી, દુઃખ નહોતું, પણ કાયમી સુખ અને સંબંધ માટે બંને પક્ષે તલસાટ હતો.

દૂરના શહેરમાં રહેતો ભરત ઘનશ્યામ અને તેની દીકરીઓને લગભગ ભૂલી ગયો હતો. ત્યાં એકાએક એક રાતે તેને સપનું આવ્યું. સપનામાં ઘનશ્યામ દેખાયો. બરાબર પહેલાં જેવો આબેહૂબ ઘનશ્યામ ! ઘનશ્યામે સપનામાં ભરતને કહ્યું, 'કેમ દીકરીઓને ભૂલી ગયો ને... ? જા... જઈને રંજનને કહે કે રાકેશને પરણી જાય. સુખી થશે.' ભરત ઝબકીને જાગી ગયો. 'રંજનને કેવી રીતે કહેવું ? છેલ્લાં દસ વર્ષથી એની સાથે વાત પણ કરી નથી કે દિવાળીકાર્ડ પણ લખ્યું નથી.' ભરતે પત્નીને ઉઠાડી વાત કરી. પત્નીએ કહ્યું, 'ગાંડો થયો છે શું ? સપનાં તો આવ્યાં કરે. બીજાની વાતમાં ડખલ ન કરીશ. કોણ જાણે કોણ છે રાકેશ ? પેલી છોકરી તારી ધૂળ કાઢી નાખશે.'

બીજે અઠવાડિયે ભરતને ફરી ઘનશ્યામ સપનામાં દેખાયો, વઢ્યો, 'હજી તેં રંજનને વાત નથી કરી ? મિત્રનું આટલું કામ પણ નહીં કરે ?' આ વખતે ભરતે મંદિરના બાપુની સલાહ લીધી. બાપુએ સૂચવ્યું, 'ફોન કરી જો. પૂછજે, લગ્ન કર્યું કે નહીં, કોઈ છોકરો શોધ્યો કે નહીં ? જે હશે તે આપોઆપ બહાર આવશે.'

રંજનના ફોનની ઘંટડી રણકી. રંજને કાલની આખી રાત રડી રડીને ગુજારી હતી. નાની બહેન ક્રિનાએ ધડાકો કર્યો હતો. એક નવા જ મિત્ર શેખર સાથે સગપણની સરપ્રાઈઝ જાહેરાત કરી હતી. થોડા વખતમાં પરણવાની હતી. શેખર સારો હતો. રંજનને ઈર્ષ્યા નહોતી, પણ એકલા પડી જવાનું દુઃખ હતું. ત્યાં ભરતકાકાનો ફોન આવ્યો. ભરતને ફેરવી ફેરવીને કહેતાં ન આવડ્યું. તેણે તો સીધી જ સપનાની વાત કરી દીધી.

રંજનને લાગ્યું કે પોતે આવા કોઈ સંકેતની રાહ જોતી હતી. સંકેત મળી ગયો. એ રાકેશ સાથે પરણી ગઈ. સુખી થઈ.

(૧૯૯૧માં બનેલી ઈંગ્લૅન્ડની સત્ય ઘટના. વાચકને સરળ પડે તેથી ડેબ્રા, એડ, વૅઇન, રૉબિન્સન, ચક એન્ટોન વગેરે નામોનું ગુજરાતીકરણ કર્યું છે.) ❖❖❖

**એપ્રિલ ૨૦૨૫ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫-૦૩-૨૦૨૫ પહેલા શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

Email : zalawadisabha@gmail.com

**કુલ ૫ કલર પેઈજ બુક થયેલ છે.**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે

**રવિવારે તકલીફ ન આપવી. સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**



# સૂર્યોદય એટલે જીવનોદય

અમૃત બાન્ટાઈવાળા

સવાર પડે છે.

સવાર પડે એટલે સૃષ્ટિમાં સરવળાટ થાય.

સૂર્યનો ઉદય થતાં પૃથ્વી સોનેરી વર્ણની દેખાય છે. ઠંડો હિમસભર મંદમંદ પવન સવારને આનંદમય બનાવે છે. ફૂલો ખીલી ઉઠે છે. એની સુવાસ જગતને સુવાસિત બનાવે છે.

સુંદર સવાર એટલે....

ગઈકાલે સાંજે અસ્ત થયેલો સૂરજ આજે ઊગ્યો. આખી રાત એણે સવારે જગતને ફરી પ્રકાશિત કરી સૃષ્ટિમાં નવો પ્રાણ પુરવાનું ચિંતન કર્યું હશે. જગતને એની કેટલી જરૂર છે એનો એણે વિચાર કર્યો હશે.

સવાર થતાં એ એના કાર્યમાં જોડાઈ ગયો.

પંખીઓ જાગે છે.

વાતાવરણ જાગે છે.

રાત્રે સૂઈ રહેલાં આ બધાંએ પણ સૂર્યની જેમ ચિંતન કર્યું હશે ? સવારે કયા પ્રદેશમાં ઊડીને ચણ ચરવું. એનો વિચાર પંખીએ કર્યો હશે. રાત્રે ગહેરી નિદ્રા લેતાં લેતાં પોતાની તાજી સુવાસથી સમગ્ર જગતને સુવાસમય બનાવી દેવું એવો વિચાર ફૂલે કર્યો હશે.

સતત કાર્યરત રહી થાકીને રાત્રે ચિર નિદ્રામાં સૂઈ ગયેલા જગતને સવારે પોતાના મંદ મંદ વેગથી નવા ઉત્સાહ સાથે ફરી કાર્યરત કરવા લહેરાવું એવું ચિંતન પવને કર્યું હશે.

અને માણસ....

રાત્રે સૂઈ ગયો. દિવસે કરેલાં કર્મોનાં લેખાં જોખાં કદાચ એણે કર્યાં હશે. આજે મેં આ કર્યું. આજે આટલું કમાયો વિરોધીને પાડી દેવા શું કરવું ! ઓફિસમાં બોસને સમજાવવા કયું બહાનું કાઢવું.

સુખી જીવન જીવવાનાં રળિયામમાં સ્વપ્ન પણ માણસે રાત્રે જોયાં હશે.

અને સવાર થયું.

સવાર એટલે સવાર

સવાર એટલે આજ.

સવાર એટલે વર્તમાન...આજે હું શું કરીશ ? કોને મદદ કરીશ ?

ઓફિસમાં સારું કામ કેવી રીતે કરીશ ? આજે પ્રામાણિક રીતે કેટલું કામ કરીશ. આજે પરિવાર માટે શું કરીશ. કુટુંબ, સમાજ, દેશ માટે શું કરીશ ! આવો વિચાર આવે તોય સવાર સવાર સાર્થક થશે.

સૂર્યોદય સાથે....માણસનો પણ ઉદય થાય છે.

જે ઊગે છે તે વિકસે છે.

છોડ ઊગે છે એટલે વિકસે છે.

ફૂલ ઊગે છે એટલે ખિલે છે. ખિલે છે એટલે સુવાસ આપે છે.

પવન પેદા થાય છે એટલે ગતિ કરે છે. જગતને ગતિ આપે છે. ફૂલની સુવાસને પોતાની સાથે લઈ જઈ જગતને સુવાસિત કરે છે, આનંદિત કરે છે.

સૂર્યોદય સાથે માણસનો પણ ઉદય થાય છે.

નવા વિચારોનો ઉદય થાય છે. નવા જ્ઞાનનો ઉદય થાય છે. નવા આચરણનો ઉદય થાય છે. નવા જીવનનો ઉદય થાય છે. નવાં સંશોધનોનો ઉદય થાય છે. નવી શ્રદ્ધાનો ઉદય થાય છે. નવી આશાનો ઉદય થાય છે. સારાં કર્મોનો ઉદય થાય છે.

ગઈકાલે કરેલી ભૂલો આજે ન થાય એવો વિચાર ઉદય થાય છે. સવાર શીખવે છે.

હું માણસ છું.

- હું 'હું' જ છું.
- હું સારું જ કરું
- હું સારું જ વિચારું
- હું સારું જ જીવું.

હું બીજાને સારી રીતે જ જીવવા દઉં.

આગિયો ત્યાં સુધી જ પ્રકાશતો હોય છે. જ્યાં સુધી ચંદ્ર ઉદય પામતો નથી. પરંતુ હજાર કિરણોવાળા સૂર્યનો ઉદય થતાં નથી આગિયો હોતો. નથી ચંદ્ર હોતો.

આવો આપણે સહુ આપણા જીવનના સૂર્યોદયને વધાવીએ.

❖❖❖

## મીઠી ટકોર

ઝંખે છે ભોમ પાણી પાણી ઓ મેહુલા !  
તારી કાં એક ના એંધાણી ઓ, મેહુલા.... ઝંખે છે.  
ઉજ્જડ ટીંબાની વાવ ખાલી ભેંકાર પડી  
સીમે આ શોક સોડ તાણી ઓ, મેહુલા...ઝંખે છે..  
ભાંભરતાં ભેંસ ગાય પંખી ગુપચુપ જોઈ  
ચાંચ ઉઘાડી બિડાણી ઓ, મેહુલા...ઝંખે છે.  
મારી માનવની આંખ જોતી ક્ષિતિજે કરાળ  
સૂરજની ચેહ ત્યાં ચેતાણી ઓ, મેહુલા.....ઝંખે છે.

– પ્રહ્લાદ પારેખ



# સત્યકામ જાબાલ

સ્વામી સચ્ચિદાનંદ

જેટલાં બાળકો જન્મે છે તે બધાં પોતપોતાની રુચિ અને ક્ષમતા સાથે લઈને જન્મતાં હોય છે. રુચિ, સ્વભાવ અને ક્ષમતા જન્મજાત હોય છે. તેમાં થોડો સુધારો-વધારો કરી શકાય, પણ ધરમૂળથી બદલી શકાય નહીં. આપણે રુચિની વાત કરીશું. પ્રત્યેકની રુચિ એકસરખી નથી હોતી. સૌ-સૌની ભિન્ન-ભિન્ન રુચિ હોય છે. કેટલીક વાર તો તદ્દન વિરુદ્ધ રુચિ પણ હોય છે. રસમાંથી રુચિ પેદા થતી હોય છે. સત્સંગ-કુસંગથી રુચિ-કુરુચિ વધતી હોય છે. કુરુચિના માણસને ગમે તેટલો સત્સંગ કરાવો તોપણ તે બદલાતો નથી અને સુરુચિવાળા માણસને પણ ગમેતેવા કુસંગમં નાખો તોપણ અંતે તે સુધરતો હોય છે. સંગની અસર થાય, પણ મૂળમાં જે પ્રકારની રુચિ હોય તેનો પ્રભાવ છેક સુધી રહેતો હોય છે. ડાકુઓમાં પણ સંત હોય છે અને સંતોમાં પણ ડાકુઓ હોય છે. આનું કારણ જન્મજાત રુચિ હોય છે.

હવે મૂળ વાત ઉપર આવીએ. કેટલાક છોકરાઓ ભણવા માટે જ જન્મ્યા હોય છે. કશી સગવડ ન હોવા છતાં, ઘણી અગવડો વેઠ્યા પછી પણ તે ભણવાનું કાર્ય કરતા જ રહે છે, તો બીજી તરફ કેટલાક છોકરાઓને ભરપૂર સગવડો આપો તોપણ ભણી શકતા નથી. જન્મજાત રુચિ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. 'છાંદોગ્ય ઉપનિષદ'ના ચોથા ખંડમાં સત્યકામ જાબાલથી આવી જ એક કથા આવેલી છે તે આ પ્રમાણે છે :

**સત્યકામો હ જાબાલો જબાલાં**
**માતરમામન્ત્રયાંચક્રે,**
**બ્રહ્મચર્યં ભવતિ, વિવત્સ્યામિ,**
**કિંગોત્રો ન્વહમસ્મીતિ ।।૧।।**

અર્થાત્ સત્યકામ જબાલાનો પુત્ર હતો. તેણે એક વાર માતા જબાલાને કહ્યું કે ''હવે મારી ઉંમર થઈ ગઈ છે. મારે વિદ્યા ભણવી છે. મને કોઈ સારા ગુરુકુળમાં દાખલ કરાવી દે અને મારું ગોત્ર કયું છે તે મને કહે.''

ત્યારે જેને યજ્ઞોપવીત આપી હોય તેને જ ગુરુકુળમાં પ્રવેશ મળતો. સત્યકામને યજ્ઞોપવીત અપાઈ ન હતી, કારણ કે તેના ગોત્રની ખબર ન હતી. ત્યારે ગોત્રનું બહુ મહત્ત્વ હતું. ગોત્ર એટલે વંશ ચલાવનાર મૂળ પુરુષનું નામ, જેથી તેનાં વંશ અને કુળની ખબર પડે. વંશ અને કુળ ઉપરથી વ્યક્તિનું વ્યક્તિત્વ સ્પષ્ટ થતું હોય છે. જેમ ગીર ગાય, કાંકરેજી ગાય, જરસી ગાય વગેરે જેમ અલ્સેસિયન કૂતરો, ડૉબરમેન કૂતરો, દેશી કૂતરો વગેરે. જેમ બાસમતી ચોખા, જીરાસર ચોખા વગેરે. જેમ કેસર કેરી, હાફુસ કેરી, લંગડો કેરી વગેરે. આમ લગભગ બધી વસ્તુઓનાં કુળ-ગોત્ર હોય છે. તેના પ્રમાણે તેના ગુણ-દોષ પણ હોય છે. જોકે તેમાં અપવાદ પણ હોય જ છે, તોપણ મોટા ભાગે તેના કુળ પ્રમાણે ગુણદોષ રહેતા હોય છે. આટલા જ માટે પ્રાચીનકાળમાં પોતાના ગોત્રસહિત નામ પૂછવાની કે બોલવાની પદ્ધતિ હતી. જેમ કે –

**ભારદ્વાજગોત્રોત્પન્નો યજ્ઞશર્મા નામાઽહં**
**ભવન્તમભિવાદયે ।।**

અર્થાત્ ભારદ્વાજ ગોત્રમાં ઉત્પન્ન થયેલો હું યજ્ઞશર્મા આપને વંદન કરું છું. આજે જેમ આપણે સૌ નામની આગળ અટક લગાવીએ છીએ તેમ પ્રાચીનકાળમાં ગોત્ર લગાવાતું હતું. પણ જબાલાને પોતાના પુત્રના ગોત્રની ખબર જ ન હતી, કારણ કે તેના પતિનું ઠેકાણું જ ન હતું. તે પોતે જ સત્યકામને સ્પષ્ટ કહે છે કે:

**''બહ્વહં ચરન્તી પરિચારિણી યૌવને**
**ત્વામલભે''**

અર્થાત્ યુવાવસ્થામાં પરિચારિકા તરીકે હું કામ કરતી હતી તેથી ઘણા પુરુષોના સંપર્કમાં આવવાથી તું મને પ્રાપ્ત થયો હતો, તેથી મને ખબર નથી કે તું કયા ગોત્રનો છે. એટલે કોઈ પૂછે તો કહેજે કે ''હું સત્યકામ છું અને મારી માતાનું નામ જબાલા છે.''

કેટલાક લોકો આવી ચોખ્ખી પણ આઘાતજનક વાતને સ્વીકારવામાં આઘાત અનુભવતા હોવાથી એવા અર્થ કરે છે કે ઘણા મહેમાનોની સેવાશુશ્રૂષા કરતી રહેવાથી પતિને તારું ગોત્ર પૂછવાનું રહી

ગયું. આ વાત યોગ્ય નથી. જ્યારે જબાલાનું લગ્ન થયું હતું ત્યારે લગ્નવિધિમાં જ વરકન્યાનું ગોત્ર સ્પષ્ટ થાય છે. તેથી ગોત્રનું જ્ઞાન તો લગ્ન વખતે જ થઈ જાય છે. માનો કે તે વખતે ન થયું હોય તોપણ પાછળથી તો ખબર પડી જ જાય. માનો કે તેવું પણ ન થયું હોય તો પતિના નામની તો ખબર હોય જ, તો સત્યકામ જાબાલ કહેવાની જગ્યાએ પતિનું નામ સૂચવ્યું હોત, પણ ખરેખર આવું નથી. જબાલા કુંવારી માતા લાગે છે, એટલું જ નહીં, તે પોતે કહે છે: ''બહ્વહં ચરન્તી'' – ઘણા પુરુષોના સંપર્કમાં આવેલી તેમાંથી કયા પુરુષનો તું બાળક છે તેની ખબર ન હોવાથી મારા (માતા જાબાલાના) નામથી તારી ઓળખ આપજે.''

અહીં બે બાબતો સ્પષ્ટ થાય છે : એક તો કુંવારી માતાનું બાળક ત્યારે સ્વીકાર્ય થતું હશે. બીજું, આટલું ભયંકર સત્ય પુત્રની આગળ જબાલા જ બોલી શકે. જબાલાના ભાઈઓ વગેરે બીજો પરિવાર હશે જ, તેમના આધારે પણ ગોત્ર નક્કી થઈ શકે, પણ તે કશું જ છુપાવતી નથી. જે છે, જેવું છે તેવું સ્પષ્ટ અને ચોખ્ખું પોતાના પુત્રની આગળ કહી દે છે ! કદાચ ત્યારે પ્રગતિશીલ જમાનો હશે. જે હોય તે, પણ આવું ભયંકર સત્ય માત્ર ને માત્ર જબાલા જ પોતાના પુત્ર આગળ બોલી શકે.

આઠ વર્ષનો સત્યકામ ગુરુકુળમાં પ્રવિષ્ટ થવા માટે ઘરેથી નીકળી પડ્યો. એક પછી એક તે ઘણાં ગુરુકુળોમાં ગયો અને આચાર્યોને મળ્યો, પણ દરેક જગ્યાએ પહેલાં જ ગોત્ર પૂછે, ''તારું ગોત્ર શું છે ?'' અને સત્યકામ જવાબ આપે, ''મને ખબર નથી.'' તરત જ તેને હડધૂત કરીને પાછો કાઢી મૂકે. આમ રખડતો-ભટકતો તે અંતે હારિદ્રુમત નામના ઋષિના ગુરુકુળમાં ગયો. ત્યાં પણ આ જ પ્રશ્ન પુછાયો: ''તારું ગોત્ર શું છે ?'' અને જવાબ અપાયો ''મને ખબર નથી, મારી માતાએ મને કહ્યું છે કે તારું નામ સત્યકામ છે અને મારું નામ જબાલા છે તેથી તું સત્યકામ જાબાલી કહેવાય. મને આટલી જ ખબર છે.''

સત્યકામની આટલી સ્પષ્ટ વાત સાંભળીને હારિદ્રુમતે તિરસ્કાર કરવાની જગ્યાએ તેને છાતીએ લગાવી લીધો અને કહ્યું કે ''તું ખરેખર બ્રાહ્મણ જ છે. બ્રાહ્મણ સિવાય આટલી આત્મનિંદિત વાત બીજો કોઈ કરી શકે નહીં.

**''નૈતદ્ બ્રાહ્મણો વિવક્તુમર્હતિ''**

''આટલું સ્વનિંદિત સત્ય બ્રાહ્મણ સિવાય બીજો કોઈ બોલી શકે નહીં. માટે અવશ્ય તું બ્રાહ્મણ જ છે.'' હારિદ્રુમતે સત્યકામને ગુરુકુળમાં પ્રવેશ આપી દીધો. ઉપનિષદમાં છેવટ સુધી સત્યકામના પિતાના નામની ખબર પડી નથી. તેણે ધાર્યું હોત તો ગમે તે ગોત્ર બતાવી દીધું હોત. પિતાનું નામ પમ ગમે તે બતાવ્યું હોત, પણ તે છેક સુધી સત્યને વળગી રહ્યો. આવા સત્યને 'સ્વનિંદિત સત્ય' કહેવાય છે. જે સત્ય બોલવાથી પોતાની જ નિંદા થાય તેને સ્વનિંદિત સત્ય કહેવાય. લોકો સ્વપ્રશંસિત અસત્ય બોલતા હોય છે, અર્થાત્ પોતાની પ્રશંસા થાય તેવું અસત્ય બોલતા હોય છે. જેમ કે ઘણા સાધુઓ પોતે બ્રાહ્મણ કે ક્ષત્રિય ન હોવા છતાં પોતાને બ્રાહ્મણ બતાવે, રાજા-મહારાજા, નગરશેઠ કે જાગીરદારના પુત્ર બતાવે. પોતે પહેલાં D.S.P. કે કલેક્ટર જેવા ઊંચા હોદ્દા ઉપર હતા તેવું ડીંડક ચલાવે. આ રીતે પોતાના માટે ગૂડવિલ બનાવે. તો કેટલાક પોતાની ઉંમર ૧૦૦-૨૦૦-૫૦૦ વર્ષની બતાવે. એક બહુ ચર્ચિત આચાર્ય પોતાના ગુરુની ઉંમર ૬૦૦ વર્ષની બતાવતા હતા. આવું સરાસર અસત્ય બોલીને પોતાની ગૂડવિલ બનાવે. આ લોકોને સત્યમાર્ગી ન કહેવાય. તેમનો ભરોસો ન થાય. અને કોઈ ભરોસો કરે તો મૂર્ખા જ કહેવાય. ધાર્મિક જગતમાં આવું ડીંડક ઘણું ચાલતું રહે છે, લોકો આંધળા થઈને આવા ડીંડકવાદીઓને શરણે જતા હોય છે અને લૂંટાતા હોય છે.

ધન્ય છે જબાલાને, ધન્ય છે સત્યકામને, અને ધન્ય છે હારિદ્રુમત ઋષિને, જેમણે સ્વનિંદિત સત્યનો સ્વયં સ્વીકાર કર્યો. આવા પુરુષોને જ આર્ષ કહેવાય. પેલા બનાવટી, પાખંડી, ઢોંગીઓ કદી આર્ષ ન થઈ શકે. અને છતાં કોઈ આર્ષ માને તો ખાડામાં જ પડે. પૂરી પ્રજાને ખાડામાં નાખનારા આવા મિથ્યાવાદીઓ ભગવાન થઈને પૂજાય તો પ્રજાની દુર્દશા જ થાય તેમાં શંકા નહીં. પછી તો હારિદ્રુમત ઋષિએ સત્યકામને ઘણી વિદ્યા આપી. ઋષિએ તેને ચારસો ગાયો આપી અને કહ્યું કે''એક હજાર ગાયો થાય ત્યારે પાછો આવજે.'' તે ગાયો ચરાવતો રહ્યો અને જ્યારે હજાર સંખ્યામાં ગાયો થઈ ત્યારે પાછો આવ્યો.

હારિદ્રુમતે તેને પૂર્ણ વિદ્યા આપી પૂર્ણ જ્ઞાની બનાવ્યો. આ આખ્યાયિકા દંભીઓની આંખ ઉઘાડનારી છે, દંભને સ્વીકારીને દંભની પૂજા કરનારા અંધકચરા શ્રદ્ધાળુઓન પણ આંખ ઉઘાડનારી છે. દંભને ન પૂજો, સત્યને પૂજો. સત્ય જેવું હોય તેવું પણ સત્ય જ કલ્યાણકારી થઈ શકે, અસત્ય કે દંભ કદી નહીં. પણ જ્યાં ચારે તરફ દંભીઓનો રાફડો ફાટ્યો હોય ત્યાં સત્યને કોણ પૂજવાનું હતું ? ઉર્દૂના શાયરે ઠીક જ કહ્યું છે.

**હર શાખપેં ઉલ્લૂ બૈઠે હૈં,**
**અંજામે ગુલિસ્તા ક્યા હોગા ?**

પ્રત્યેક ડાળી ઉપર જ્યાં ઘુવડ બેઠાં હોય તેવા બગીચાનો અંજામ કેવો થશે ?

❖❖❖

# મોંઘી જણસ - પાણી અને વાણી

ધીરૂભાઈ મીરાણી

**ના**નો હતો ત્યારે દાદીમા પાસે અને મારી માતા પાસે અવારનવાર સાંભળવા મળતું ‘‘વાણી અને પાણી બંને સાચવીને વાપરવા’’ તે વખતે આ વાક્યનું બહુ મહત્ત્વ સમજાતું નહીં, પણ જેમ જેમ ઉંમર વધતી ગઈ, પરિવારમાં અને સમાજમાં જુદા જુદા સ્તરે અનુભવો થતા ગયા, ત્યારે એક અલગ જ પરિપ્રેક્ષ્યમાં માતાઓએ આપેલ શિખામણનો અર્થ સમજાયો.

મારા પરિવારમાં મારી છાપ ખરાબ. કોઈના પણ મોઢા પર કડવી રીતે મને જે સત્ય લાગતું હોય તે કટુ સત્ય કહી નાંખતો. સમાજમાં સામાજીક કાર્યો માટે પ્રવેશ કર્યો ત્યારે પણ એ ખરાબ કહી શકાય તેવી આદત ચાલુ રહી, પરિણામે સગાં સંબંધીઓ, મિત્રો તથા સમાજના સહકાર્યકર્તા પોતાનો સ્વાર્થ સાધવા મારો ઉપયોગ કરતા, કામ પતી જાય પછી અળગા થઈ જતા, અને મારા માટે પીઠ પાછળ ઘસાતું બોલતા. મારી પત્ની મને અવાર નવાર ટકોર કરે, કહેતી પણ ખરી **सत्यं बुयात्, प्रिय बुयात्,** સત્ય બોલો પણ પ્રિય લાગે તેવું બોલો. ત્યારે તો મારો અહમ પત્નીની વાત કાને ન ધરતો, પણ આજે પાકટ વયે એ વાત સાચી લાગે છે, વાણી પર સંયમ રાખવાની કોશીષ કરું પણ છતાં ક્યારેક કૂતરાની પૂંછડી વાંકીની જેમ ી રાજાપાઠમાં આવી જવાય.

પણ નાનપણની શિખામણ યાદ આવતાં વાણીના ઉપયોગ અંગે પણ સ્વાનુભવની વાત વાંચકો સમક્ષ મૂકાઈ ગઈ.

કહેવાય છે કે વિશ્વમાં હવે પછીનું યુદ્ધ પાણી માટે થશે. આવું શા માટે ? જે રીતે પાણીનો વેડફાટ થઈ રહ્યો છે, જેટલું પાણી છે તે બધું પર્યાવરણની લાપરવાહીના કારણે પ્રદૂષીત થઈ રહ્યુ છે, પર્યાવરણના આવરણો ભેદાવાના કારણે હિમશિખરો પીગળી રહ્યા છે, વરસાદની સીઝન,



વરસાદ દ્વારા મળતું પાણી આ બધાં અનિશ્ચીત થતાં જાય છે, તેના કારણે માનવ જાતી તથા પશુ પક્ષીઓ ઉપયોગમાં લઈ શકે તેવા પાણીનું પ્રમાણ ઘટતું જાય છે. નદીને આપણે માતા કહીએ છીએ પણ તેની હાલત જોઈએ તો ગંદી ગટરનાં નાળાંથી વિશેષ નથી. ગુજરાત તરફથી મુંબઈ આવીએ ત્યારે બોરીવલી અને દહીસર સ્ટેશન વચ્ચે ખૂબ જ ગંદકીથી ચીતરેલું નાળું આવે છે, સવારના મુંબઈ તરફથી આવતી ટ્રેનની બારીમાંથી અભદ્ર દ્રશ્યોના દર્શન થાય છે, એ વખતે તમારા કાનમાં કોઈ કહે આ ગંદુ નાળું દહીંસર નદી છે, તો તમને શું થાય ?

એ જ પ્રમાણે મુંબઈના ઉપનગર કુર્લાથી કાલીના થઈને સાંતાક્રુઝ જવાના રસ્તે મીઠી નદી આવે. તેના બંને કાંઠે ગેરકાયદેસર ચાલતાં કારખાનાં તથા ગોડાઉનોમાંથી સતત ગંદા પાણી, તેલ, તથા કેમીકલો ઠલવાતાં રહે છે. જુલાઈ ૨૦૦૫માં મુંબઈના અભૂતપૂર્વ વરસાદ વખતે મીઠી નદીમાં આવેલા પૂરના કારણે ખૂબ ખાનાખરાબી થઈ, વહીવટીતંત્ર સફાળું જાગ્યું, ફક્ત નકશા પર દેખાતી નદી હજુ પણ અસ્તીત્વ ધરાવે છે, તેનું જ્ઞાન થયું અને મીઠી નદીના સફાઈ અભિયાન માટે કરોડો રૂપિયા મંજૂર કરાયા. મંજૂર કરાયેલા કરોડો રૂપિયાની સફાઈ થઈ ગઈ, મીઠી નદી હજી પણ ગંદા નાળા તરીકે મુંબઈગરાની નજર નીચે વહે છે, અને આ એક નદી છે, જેને લોકમાતા કહીએ છીએ તે વાત ભૂલાઈ ગઈ.

સમસ્ત દેશમાં આ હાલત છે. ભારતીય સંસ્કૃતિની સૌથી પવિત્ર મનાતી ગંગા, યમુનાની બદતર હાલત મેં નજરે નીહાળી છે. લાખો વૈષ્ણવો મથુરાના વિશ્રામ ઘાટ પર યમુના પાન માટે આવે છે, ચૂંદડી મનોરથો કરે છે, પણ તે પાણી પાન કરવા લાયક છે ખરૂં ? હરીદ્વારમાં લાખો શ્રદ્ધાળુઓ ગંગામાં ડૂબકી લગાવે છે, લોકોના પાપ ધોતાં ધોતાં અને માનવ સર્જીત અપકૃત્યોના પરિણામે પતીતપાવની ગંગા પોતે મેલી થઈ ગઈ છે. હિમાલયની ગોદમાં આ હાલત હોય તો પછી આગળ વધતાં તો તેની શું દશા થતી હશે ?

લાખો લોકો રોજ આ બધું જુએ છે, પણ આ તો કુંભકર્ણ જેવી સરકારનું કામ છે, તેમ આશ્વાસન મેળવી, ગંદકીમાં થોડો વધારે ઉમેરો કરીને પોતપોતાના ઘરે પહોંચી જાય છે.

નદીઓની આ હાલત, અનિયમિત ચોમાસા, ઓગળતા જતાં હિમશિખરો આ

બધાં માટે જાણકારો તથા પર્યાવરણવિદો નિયમીત રીતે ચેતવણી આપે છે, પણ વિશ્વની જનતા ખાસ કરીને ભારતીયો આ બાબતે બહેરાં થઈ ગયા છે. ગંગા-યમુના લુપ્ત થઈ જશે તો હવે બીજા ભગીરથ રાજા ગંગાનું પુનઃઅવતરણ કરવા પેદા થશે ખરા ?

અમેરીકા ત્રણેક વખત જવાનું થયું, ત્યાં વસતો પુત્ર એક વખત જગવિખ્યાત નાયગરાધોધ જોવા લઈ ગયો હતો, સહસ્ર ધારામાં પ્રચંદ નાદ સાથે ખાબકતો એ ધોધ, તેની વિપુલ જળરાશી, ઉપરવાસમાં આવેલી નાયગરા નદી જોઈને ખૂબ આનંદ થયો. નીલવર્ણ ધરાવતું પારદર્શક સ્વચ્છ પાણી વર્ષો પછી જોયું, કોઈ જાતની ગંદકી નહીં, મનમાં વિચાર આવ્યો, નાની નાની રોજીંદી વપરાશની ચીજો માટે ફોરેનની વસ્તુઓ વસાવવાની ઘેલછા ધરાવનાર આપણાં દેશબાંધવો આવી સુંદર ફોરેનની આદતો શા માટે નથી અપનાવતા ?

પોણાભાગની દુનીયા પર સમુદ્રના સ્વરૂપે, નદીઓ, તળાવ, કૂવા સ્વરૂપે પાણી પથરાયેલું છે, ફક્ત પચીસ ટકા જમીન છે. કહેવાય છે માનવીના શરીરમાં પણ આવું જ બંધારણ છે. માનવ શરીરમાં પણ ૭૫ઞ્ઞ પાણી છે. કોઈ કારણસર શરીરમાંથી પાણી ઓછું થાય, જેને તબીબી ભાષામાં ડીહાઈડ્રેશન કહેવાય, તો જીવન માટે ખતરો થઈ જાય, તરત જ ઘરગથ્થુ ઉપચારો ઉપરાંત ગ્લુકોઝના બાટલા ચડાવી ડીહાઈડ્રેશનને કાબૂમાં લેવામાં આવે. આપણે બધાં સાથે મળીને આપણી ધરતીમાતાના ડીહાઈડ્રેશન માટે જવાબદાર થતાં જઈએ છીએ, તો તેને ગ્લુકોઝ કોણ ચડાવશે ?

ફરી અંગત વાત કરૂં, સ્કૂલમાં હતા ત્યારે વેકેશનમાં કચ્છના વાગડ વિસ્તારમાં આવેલ અમારા ગામ ચીરઈ દાદા-દાદી પાસે જવાનું થતું. એ વખતે પરિવાર મેળો થતો. કાકા-કાકી, ફઈબાઓ તેમના સંતાનો બધાં ભેગાં થતાં, પણ ત્યારે કોઈના ઘરમાં નળ નહીં, ગામની ભાગોળે તળાવ-કૂવામાં નામનું પાણી હોય, તે પણ ક્ષારવાળું-ભાંભરું એટલે ફઈબાની આગેવાની નીચે બધાં ત્રણેક કિલોમીટર દૂર આવેલાં નાની ચીરઈ જતાં, ત્યાંના તળાવનું પાણી પ્રમાણમાં સારું, નહાઈ ધોઈ બધાં પોતે ઉંચકી શકે તેવા વાસણમાં પાણી ભરીને ઘરે લઈ જતાં. ફઈબાઓ તથા મોટી ઉંમરની ભાભીઓ બે-ત્રણ ફેરા મારીને ઘરમાં પાણી ભરતી. મહેનત દ્વારા એકઠું કરાયેલું આ પાણી ઘીની જેમ વપરાય. કોઈ વેડફાટ ન થાય. મારા દાદા એક લોટા પાણીમાં દાતણ કરે, આખો ચહેરો ઘસી ઘસીને સાફ કરે, કોગળા કરે, છતાં અર્ધો લોટો વધે તો તે ઉષઃપાન તરીકે ગટગટાવી જાય. આજે આપણે ઘરમાં નળ ખુલ્લા મૂકીને બે કપ-રકાબી ધોવા બે બાલદી જેટલું પાણી વેડફીએ છીએ, દાઢી કરતી વખતે વોશ બેસીનનો નળ ખુલ્લો મૂકી પાણીનો વેડફાટ કરીએ છીએ અને પછી પાણીની અછત માટે બૂમો પાડીએ છીએ.

આજે પણ ભારતભરમાં કેટલાય ગામડાં છે જ્યાં પાણીની અછત છે, મહાનગરોમાં ચાલીમાં તથા ઝુંપડપટ્ટીમાં રહેનારા પરિવારો વચ્ચે પાણી માટે રમખાણો થાય છે.

પાણીને ભારતીય સંસ્કૃતિએ દેવતાનું સ્વરૂપ આપ્યું છે. આપણે તેને વરૂણદેવ તરીકે પૂજીએ છીએ. નદીને આપણે લોકમાતા કહીએ છીએ. ઘરના મંદિરમાં, મંદિરોમાં જ્યાં જ્યાં દેવતાની મૂર્તી અથવા છબી પધરાવી હોય ત્યાં આપણે મહત્તમ સ્વચ્છતાનો આગ્રહ રાખીએ છીએ. જે મૂર્તિઓ આપણે પોતે બનાવીને પધરાવી છે અને જેમાં દેવતાની કલ્પના કરી છે, ત્યાં સ્વચ્છતાનો આટલો આગ્રહ રાખનારા આપણે સાક્ષાત દેખાતા અને સમસ્ત જીવસૃષ્ટીને ઉપયોગી વરૂણદેવ રૂપી જળરાશીને શા માટે ગંદકીના નાળા બનાવીએ છીએ ? વરૂણદેવના પ્રકોપનો અનુભવ તાજેતરમાં સુનામી વખતે જાપાનને થયો. થોડા વર્ષ પહેલાં ભારતના દક્ષિણ વિભાગને પણ થયો હતો. વરૂણદેવની વિશાળ શક્તિનો ઉપયોગ કરીને આપણે જળવિદ્યુત ઉત્પન્ન કરીએ છીએ વહાણવટા માટે ઉપયોગ થાય છે. તદ્દુપરાંત જીવન પાંગરવા માટે તથા ટકાવવા માટે હરેક જીવસૃષ્ટીને પશુ, પક્ષી, ઝાડ, પાનથી માંડીને માનવીને જળની જરૂરત પડે છે. તો તેનો ખોટો વેડફાટ ન થાય તેને પ્રદુષિત ન કરાય તેવું જ્ઞાન આપણને ક્યારે થશે ?

કુદરતે માનવજાતને હવા અને પાણીની જે બક્ષીસ આપી છે, તે દિવસે દિવસે પ્રદુષીત થતાં જાય છે. આમ જ ચાલશે તો થોડા વરસોમાં માનવજાત પોતાની જ ઘોર ખોદશે. માનવીના અમાનવીય કૃત્યોના કરાણે કેટલીય પશુ-પક્ષીઓની જાતી લુપ્ત થઈ ગઈ છે અને હજુ થતી જાય છે. અને આમ જ ચાલતું રહેશે તો એક વખત માનવી પોતે જ પોતના ખોદેલાં ખાડામાં પડશે.

આપણી અત્યારની તાતી જરૂરીયાત છે, બેટી બચાવો, પાણી બચાવો અને પર્યાવરણ બચાવો. આ ત્રણને જો બચાવવામાં આવશે તો તે ત્રણે માનવજાતને અને વિશ્વની અન્ય જીવસૃષ્ટિને બચાવશે.

તો ચાલો આપણે સૌ આપણી પોતાની જાતથી આ બચાવ અભિયાન શરૂ કરીએ.

❖❖❖

# સમાચાર સંકલન

## બૃહદ મુંબઈ ઝાલાવાડી મહિલા મંડળની યાદગાર પીકનિક - ૨૦૨૫

બૃહદ મુંબઈ ઝાલાવાડી મહિલા મંડળ દ્વારા ૧૩મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ શિવગંગા રિસોર્ટ ખાતે એક ભવ્ય પીકનિકનું આયોજન કરવામાં આવ્યું. મુંબઈના તમામ કેન્દ્રોમાંથી બહેનો ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને આ પીકનિક એક યાદગાર અનુભૂતિ બની. રિસોર્ટમાં રેન ડાન્સ, વેવ પુલ અને સ્વિમિંગ પુલમાં મસ્તી કરી, હસતા-રમતા બહેનોએ સમય વિતાવ્યો. બપોરે સ્વાદિષ્ટ જમણ પછી હોલમાં વિવિધ રમતો યોજાઈ, જેમાં વિજેતાઓને ઇનામો આપવામાં આવ્યા. ત્યારબાદ, ચા-કોફી સાથે ગરબાની રમઝટ શરૂ થઈ, જ્યાં યુવા છોકરીઓ સહિત તમામ બહેનોની ઊર્જા જોવા જેવી હતી.

આ પીકનિકમાં સહભાગી સૌ બહેનોને એક નવી તાજગી અને સ્નેહમય અનુભૂતિ મળી. અંતે, દરેકે ચૌવિહાર કર્યા બાદ પોતપોતાના કેન્દ્રની બસમાં સારા સંસ્મરણો સાથે ઘર તરફ પ્રસ્થાન કર્યું. આ પીકનીકનો ખર્ચ બાદ કરતા દરેક કેન્દ્રને રૂપિયા ૯૭૪/- પાછા આપવામાં આવ્યા છે. પ્રમુખ નલિનીબેન , મીરાંબેન ને સોનલબેન ના સહકાર વગર આ પીકનીક શક્ય ન હતી. બધા કેન્દ્રને ૯૭૪/- રૂપિયા પાછા આપીયા

**- બૃહદ મુંબઈ ઝાલાવાડી મહિલા મંડળ**

## શ્રી જૈન એજ્યુકેશન સોસાયટી વર્ષ ૫૯ દિન અને સ્વ. શ્રી બચુભાઈ પી. દોશી ઈનામ વિતરણ દિન JES - Wadala - 26-1-25

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉપરોક્ત કાર્યક્રમ યોજાઈ ગયો. સર્વ પ્રથમ સ્વ. શ્રી બચુભાઈ દોશીની તસવીર ને ફૂલવર ચઢાવી, દીપ પ્રગટાવીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં સંસ્થાના ટ્રસ્ટી-સેક્રેટરી શ્રી ડૉ. ભરતભાઈ મહેતા, સહમંત્રી શ્રી ચંદ્રકાંતભાઈ પારેખ તેમજ મહેશભાઈ અને તેમના ધર્મપત્ની શીલાબેન દોશી જોડાયા. ત્યારબાદ સંસ્થા સાથે ૫૦ વર્ષો જોડાયેલ એવી શ્રી બચુભાઈની સેવાઓને બીરદાવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાના અસંખ્ય ભૂ.પૂ. વિદ્યાર્થીઓ, અતિથિઓ તથા હાલના વિદ્યાર્થીઓ સાક્ષી બન્યા. શ્રી મહેશભાઈ દોશી તરફથી સંસ્થાના બે "Students of the Year" નો સ્પેશીયલ એવોર્ડ આપીને તેમનું બહુમાન કરવામાં આવ્યું.

## નલિનીબેનના માનમાં સુંદર સંમારંભ

નલિનીબેને બૃહદ મુંબઈ મહિલા મંડળના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા તેના માનમાં, ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ પવઈમાં એક ભવ્ય અને યાદગાર સમારંભનું આયોજન તેમના તરફથી કરવામાં આવ્યું હતું. આ સુંદર હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં, નલિનીબેને પોતાના કાર્યકાળ દરમિયાન જેમના સહયોગ અને સાથ મળ્યો, તે તમામ મહાનુભાવોને આમંત્રણ પાઠવ્યું હતું. ઝાલાવાડી સભાની મહિલા કમિટી મેમ્બર્સ તેમજ ટ્રસ્ટી શ્રીમતી મનીષાબેનને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. સાથે, તમામ કેન્દ્રોના પ્રમુખો અને ઉપપ્રમુખોને પણ આ પ્રસંગમાં હાજરી આપવા વિનંતી કરવામાં આવી હતી.

સમારંભની શરૂઆત નલિનીબેનના પરિવાર દ્વારા ઊષ્માભર્યા સ્વાગત સાથે થઈ. તેમના દીકરા, વહુ તેજલબેન અને સંજુબેને દરેક મહેમાનનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું. ત્યાર બાદ, દરેક કેન્દ્રના પ્રમુખોએ નલિનીબેન માટે પોતાની લાગણીઓ વ્યક્ત કરી અને તેમના નેતૃત્વ માટે પ્રશંસા વ્યક્ત કરી.

શ્રીમતી મનીષાબેને પોતાના ભાષણમાં જણાવ્યું કે, જો નલિનીબેનને ક્યારેય કોઈ સહાયની જરૂર પડશે, તો તેઓ, સમગ્ર મહિલા મંડળ માટે તેમની સાથે રહેશે. સાથે જ, તેઓએ બૃહદ મુંબઈના તમામ કેન્દ્રોના પ્રમુખોને એક સાથે રહીને મંડળને વધુ મજબૂત બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા.

સાંસ્કૃતિક અને સામાજિક ક્ષેત્રે મહિલાઓ માટે વધુ ઉન્નતિની તકો ઉપલબ્ધ થાય તે માટે મીરાબેને પણ તમામ પ્રમુખો વતી ખાતરી આપી કે બધાજ પ્રમુખો એકસાથે મળી સાથ અને સહકારથી મહિલા મંડળને વધુ મજબૂત બનાવશે.

સમારંભમાં રમતો અને મનોરંજન કાર્યક્રમોનું પણ આયોજન થયું, જેમાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. નલિનીબેને દરેક પ્રમુખ અને ઉપપ્રમુખ માટે સુંદર ભેટો તૈયાર કરાવી હતી, જે પ્રેમ અને કૃતજ્ઞતાનો એક અનોખો પ્રતીક બન્યું.

સૌએ એકસાથે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો. મીઠી વાતો અને હસતાં ચહેરાઓ સાથે, આ સમારંભ એક યાદગાર પ્રસંગ બની રહ્યો.

આ સુંદર સંભારંભ દ્વારા નલિનીબેને માત્ર નવા અધ્યાયની શરૂઆત કરી નહીં, પણ તેમના નેતૃત્વ હેઠળ બૃહદ મહિલા મંડળ માટે એક દિશા નક્કી થઈ. સૌએ એકબીજાને શુભકામનાઓ પાઠવી અને સાથે મળીને મંડળને વધુ મજબૂત બનાવવાની પ્રતિજ્ઞા લીધી.

આ પ્રસંગે હસતા ચહેરાઓ, લાગણીઓથી ભરપુર શબ્દો અને મીઠા સંબંધોનું જે સાકાર રૂપ જોવા મળ્યું, તે હંમેશા યાદ રહેશે.

## શ્રી દોઢીવાળા કુટુંબના સમૂહ નિવેધ

તા. ૫-૨-૨૦૨૫ બુધવારે મહાસુદ આઠમ ના દોઢીવાળા કુટુંબના કુળદેવી અંબાજીમાના સમૂહ નિવેધ સમગ્ર મુંબઈ અને થાણા માં રહેતા કુટુંબીઓ માટે યોજાયેલ હતા. આ માતાજીના પ્રસંગમાં મોટાભાગના કુટુંબીઓ મળીને માતાજીના નિવેદ ઉમંગ અને ઉત્સાહપૂર્વક કરેલ હતા અને સાથે R.K. Hotel પાર્લામાં ઉજવેલ હતા અને સાથે સાંજનું જમણવારનું પણ સરસ આયોજન કરેલ હતુ અને કુટુંબીઓ એ રાસ-ગરબાનો પણ આનંદ સારી રીતે લીધો.

અને ૭૫ વર્ષ કે તેથી વધારે ઉમરના વડિલોનું બહુમાન શાલ, માળા અને ચાંદીના સિક્કાથી કરેલ હતું.

આગામી કુટુંબ મેળો કરવાનું, બહારગામની ટ્રીપનું આયોજન કરવાનું અને નવેસરથી કુટુંબનો આંબો બનાવવાનું સૂચનો થયા હતા.

સરસ યાદો સાથે કાર્યક્રમ પરિપૂર્ણ થયેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી પિયુષભાઈ દોઢીવાળા, રાજેન્દ્રભાઈ, અનિશભાઈ, ભાવેશભાઈ, પંકજભાઈ.

નોટ : જો દોઢીવાળા કુટુંબના કોઈપણ સભ્ય મુંબઈ કે મહારાષ્ટ્રમાં હોય તો પિયુષભાઈ - ૯૩૨૪૫૪૫૧૩૯, રાજેન્દ્રભાઈ - ૯૭૬૬૭૪૦૧૦૪ કોન્ટેક્ટ કરવો.

## અંગદાન કરીને ત્રણ જણાને મળ્યું જીવંતદાન



નશ્વર દેહના ધબકતા અંગોને ત્યજીને જ્યારે આત્મા અનંતની વાટે વિદાય થાય છે ત્યારે મૃતકના પરિવારજનો પારાવાર વિષાદ અને અસમંજસ સ્થિતિમાં આવી જાય છે. આવા સમયે મૃતકના અગત્યના અક્ષત અંગોનું પ્રત્યારોપણ જો અન્ય દર્દીઓમાં કરવામાં આવે તો આ વૈજ્ઞાનિક દલે થતું પ્રત્યારોપણ બીજી અનેક વ્યક્તિઓને નવજીવન અર્પે છે. તેથી જ અંગદાન એ શ્રેષ્ઠદાન કહેવામાં આવે છે.

આવું જ શ્રેષ્ઠદાન **શ્રી યોગેશભાઈ રતીલાલ મહેતા મૂળ મોરબી (હાલ – અંધેરી મુંબઈ) ના પરિવારજનો એ કરેલ છે.** ૬૩ વર્ષના શ્રી યોગેશભાઈ સ્વભાવે ખૂબજ શાંત, નિખાલસ, સેવાભાવી અને ધાર્મિક હતા. તેમનો ચેહરો હંમેશા હસતોજ રહેતો. સ્વભાવે સરળ એવા શ્રી યોગેશભાઈ હંમેશા બીજાને મદદ કરવા તત્પર રહેતા. તેમણે તથા તેમના ધર્મપત્ની શ્રી નિલીપાબેને આજથી સાતેક વર્ષ પહેલાં જ અંગદાન કરવાનો નિર્ણય લીધો હતો અને તેને લગતુ ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ કરી હતી.

શ્રી યોગેશભાઈ ૧૧ મી જાન્યુઆરી ૨૦૨૫ ના સવારે ઘરમાં જ નવકાર બોલતા બોલતા પડી ગયા. તાત્કાલિક એમને કોકીલાબેન અંબાણી હોસ્પીટલમાં દાખલ કર્યા જ્યાં ડૉ. અભય કુમારે એમને બ્રેઈન ડેડ જાહેર કર્યા. ત્યારે તેમના પરીવારજનોએ શ્રી યોગેશભાઈની બન્ને કિડની તથા લીવર દાન કરવાનું નિર્ણય લીધો. એમની એક કિડનીને કોકીલાબેન હોસ્પિટલમાં બીજી કિડની જે.જે. હોસ્પીટલમાં અને લીવર ફોર્ટીજ હોસ્પીટલમાં યથાયોગ્ય દરદીઓને પ્રત્યારોપણ કરાયું. જેનાથી ત્રણ વ્યક્તિને જીવંતદાન મળ્યું. જે વ્યક્તિનું બ્રેઈન ડેડ અથવા એક્સીડન્ટ થાય છે ત્યારે તેવી વ્યક્તિ પોતાના સ્વસ્થ અવયવો જેવા કે કિડની, લીવર, પેનક્રીઆઅ, આંખ, ત્વચા, હાર્ટ, ફેફસા જેવા અંગોનું દાન કરી શકે છે. જ્યારે નોર્મલ મૃત્યુમાં આંખ અને ચામડી જેવા અંગો જ દાન કરી શકાય છે. અંગદાન કરવાની આ પ્રક્રિયા સેન્ટ્રલાઈઝ થાય છે. તેના મુખ્ય ત્રણ સ્ટેપ્સ હોય છે.

- યોગદાન કરવા માટેનું ફોર્મ ડાઉનલોડ કરી અને તે ભરીને ઝોનલ ટ્રાન્સપ્લાન્ટ કોર્ડિનેશન સેન્ટર પર મોકલવું.
- ડોનર કાર્ડ ડાઉનલોડ કરવું અને આ કાર્ડ હંમેશાં વ્યક્તિએ પોતાની સાથે જ રાખવું.
- અંગદાન અંગે તમારા પરિવારજનોને હંમેશા જાણ કરવી. અંગદાન કરવા માટે મુંબઈ માટેની વેબસાઈટ નીચે મુજબ છે. **www.ztccmumbai.org**

ગુજરાત માટે ની વેબસાઈટ **www.donatelife.org.in**

જીવન જીવવાની ઝંખના દરેક જીવને હોય જ છે પણ પરંપરા અને માન્યતા બાજુએ રાખી બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગોનું સમયોચિત અંગદાન કરનાર વ્યક્તિ જીવન ઉપરાંત પણ જીવંત રહે છે. ઓર્ગન ડોનેટ માટે જોઈએ તેવી જાગૃતિઓ નથી આ માટે સામાજિક, સ્વૈચ્છીક, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓએ  આગળ આવવાની જરૂર છે. રૂઢીચુસ્ત પરંપરાઓ, માન્યતાઓ એટલી બધી જટિલ છે કે સંપૂર્ણ બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગ ઉપાંગનું સમયોચિત અંગદાન થતું નથી. મેડિકલ સાયન્સ અકલ્પનિય ક્રાંતિ આવી છે. જીવવાની જીજીવિષા ભારે પીડા ભોગવતા એવા અનેક દર્દીઓને આપણે જોયા છે.

અંગદાનના આ ઉમદા કાર્યમાં વધુને વધુ લોકો સાથ સહકાર આપી જોડાય અને અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બનીએ.

**અનુમોદના... અનુમોદના... અનુમોદના...**

## શ્રી ઝાલાવાડી મહિલા મંડળ - બોરીવલી કેન્દ્ર



**બોરીવલી કેન્દ્ર ના પ્રમુખ શ્રીમતી ચારુબેન દોશી અને ઉપપ્રમુખ શ્રીમતી રંજનબેન શેઠ ના કાર્યકાળ નો સુવર્ણ કાળ (૫૦ વર્ષ) પૂર્ણ થયા અને તેઓએ માનભેર પદત્યાગ કર્યો.**





ત્યારે બોરીવલી ખાતે તેમનો વિદાય સમારંભ યોજાયો. મહિલા મંડળ ના દરેક કેન્દ્ર ના પ્રમુખ તથા ઉપપ્રમુખ પધાર્યા. અને પ્રિયાબેન તુરખીયાએ પણ હાજરી આપી. આ પ્રસંગે ચારુબેન તથા રંજનબેનનું તેઓ સૌએ બહુમાન કર્યું. આ નિમિત્તે બોરીવલી કેન્દ્રને ભેટ રૂપે રંજનબેન અને ચારુબેને રૂા. ૨૨૦૦૦/આપ્યા. બોરીવલી સંઘે પણ તેઓનું બહુમાન કર્યું.

Advt.


## હાર્દિક અભિનંદન

**રાણપુર નિવાસી - હાલ મુલુંડ (વેસ્ટ) મુંબઈ**
**દીપાલી નીરવ ખાટડીયાની સુપુત્રી**



## ચિ. ધાની

**(The Green Acres Academy)**

**નાની પાંખોએ ભરી ઉંચી ઉડાન**

**માત્ર ૯ વર્ષની ઉંમરે International Olympiad Foundation (I.O.F) ની Dec. 2024 માં થયેલ English Olympiad Exam માં World Wide Rank 5th મેળવીને કુટુંબનું ગૌરવ વધાર્યું છે.** દરેક સ્નેહીજનો તરફથી **ચિ. ધાનીના** ઉજ્જવળ ભવિષ્ય માટે અંતરના આશીર્વાદ તથા ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**✵ શુભેચ્છકો ✵**

દાદી : સ્વ મીતાબેન પીયુષભાઈ ખાટડીયા (રાણપુર)
દાદા : શ્રી પીયુષભાઈ શાંતીલાલ ખાટડીયા (રાણપુર)
નાની–નાના : ગીતાબેન બીપીનભાઈ દોશી (સરા)
ફૈબા–ફૂવા : ખ્યાતીબેન ચિરાગભાઈ મહેતા (લંડન)
મામી–મામા : નીકીતાબેન જોગેનભાઈ દોશી (લંડન)
વીવાદીદી – સક્ષમભાઈ – રીયાંશી

**"Dream Big, Work Hard, Stay Focused."**


Advt.

# BIODATA



| | | |
|---|---|---|
| **NAME** | : | **POOJA KIRTI VAKHARIA** |
| Date Of Birth | : | 28th November 1990<br>(08:51 Pm)<br>(Name Is Not On Rashi) |
| Height | : | 5.5 (165.1 Cms) |
| Martial Status | : | Unmarried<br>(Engagement Broken) |
| Qualification | : | Bcom & Mcom (Part1)<br>(SIES College Sion) |
| Occupation | : | Enterprenuer (Deals In Branded Clothing For Ladies) |
| Complexion | : | Wheatish |
| Hobbies | : | Dancing, Cooking, Travelling. |
| Religion | : | Narshimpura Digambar Jain |
| Siblings | : | 1) Urvi Ritesh Sanghavi (Married) (Ghatkopar)<br>2) Jay Kirti Vakharia (Younger Brother) (Unmarried) |
| Father | : | Kirti Hargovidas Vakharia<br>(9322409840)<br>Working As An Export Manager In Orient Always Company<br>(Vile Parle) |
| Mother | : | Bhavna Kirti Vakharia<br>(Enterprenuer) (98330039403) |
| Native | : | Kadikalol (Near Ahemdabad) |
| Address | : | B1:101 & B2:105,<br>Karmakshetra Apts, SSS Nagar,<br>Near Shanmukhananda Hall,<br>Sion East, Mumbai 400037. |
| Contact | : | 9833068430. |

Advt.



।।શ્રી ગણેશાય નમઃ।। ।।ભુરખીયા હનુમાન દાદા જય હો।।

।।જય શ્રીકૃષ્ણ।। ।।શ્રી મહાવીરાય નમઃ।। ।।જય સોમનાથ।।

## દશા શ્રીમાળી તથા વિશા શ્રીમાળી તથા ઘોઘારી જ્ઞાતી ગોર



(ઘાટકોપર), મુંબઈ

**શ્રી મહાલક્ષ્મી નમઃ**



## A to Z જ્યોતિષ

**પુજા પાઠ કથા રાંદલ લોટા, શ્રીફળ વિધી, લગ્ન વિધિ, વાસ્તુ પુજા, નવચંડી હવન**

## વિરાટ એચ. પાઠક

**૯૮૬૭૧૬૭૭૪૬ ૯૭૬૮૭૮૬૯૮૬**

**ગુજરાતી - સ્થાનકવાસી - દેરાવાસી - વૈષ્ણવ - વાંજાદરજી - પટેલ**

નવગ્રહ જપ
સંપર્ક કરો




હનુમાન ચાલીસા પાઠ
સુંદરકાંન્ડ પાઠ

ગ્રહ પ્રવેશ , ચંડીપાઠ પાઠ, મહામૃત્યુજય જપ નક્ષત્ર શાંતી, કાલસર્પ યોગ, માંગલિક દોષ, પુજા કુંભ વિવાહ અર્ક વિવાહ, પિતૃ કાર્ય ગીતાજી ગરુડપુરાણ

કોઈપણ પુજા વિધિ માટે અથવા ઓનલાઈન વિડિયોકૉલ પુજા વિધિ માટે

**આગ્રા રોડ, એલ. બી. એસ માર્ગ, ગંગાવાડી, ગોપાલ ભુવન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૬.**

Virat pathak
Scan to pay with any UPI app

**સંપર્ક કરો : વિરાટ એચ. પાઠક ગોર**

**૯૮૬૭૧૬૭૭૪૬ ૯૭૬૮૭૮૬૯૮૬**

Advt.

### શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

## પત્રિકામાં જાહેરાત આપવા સંબંધી

ઝાલાવાડી સભાની માસિક પત્રિકામા Advertisement આપવા ઈચ્છતાં દરેક મેમ્બર અને નોન મેમ્બર્સને વિનંતિ કે આપની જાહેરખબરની મેટર દરેક મહિનાની ૨૫ તારીખ સુધીમાં મોકલી આપવા વિનંતિ. ત્યારબાદ મળેલ મેટર બીજા મહિનામાં છાપવામાં આવશે.

આપની જાહેરાતનું Artwork ફક્ત JPEG Format/PDF માંજ સ્વીકારવામાં આવશે. Advertisement Soft copy માં સ્વીકારવામાં આવશે. જેની દરેક સભ્યોએ નોંધ લેવા વિનંતી.

# MOUNTAIN WOODS

When you stay with us, you will get the comfort of home you desire

MOUNTAIN WOODS FARM STAY



Just 10mins away from Imagica

GROUP OFFER 1999/- Per person Including all meals

mountainwoodsfarmz@gmail.com

9988141482; 9850082221

*Minimum booking of 10 people required on weekdays to avail the offer*

Mountain woods farm stay chavani, near Adlabs Imagica, Khopoli, 410203

PURE VEG/ JAIN

INSTAGRAM GOOGLE

@mountainwoodsfarmstay

Advt.



# JINENDRA CHARITABLE TRUST

Regd. Charity No. E/7966 - Rajkot • Founded in 2006

## વીર આવો અમારી સાથે પરિવાર, સાયન - મુંબઈ દ્વારા નેત્રયજ્ઞ



**પરમ શ્રદ્ધેય પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.ની ૪૪મી દીક્ષાજયંતિ** અનુમોદના શુભપ્રસંગે **નિઃશુલ્ક ૩૧ મો નેત્રયજ્ઞ ઉદારદાતાઓના સહકારથી** તા.૧૩.૨.૨૦૨૫ ના રોજ માનનીય શ્રી પ્રફુલાબેન રોહિતભાઈ કામદાર, શ્રી પુષ્પાબેન દેસાઈ, શ્રી કુસુમબેન શાહ અને શ્રી ગીતાબેન શાહ ની હાજરીમાં **શ્રી વિવેકાનંદ આઈ કેર ડીપાર્ટમેન્ટ શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ માં યોજવામાં આવેલ તેમાં મોતિયોના ઓપરેશન** તથા **૧૭૮ જેટલા આંખની સામાન્ય સારવાર** કરવામાં આવેલે. તેઓએ દર્દીઓના ખબર અંતર મેળવી આનંદ અને સંતોષની અનુભુતી અનુભવી. બધા દર્દીઓ એ દાતા તેમજ તેમના પરિવારનો આભાર અને અંતરથી આર્શીવાદ આપેલ. બહેનોએ દરેક દર્દીઓને પાણીની બોટલ, માસ્ક, અને ચશ્મા તથા ડોકટરોને તથા સ્ટાફને ચાંદીના સિકકા તથા અન્ય ભેટ આપી અનુમોદના કરેલ છે. બધા **બહેનો સિનીયર સીટીજન** હોવા છતા આ નેત્રયજ્ઞ માં હાજરી આપી જરૂરીયાતમંદ લોકોને આંખોની નવી રોશની આપી અનુમોદના કરી.

ટ્રસ્ટી શ્રી કિશોરલાલ શાહ ની જેવોની ૧૦૦મી જન્મતિથિ એડવાન્સમાં ઉજવીને ચાંદીનો સિકકો અને ત્રાંબાની થાળી વાટકાનો સેટ અનુમોદના નિમિતે આપવામાં આવેલ અને **રૂપિયા ૭૨૦૦૦/- આંખના ઓપરેશન** માટે આપેલ છે.

**Office :** 4-A, Vrundavan Apt., 2 Jagnath Plot, Dr Yagnik Road, Rajkot - 360 001, Gujarat, Contact no. Sanjay Dodiya 9106667276 / Mitaben Shah 98190 66626

Advt.

# જેજેસી કાંદિવલી

## જૈન સગપણ માહિતી સેન્ટર – કાંદિવલી

Email : info@jjckandivali.com

Online Registration : https://docs.google.com/forms/d/e/1FAIpQLSffAiMNfgx9y9Wv0iqkBxl09M6UVUFSCcgyfrHS19GjyfPzIQ/viewform

**૧૪મું** જીવનસાથી પસંદગી સંમેલન ફક્ત જૈન સમાજના
મીનીમમ ગ્રેજ્યુએટ ભણેલા યુવક-યુવતીઓ માટે
વય મર્યાદા – ૨૧ વર્ષ થી ૪૦ વર્ષ સુધી
-: સ્થળ :- ઠાકુર ઈન્ટરનેશનલ સ્કુલ,કાંદિવલી (વેસ્ટ), મુંબઈ – ૬૭.
રવિવાર : તારીખ ૬-૪-૨૦૨૫, સમય : સવારે ૯.૦૦ થી ૨.૦૦
રજીસ્ટ્રેશન અને ફોર્મ મેળવવા સંપર્ક સાધો.

| | | |
|---|---|---|
| હંસા શાહ ૮૧૦૪૫૯૭૩૯૦ | કમલેશ પારેખ ૯૩૨૦૦૮૫૦૮૪ | સંજય શાહ ૯૮૨૧૦૫૦૧૬૯ |
| નવિન શાહ ૯૮૨૦૬૨૫૮૮૦ | રેખા શાહ ૯૮૬૯૭૮૭૪૩૯ | ચિરાગ સંઘાની ૯૮૬૯૩૪૨૫૧૯ |

રજીસ્ટ્રેશન ની છેલ્લી તારીખ – ૨૦.૦૩.૨૦૨૫

રજીસ્ટ્રેશન ફી ► રૂ|. ૧૨૦૦/– (ઉમેદવાર + ૧ વાલી)
રૂ|. ૧૮૦૦/– (ઉમેદવાર + ૨ વાલી)

કલર ફોટો સહિત સંપૂર્ણ માહિતી ધરાવતી
બુકલેટની વ્યવસ્થા અને ચા-નાસ્તો-ભોજન ની
પણ વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

Advt.



"ખુશ ખબર"

**એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે. આ સ્કીમ ૧-૧૦-૨૪ થી ૩૧-૧૨-૨૪ સુધી જ છે.**

## ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*

**૬૮ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**





તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો
અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.
ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી

સંપર્ક :
ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)
૯૮૨૧૦૨૯૦૫૩

જીગર – ૯૮૨૧૦૨૯૦૮૪

Advt.

**Shubh bandhan**

**Global Matrimonial Assistance**



*Celebrating*
*20 Years*
*of Matchmaking*
*for Gujarati, Kutchi & Marwari Communities.*

Personalised Approach | Handpicked Match | Assured Meetings

Send us your Biodata on +91-9323626815 / +91-9769726815

www.shubhbandhan.com ShuBhbandhanMatrimony

Advt.

।।શ્રી ગણેશાય નમઃ।।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



# શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી ● સ્થાનકવાસી ● દેરાવાસી ● વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી ઘોઘારી તથા કાઠીયાવાડી વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
સંચાલિત : **ઝાલાવાડ જૈન સગપણ સેતુ**
દેરાવાસી, સ્થાનકવાસી, દિગંબર, તેરાપંથી
લગ્નોત્સુક યુવક-યુવતી વોટસઅપ બાયોડેટા

અભૂતપૂર્વ પ્રતિસાદ બદલ આભાર ૨૮ ફેબ્રુઆરી સુધીમાં ૧૮૦થી પણ વધારે ઉમેદવારો નોંધાયા.

- કુવારા - સગપણ મુકેલા યુવક-યુવતીની નોંધણી કરવામાં આવશે. વય મર્યાદા ૩૫ વર્ષ સુધી.
- નવા બાયોડેટા ફક્ત શનિવાર તથા રવિવારના રોજ મુકવામાં આવશે.
- નોંધણી (રજીસ્ટ્રેશન) ફી રૂા.૨૦૦/- છ માસ માટે મોકલવાના રહેશે. ત્યારબાદ દર છ માસે રીન્યુ કરાવવાનું રહેશે.
- ફક્ત ઝાલાવાડના શહેર કે ગામના મૂળવતની હોય તેના જ બાયોડેટા સ્વીકારવામાં આવશે.

-: માહિતી માટે સંપર્ક :-
મો.: ૯૧૩૭૩૪૨૮૧૮ સમય ૧૧.૩૦ થી ૫.૩૦
-: નોંધણી માટે સંપર્ક :-
મો.: ૯૮૧૯૩૪૨૮૧૮ સાંજે ૬.૦૦ થી ૯.૦૦
-: સંપર્ક સેતુ :-
મો.: ૯૮૬૯૦૪૦૧૫૦ / ૯૦૨૯૦૪૦૧૫૦

Advt.

શ્રીજી

# જમીન-મકાનની લે-વેચ માટે મળો.

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
Mo. 98790 75965
**અંકિતભાઈ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452

# અતુલભાઈ ટી. શેઠ

રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

# ભાવભીની શ્રદ્ધાંજલિ

## ૪૦મી પુણ્યતિથિ



**સ્વ. શ્રી ચંદ્રકાંત નાગરદાસ શાહ**

લખતર નિવાસી – હાલ – બોરીવલી

અરિહંતશરણ : ૨૮-૦૩-૧૯૮૫

પ્રેમની પરબ, પ્રેરણાના પારસમણી, હુંફાળી સ્પર્શ આપીને
જનાર એવા અમારા વ્હાલા માર્ગદર્શક, કુટુંબવત્સલ,
શાંતસ્વભાવ અને સમજણથી સોહામણું સિંચું
તમે પરિવારના બાગબાન
મુલ્યવાન આદર્શ વિચારસરણીથી આપતા મુઠી ઉંચેરા
અમર આત્માને હમેશા સદગતી મળે
એવી હૃદયથી શ્રદ્ધાંજલિ

**શ્રદ્ધાસુમન અર્પનારા**

**ધર્મપત્ની** : શ્રીમતી હિરાબેન ચંદ્રકાંત શાહ
**પુત્રી-જમાઈ** : કિરણબેન રજનીકાંત શાહ
હેમાબેન હિમાન્શુ શાહ
હર્ષાબેન જીતેન્દ્ર દોશી
દીનાબેન પ્રકાશ અજમેરા
**દોહિત્રી-દોહિત્ર** : કૃણાલ રજનીકાંત શાહ
ચિરાગ રજનીકાંત શાહ
પ્રિયંકા હિમાન્શુ શાહ
**દોહિત્ર પુત્રવધુ** : ઉર્વશી કૃણાલ શાહ
**દોહિત્ર પૌત્ર** : દેવમ કૃણાલ શાહ

Advt.

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL)
RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**





Supreme
FURNITURE



SENIOR AGENCY AKSHAY SHAH: 98210 12193 / 77889 97781
**Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.**
Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002
Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન

## વઢવાણ નિવાસી, હાલ બોરીવલી, મુંબઈ

**૯મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ**



**સ્વ. શ્રી પ્રવીણચંદ્ર વૃજલાલ ગાંધી**

જન્મ : ૦૮.૦૭.૧૯૩૫

અરિહંતશરણ : ૨૮.૦૨.૨૦૧૬

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ**



**સ્વ. ભારતીબેન પ્રવીણચંદ્ર ગાંધી**

જન્મ : ૧૪.૦૯.૧૯૩૭

અરિહંતશરણ : ૦૯.૦૪.૨૦૨૪

અનંત ગુણી આત્મા કરે નિજ નિજ ગુણનું કામ, સમજે આ જીવડો કરે પોતાનું કામ.

આપની કુટુંબ ભાવના, કોઠાસુઝ, સમાધાનકારીવૃતિ, સાધુભગવંતોની વૈયાવચ્ચ તપ માટેની ખૂબ શ્રદ્ધા, તેમજ વ્યવહાર કુશળતા જેવા અનેક ગુણો, આપની વાત્સલ્યતા, લાગણીશીલ સ્વભાવ, નિ:સ્વાર્થ પ્રેમ, સદા હસતો ચહેરો, સમગ્ર કુટુંબને એક તાંતણે બાંધી રાખવુ, ધર્મ પ્રત્યેનિ શ્રધ્ધા વિ. સદાય અમોને પ્રેરણા આપતી રહેશે.
આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે, હંમેશા જૈન ધર્મનું શરણ મળે, અને વહેલામાં વહેલા મુક્તિપદને પ્રાપ્ત કરે. એવી અમારી પરમાત્માને પ્રાર્થના.

### શોકાતુર પરિવાર

| | |
|---|---|
| પુત્ર - પુત્રવધુ | : મિલન - નિપા, બિરેન - હિના |
| પુત્રી-જમાઈ | : સુષમા - દીપકકુમાર, પ્રીતિ-નીતિનકુમાર |
| પૌત્ર-પૌત્રી | : હર્ષિત-મીતિ, જેનિશા - રાજ શાહ, નિધિ, કરન |
| દોહિત્ર-દોહિત્રી | : પ્રાચી સાગર સંઘવી, વિધિ સ્મીત શાહ, સાગર-તાન્યા, અંકિત |
| પ્રપૌત્ર | : મિરાન્શ, રિવાન્શ |

**સ્વ. વૃજલાલ શિવલાલ ગાંધી પરિવાર, સ્વ. મનુભાઇ મોહનલાલ સંઘવી પરિવાર**

Advt.

# ભાવભીની શ્રધ્ધાંજલિ...



:: જન્મ ::
તા. ૦૫-૦૮-૧૯૩૬

:: અરિહંતશરણ ::
તા. ૧૬-૦૧-૨૦૨૫

પરિવાર જેમનું મંદિર હતું,
સ્નેહ જેની શક્તિ પરિશ્રમ જેનું કર્તવ્ય હતું.
ધર્મ પ્રેમી અને જીવદયા પ્રેમી
એવા દિવ્ય આત્માને શત્ શત્ વંદન...

## સ્વ. અનુભાઈ નાથાલાલ ગોપાણી
(ઉ. વ. ૮૮)
(બોટાદ નિવાસી, હાલ ઘાટકોપર)

તમારું જીવન અમારી પ્રેરણા હતું,
તમારા આર્દશો અમારા માર્ગદર્શન,
આપના સુ-સંસ્કાર એ અમારો વારસો,
અંતરિક્ષમાંથી વરસતા આશિષ અમારી શક્તિ છે.
સ્નેહનું સર્જન કરી આપે સમૃધ્ધ કર્યો પરિવાર સદા સાચવીશું
અમે આપની અટલ શ્રધ્ધા અને સંસ્કાર,
એવા અમારા પ્રેરણામૂર્તિને શ્રધ્ધા સુમન અર્પણ...
**આપના પુનિત આત્માને પ્રભુ**
**પરમચિર શાંતિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના...**

## શ્રધ્ધાંજલિના સુમન અર્પતા

| | | |
|---|---|---|
| પુત્ર - પુત્રવધુ | : | ઈલેશ - નિલિમા, આશિષ - વિભા |
| પુત્રી - જમાઈ | : | રીટા - જયેશભાઈ, રક્ષા - નિલેશભાઈ |
| પૌત્ર-પૌત્રવધુ | : | રોમિલ - મિનોતી |
| પૌત્રી-પૌત્રી જમાઈ | : | ત્વિષા - હાર્દિકભાઈ |
| પૌત્રી | : | યશ્વી - મનસ્વી |
| દોહિત્ર | : | રોઝીલ, રાજ |
| દોહિત્રી | : | ચૈતી |
| દોહિત્ર - વધુ | : | અદિતિ |
| પ્રદોહિત્રી | : | વિહા - વ્યાંશી |

**ગોપાણી પરિવારના**
**જય જિનેન્દ્ર !**

Advt.

# છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ :
૧૫-૧૦-૧૯૫૯

અરિહંત શરણ
૧૮-૦૩-૨૦૧૯

**(સ્વ.) અ.સૌ. દક્ષાબેન ભરતકુમાર ધોળકીયા**

ઘેઘુર વૃક્ષ સમી એ શીતળ છાંય... હવે ના રહી,
જીવનપથની સુખમય છાંયડી... હવે ના રહી,
હૈયાની હુંફ અને હુંફાળી છાંયા... હવે ના રહી,
અમી સભર નયનોની મીઠી નજર... હવે ના રહી

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ...
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ...
એવા એ દિવ્ય આત્માને શત્ શત્ નમન...

આપની વાત્સલ્યતા, લાગણીશીલ સ્વભાવ નિ:સ્વાર્થ પ્રેમ
સદા હસતો ચહેરો, કુટુંબ પ્રત્યેનો પ્રેમ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વિ.
આપના સદ્‌ગુણો સદાય અમને પ્રેરણા આપતા રહેશે.

આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે, હંમેશા જૈન ધર્મનું શરણ મળે
અને વહેલામાં વહેલા મુક્તિપદ મળે, એવી અમારી પરમાત્માને પ્રાર્થના.

**લી. આપના ગુણાનુરાગી સ્વજનો**

પતિ : ભરતકુમાર મહેન્દ્રકુમાર ધોળકીયા
પુત્ર : હાર્દિક, પુત્રી : શ્રેયા, પુત્રવધુ : નિકિતા

સાસુ : (સ્વ.) મંગળાબેન મહેન્દ્રકુમાર ધોળકીયા
સસરા : (સ્વ.) મહેન્દ્રકુમાર મનસુખલાલ ધોળકીયા

(સ્વ.) મહેન્દ્રકુમાર મનસુખલાલ ધોળકીયા પરિવાર
(સ્વ.) ભોગીલાલ કાળીદાસ શાહ રોજકાવાલા પરિવાર

નિવાસ સ્થાન : ૧૨૦૩ બેલા વિસ્ટા, ચંદાવરકર રોડ,
મ્યુ. ગાર્ડનની સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલી



જન્મતારીખ
૧૯-૦૩-૧૯૩૬

અરિહંતશરણ:
૧૪-૦૩-૨૦૨૪

## સ્વ. મધુબેન ચંદ્રકાંત શાહ (ડેલીવાળા)

લીમડી નિવાસી હાલ અંધેરી

તમારું જીવન અમારી પ્રેરણા હતું. તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા.
અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ, ભાવનાશીલતાને ક્યારેય નહી ભૂલીયે
ઈશ્વર તમારા શુદ્ધ આત્માને શાંતિ આપે. એ જ પ્રાર્થના.

**આપના દિવ્ય આત્માને જન્મો જન્મ જૈનધર્મનું શરણ મળે અને
નવકારનું સ્મરણ રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના**

**પ્રેમાળ સ્મૃતિમાં**

| | | |
|---|---|---|
| પતિ | : | ચંદ્રકાંત વાડીલાલ શાહ |
| પુત્રવધુ - પુત્ર | : | આરતી અતુલ શાહ<br>દીપ્તી સંદીપ શાહ |
| પુત્રી - જમાઈ | : | સ્મીતા મુકેશકુમાર મહેતા<br>જયશ્રી કમલેશકુમાર સંઘવી<br>ભામિની સંજયકુમાર પારેખ |
| પૌત્ર-પૌત્રી | : | નમન અતુલ શાહ, ધ્વની પ્રતીક બુધવાની<br>સલોની હર્ષ બગડીયા, મૈત્રી ધર્મીલ સંઘવી |
| દોહીત્ર-દોહીત્રી | : | દીપ-પૂનમ, કરણ-વિધિ, ઈશાન - નેહા<br>વિરાગ મહેતા, જીનલ દર્શીત મહેતા |

**સમસ્ત ડેલીવાળા પરિવાર તથા મનસુખલાલ માણેકલાલ શાહ પરિવારના જય જીનેન્દ્ર**

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

"ગુરુકૃપા મમ ભવતુ"

પરમ સમીપે

ધર્મભાવનામાં સતત રમણતા



અવતરણ
તા. ૩-૦૧-૧૯૪૭

અરિહંતશરણ
તા. ૯-૦૨-૨૦૨૫

## માતુશ્રી ઉર્મિલાબેન સુરેશભાઈ શાહ

વઢવાણ નિવાસી, હાલ મલાડ

ઉચ્ચ કોટીની ધર્મભાવના, વૈયાવચ્ચની ભાવના તથા ગુરુભક્તિ રગેરગમાં વહેતી.
દયા, સરળતા અને સૌજન્યતા આવા અનેક ગુણોથી સમૃદ્ધ,
વાત્સલ્યમયી સ્વભાવથી આપે દરેકની ચાહના પ્રાપ્ત કરી.

આપનો સમભાવ એટલે :
કષ્ટો સહેવાની તૈયારી છે !
જીનશાસન મેળવવાની ખુમારી છે !
અને મૃત્યુને જીતી ગયા, સંવારી ગયા !!
આપનો મોક્ષમાર્ગ પ્રશસ્ત થાય એ જ પ્રાર્થના !!!

પરિવારના દરેક સદ્સ્યમાં ધાર્મિક સંસ્કારોનું રસપૂર્વક સિંચન કર્યું,
આ માટે પરિવાર સદાય ઋણી અને નતમસ્તક રહેશે.

### આપનો પ્રભુ પરિવાર

પતિ : સુરેશભાઈ ખીમચંદ શાહ (SK)
પુત્રવધુ-પુત્ર : ઉર્વી ચિંતન શાહ
પુત્રી-જમાઈ : કેતકી અમીત શાહ, પૂર્વી કિરણ શાહ
પૌત્રી / દોહીત્રી / દોહિત્ર : માહી, સાન્વી, તન્વી, ભવ્ય

**સ્વ. ખીમચંદ હીરાલાલ શાહ પરિવાર**
**સ્વ. ગંભીરલાલ ચુનીલાલ ડગલી પરિવાર**

Advt.

Printed & Published by Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M. B. Welkar Street, (Kolbhat Lane) Chira bazar, Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad M. Gandhi